સુવિચાર
પોતાની જવાબદારીમાંથી
છટકી શકાય પણ પરિણામોથી
નથી છટકી શકાતું

# સમય મિરર

અર્ધ સાપ્તાહિક પૂર્તિ
મધ્યાન્તર

samaymirror@gmail.com
SAMAY MIRROR (MORNING DAILY)
RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI
RNI NO:-GUJGUJ/2022/84575
Year-3, Issue-183 ■ DATE : 14-5-2025 ■ WEDNESDAY ■ Page-10 ■ વૈશાખ વદ ૨, વિક્રમ સંવંત-2081
■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA BAUG, NEAR SHARDA BAUG, RAJKOT-360001

આદમપુર એરબેઝ પર બહાદુર-વિજેતા

# જયહિન્દની સેનાને PMની સેલ્યુટ

## અમે ઘરમાં ઘુસીને મારીશું – બચવાની એક તક નહીં આપીએ : વડાપ્રધાન મોદીનો લલકાર

**સમય મિરર । નવી દિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અચાનક પંજાબના આદમપુર એરબેઝ ખાતે પહોંચ્યા. પીએમ મોદીની આ એક વિઝિટે પાકિસ્તાનના અનેક જૂઠ્ઠાણાનો પણ પર્દાફાશ કર્યો. અહીં તેમણે વાયુસેનાના બહાદુર જવાનોને સંબોધન કરતા કહ્યું કે પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા નથી જ્યાં આતંકવાદીઓ છૂપાઈ શકે. અમે તેમને ઘરમાં ઘૂસીને મારીશું અને બચવાની તક પણ નહીં આપીએ.

પીએમ મોદીએ કહ્યું કે આજે તમારા પરાક્રમના કારણે ઓપરેશન સિંદૂરની ગૂંજ દરેક ખૂણામાં સંભળાઈ રહી છે. આ ઓપરેશન દરમિયાન દરેક ભારતીય તમારી પડખે રહ્યો...આજે દરેક દેશવાસી પોતાના સૈનિકો, તેમના પરિવારો પ્રત્યે કૃતજ્ઞ છે. ઓપરેશન સિંદૂર કોઈ સામાન્ય સૈન્ય અભિયાન નહતું. તે ભારતની નીતિ, નિયત અને નિર્ણાયક ક્ષમતાની ત્રિવેણી છે. જ્યારે આપણી બહેનો, દીકરીઓના માથેથી સિંદૂર છીનવાયું ત્યારે અમે આતંકીઓના ફનને તેમના ઘરમાં ઘૂસીને કચડી નાખ્યું.

પીએમ મોદીએ કહ્યું કે તેઓ કાયરોની જેમ છૂપાઈને આવ્યા હતા પરંતુ ભૂલી ગયા કે તેમણે જેને લલકારી છે તે હિન્દની સેના છે. તમે તેમને સામેથી હુમલો કરીને માર્યા છે. તમે આતંકના તમામ ઠેકાણાને માટીમાં ભેળવી દીધા. ૯ ઠેકાણા નષ્ટ કર્યા ને ૧૦૦થી વધુ આતંકીઓને માર્યા. આતંકના આકાઓને હવે સમજાઈ ગયું છે કે ભારત તરફ નજર ઉઠાવીને જોવાનો એક જ અંજામ થશે અને તે તબાહી છે.

પીએમ મોદીએ કહ્યું કે આતંક વિરુદ્ધ ભારતની લક્ષ્મણ રેખા એકદમ સ્પષ્ટ છે. હવે પછી કોઈ પણ આતંકવાદી હુમલો થયો તો ભારત જવાબ દેશે, પાક્કો જવાબ આપશે...હવે ઓપરેશન સિંદૂર ભારતનું ન્યૂ નોર્મલ છે. જે પાકિસ્તાની સેનાના ભરોસે આ આતંકીઓ બેઠા હતા, ભારતની સેના, વાયુસેના અને નેવીએ તે પાકિસ્તાની સેનાને ધૂળ ચટાડી દીધી. તમે પાકિસ્તાની ફૌજને દેખાડી દીધુ છે કે પાકિસ્તાનમાં એવું કોઈ ઠેકાણું નથી જ્યાં બેસીને આતંકીઓ રાહતનો શ્વાસ લઈ શકે. અમે ઘરમાં ઘૂસીને મારીશું અને બચવાની એક તક નહીં આપીએ. અમારા ડ્રોન્સ, અમારી મિસાઈલો વિશે વિચારીને તો પાકિસ્તાનને અનેક દિવસો સુધી ઊંઘ નહીં આવે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂરથી તમે દેશનું આત્મબળ વધાર્યું છે. દેશને એકતાના સૂત્રમાં બાંધ્યો



છે અને તમે ભારતની સરહદોની રક્ષા કરી છે. તમે ભારતના સ્વાભિમાનને નવી ઊંચાઈ આપી છે. તમે એ કર્યું જે અભૂતપૂર્વ છે, અકલ્પનીય છે, અદભૂત છે. આપણી એરફોર્સે પાકિસ્તાનમાં અંદર ઘૂસીને આતંકના અડ્ડાઓને ટાર્ગેટ કર્યા. ફક્ત ૨૦-૨૫ મિનિટની અંદર સરહદપાર લક્ષ્યોને ભેદવા, એ ફક્ત આ મોર્ડન ટેક્નોલોજીથી લેસ પ્રોફેશનલ ફોર્સ જ કરી શકે છે. આપણા લક્ષ્ય ફક્ત આતંકી ઠેકાણાઓને હીટ કરવાનો હતા. ભારતની વાયુસેના હવે ફક્ત હથિયારોથી જ નહીં પરંતુ ડેટા અને ડ્રોનથી પણ દુશ્મનોને પછાડવામાં એક્સપર્ટ થઈ ગઈ છે. પાકિસ્તાનની ગુહાર બાદ ભારતે ફક્ત પોતાની સૈન્ય કાર્યવાહી સ્થગિત કરી છે, જો પાકિસ્તાને ફરીથી આતંકી ગતિવિધિ કે સૈન્ય દુસ્સાહસ કર્યું તો અમે તેનો જડબાતોડ જોવા આપીશું. આ જવાબ અમારી શરતો પર અને અમારી રીતે આપીશું.

પીએમએ કહ્યું કે પાકિસ્તાનમાં આતંકી ઠેકાણાઓ અને તેમના એરબેઝ જ તબાહ નથી થયા પરંતુ તેમના નાપાક ઈરાદા અને તેમના દુસ્સાહસ બંને હાર્યા છે. ઓપરેશન સિંદૂરથી અકળાયેલા દુશ્મને આ એરબેઝની સાથે સાથે અનેક એરબેઝ પર હુમલો કરવાની કોશિશ કરી પરંતુ પાકિસ્તાનના નાપાક ઈરાદા દર વખતે નિષ્ફળ ગયા છે. પીએમએ કહ્યું કે, આજે આપણી પાસે નવી ટેકનોલોજીની ક્ષમતા છે, જેનો પાકિસ્તાન સામનો કરી શકતું નથી. વાયુસેના સહિત તમામ દળો પાસે વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજીની પહોંચ છે, નવી ટેકનોલોજી સાથે પડકારો પણ મોટા બને છે. કુશળતા એ છે કે જટિલ અને અત્યાધુનિક સિસ્ટમોને કાર્યક્ષમ રીતે જાળવી રાખવી અને ચલાવવી. તમે સાબિત કર્યું છે કે તમે આ રમતમાં વિશ્વના શ્રેષ્ઠ છો. ભારતીય વાયુસેના માત્ર શસ્ત્રોથી જ નહીં, પરંતુ ડેટા અને ડ્રોનથી પણ દુશ્મનને હરાવવામાં માહિર બની ગઈ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરની દરેક ક્ષણ ભારતીય સશસ્ત્ર દળોની તાકાતનો પુરાવો આપે છે. આ સમય દરમિયાન આપણા દળો વચ્ચેનું સંકલન ખરેખર ઉત્તમ હતું. આર્મી હોય, નેવી હોય કે એરફોર્સ, દરેકનો સમય ખૂબ જ સારો હતો. નૌકાદળ દરિયામાં પ્રભુત્વ ધરાવતું હતું, સેનાએ સરહદો મજબૂત બનાવી હતી, અને વાયુસેનાએ હુમલો અને બચાવ બંને કર્યા હતા. બીએસએફ અને અન્ય દળોએ અદ્ભુત ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું.

તેમણે કહ્યું કે મને ગર્વ છે કે તમે ખૂબ જ કાળજી અને સાવધાની સાથે શાનદાર પ્રદર્શન કર્યું અને નાગરિક વિમાનને કોઈ નુકસાન પહોંચાડ્યા વિના જવાબ આપ્યો. હું ગર્વથી કહી શકું છું કે તમે બધા તમારા લક્ષ્યો સુધી પહોંચ્યા છો. પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણા અને તેમના એરબેઝનો નાશ થયો એટલું જ નહીં, પરંતુ તેમના દુષ્ટ ઈરાદા અને તેમની હિંમત બંનેનો નાશ થયો.

મોદીએ કહ્યું, જ્યારે ભારતીય સૈનિકો જય મા ભારતીના નારા લગાવે છે, ત્યારે દુશ્મનોના હૃદય કંપાય છે. આપણા સૈનિકો દુશ્મનની દિવાલો તોડી નાખે છે. જ્યારે આપણે રાતના અંધારામાં પણ સૂર્ય ઉગાવીએ છીએ, ત્યારે દુશ્મનને ભારત માતા કી જય દેખાય છે. જ્યારે આપણા દળો પરમાણુ બ્લેકમેલના ખતરાને નિષ્ફળ બનાવે છે, ત્યારે આકાશથી જમીન સુધી ફક્ત એક જ વાત ગુંજતી રહે છે – ભારત માતા કી જય. મોદીએ કહ્યું કે, દુનિયાએ હમણાં જ આ સૂત્રની શક્તિ જોઈ છે. ભારત માતા કી જય એ માત્ર નારા નથી. આ દરેક સૈનિકની શપથ છે જે ભારત માતાના સન્માન અને ગરિમા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે. આ દેશના દરેક નાગરિકનો અવાજ છે જે દેશ માટે જીવવા માગે છે અને તેના માટે કંઈક પ્રાપ્ત કરવા માગે છે. આ અવાજ ક્ષેત્રમાં અને મિશનમાં પણ ગુંજતો રહે છે.

### પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા નથી જ્યાં આતંકીઓ બેસીને શાંતિનો શ્વાસ લઈ શકે

### પી.એમ.ની આદમપુરી મુલાકાતથી પાક.ના દાવાનો ફુગ્ગો ફૂટ્યો

પાકિસ્તાને આ એરબેઝને ઉડાવી દેવાનો વાહિયાત દાવો પણ કર્યો હતો, તેથી આદમપુર એરબેઝની મુલાકાત એટલે ખાસ માનવામાં આવે છે. પીએમ મોદીની આદમપુર એરબેઝ મુલાકાતથી પાકિસ્તાના સાત દાવાનો ફુગ્ગો પણ ફૂટી ગયો હતો. દાવો ૧ઃ આદમપુર એરબેઝને નુકસાન પહોંચાડ્યું. હકીકતઃ ભારતનું વીવીઆઈપી પ્લેન આ રન-વે પર સફળતાપૂર્વક ઉતારવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આદમપુર એરબેઝ સંપૂર્ણ રીતે કાર્યરત હોવાથી પાકિસ્તાનનો પહેલો દાવો ખોટો હોવોનું સાબિત થયું. May 13, 2025 દાવો ૨ઃ આદમપુરમાં એસ-૪૦૦ મિસાઈલને તોડી પાડી. હકીકતઃ ભારતની કોઈ પણ એર ડિફેન્સને નુકસાન પહોંચાડવામાં પાકિસ્તાન સફળ રહ્યું નથી, તેમાંય વળી એસ-૪૦૦ મિસાઈલ એકદમ સુરક્ષિત છે. દાવો ૩ઃ આદમપુરની રડાર સિસ્ટમ પર ડ્રોનથી હુમલો હકીકતઃ રડાર સિસ્ટમને પણ કોઈ નુકસાન પહોંચાડી શક્યું નથી. દાવો ૪ઃ તેમની મિસાઈલે ભારતીય વાયુસેનાનું વિમાન તોડી પાડ્યું. હકીકતઃ કોઈ વિમાનને નુકસાન પહોંચ્યું નથી. આદમપુરથી તમામ ઉડાન કોઈ પણ પ્રકારની અડચણ વગર દાવો ૫ઃ આદમપુરમાં મોટી સંખ્યામાં એરકર્મીઓના મોત થયા. હકીકતઃ કોઈનું મોત થયું નથી. તમામ કર્મી સુરક્ષિત છે અને તમામ સેનાના રેકોર્ડમાં છે. દાવો ૬ઃ પાકિસ્તાને આદમપુર એરબેઝની કથિત ક્ષતિગ્રસ્ત સેટેલાઈટ તસવીર શેર કરી હકીકતઃ સેટેલાઈટ નિષ્ણાતો અને એજન્સીએ તસવીર સાથે છેડછાડ કરવામાં આવી હોવાની પુષ્ટિ કરી હતી.

### એરફોર્સનું બીજા ક્રમનું સૌથી મોટું આદમપુર એરબેઝ

આદમપુર એરફોર્સ સ્ટેશન પંજાબના જલંધરથી લગભગ ૨૧ કિલોમીટર દૂર છે. ઉત્તર ભારતમાં બનેલા લશ્કરી એરબેઝમાં એ બીજા ક્રમનું સૌથી મોટું એરફોર્સ સ્ટેશન છે. ભારત-પાકિસ્તાન સરહદ અહીંથી ૧૦૦ કિલોમીટર દૂર છે. ભારતીય વાયુસેનાનું ૪૭મું સ્ક્વોડ્રન આદમપુર એરફોર્સ સ્ટેશન પર તહેનાત છે. એને એરફોર્સના મિગ-૨૯નો બેઝ પણ માનવામાં આવે છે. અહીંની સ્ક્વોડ્રનને બ્લેક આર્ચર તરીકે ઓળખવામાં આવે છે.

# વ્યાપક નુકસાન ન થયુ હોવાનો પાકિસ્તાનનો દાવો જૂઠો સાબિત થયો

## લાહોર-રાવલપિંડીની હોસ્પિટલો પાક.ના ઘાયલ સૈનિકાથી ભરચક્ક

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામ આતંકવાદી હુમલાનો ભારતે ઓપરેશન સિંદૂરથી બદલો લીધો છે, અને હજી પણ આ ઓપરેશન આતંકવાદીઓ સામે ચાલુ જ રહેવાનું છે. આ ઓપરેશન હેઠળ ભારતે ૪૦ થી વધારે પાકિસ્તાની સૈનિકોને માર્યાં હતાં. એટલું જ નહીં પરંતુ ૧૦૦થી વધારે આતંકવાદીઓને પણ મોતને ઘાટ ઉતાર્યાં છે. ભારતની આ કાર્યવાહીને પાકિસ્તાન માનવા માટે તૈયાર નથી. ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનને મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાના અનેક વીડિયો પ્રકાશમાં આવ્યાં છે. ભારતીય સેનાએ પણ સેટેલાઈટ ફોટો બતાવીને પાકિસ્તાનમાં થયેલા નુકસાનની વિગતો આપી હતી.

ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનને નુકસાન થયું છે, તેનો ફરી એક પુરાવો પ્રકાશમાં આવ્યો છે. લાહોર અને રાવલપિંડીની હોસ્પિટલો અત્યારે ઘાયલ જવાનોથી ભરેલી હોવાની તસવીરો વાયરલ થઈ છે. પાકિસ્તાની સેનાના પ્રમુખ આસીમ મુનીર આ ઘાયલ જવાનાના હાલચાલ પૂંછવા માટે ગયાં હતાં. સૂત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે, પંજાબ પ્રાંતની સીએમ અને નવાઝ શરીફની દીકરી મરિયમ લાહોરની હોસ્પિટલમાં દાખલા પાકિસ્તાની સૈનિકોની ખબર પૂછવા માટે પહોંચી હતી. વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળ્યું છે કે, લાહોર અને રાવલપિંડીની હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં પાકિસ્તાની સૈનિકો સારવાર લઈ રહ્યાં છે. આ વીડિયોએ પાકિસ્તાનને દુનિયા સામે બેનકાબ કર્યું છું

પાકિસ્તના પોતાના દેશમાં થયેલા નુકસાનને છુપાવવા માટે પ્રયત્ન કરી રહ્યું છે, પરંતુ સત્ય તો બહાર આવી જ જાય છે. ઓપરેશન સિંદૂર આમ તો માત્ર આતંકવાદીઓ માટે હતું પરંતુ તેમાં પાકિસ્તાની સેનાએ દખલ કરી એટલે તેને પણ ભારતે જડબાતોક જવાબ આપ્યો છે. ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાને ડર્યું અને યુદ્ધવિરામ માટે માની ગયું હતું. આ ઓપરેશનમાં પાકિસ્તાનના અનેક જવાનો ઘાયલ થયા છે, પરંતુ પાકિસ્તાને તેના આંકડા જાહેર નથી કરી રહ્યું. પરિસ્થિતિ ગમે તેવી હોય પરંતુ આતંકવાદ સામે ભારત હવે નમતું નહી રાખે!

# ISRO એક જ વર્ષમાં જાસૂસી ઉપગ્રહ લોન્ચ કરશે

**સમય મિરર । નવી દિલ્હી**

ભારતીય સેનાએ ઑપરેશન સિંદૂરની સફળતાપૂર્વક પાર પાડી પાકિસ્તાનને ધૂળ ચટાવ્યા બાદ ભારતે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. ભારતે અગાઉ ચાર વર્ષમાં ૫૨ જાસૂસી ઉપગ્રહ બનાવવાનો નિર્ણય લીધો હતો, જોકે હવે આ કાર્યક્રમને ઘટાડીને એક વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક મૂકવામાં આવ્યું છે. આ ઉપગ્રહની કામગીરી 'મહત્ત્વાકાંક્ષી અવકાશ-આધારિત દેખરેખ (SBS-૩)' પ્રોગ્રામ હેઠળ આગળ વધારવામાં આવી રહી છે, જેમાં ઈસરો અને ખાનગી ઉદ્યોગ કંપનીઓ સાથે મળીને આ લક્ષ્યાંકને એક વર્ષમાં પૂરો કરશે.

ઈસરો આ પ્રોગ્રામ હેઠળ ૨૧ ઉપગ્રહ બનાવશે, જ્યારે બાકીના ૩૧ ઉપગ્રહની જવાબદારી ત્રણ ખાનગી કંપનીઓ અનંત ટેક્નોલોજીસ, સેંટમ ઈલેક્ટ્રોનિક્સ અને અલ્ફા ડિઝાઇનને સોંપવામાં આવી છે.

સંરક્ષણ મંત્રાલયે આ ત્રણેય કંપનીઓને ૧૨થી ૧૮ મહિનામાં પ્રોગામ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે, તેથી ૩૧ જાસૂસી ઉપગ્રહ ૨૦૨૬ના અંત સુધીમાં અથવા તે પહેલા બનાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. અગાઉ આ લક્ષ્યાં ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો હતો. ભારતના ૫૦ સ્પેસક્રાફ્ટ સતત પડોશી દેશો પર નજર રાખશે, જેથી પાકિસ્તાન અને ચીન જેવા દેશો કોઈપણ કાર્યવાહી કરતા પહેલા બે વાર વિચારશે. આ ઉપગ્રહના કારણે સ્પેસ પાવર તરીકે ભારતની તાકાત વધશે. આ ઉપગ્રહો AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે પણ કનેક્ટેડ હશે, જેથી કોઈ પણ ખોટા કામો સામે ભારતીય સૈન્ય તાત્કાલિક પગલાં લઈ શકે. આ ઉપગ્રહને એટલા માટે લોન્ચ કરવામાં આવશે કારણે કે આસપાસ થઈ રહેલા ફેરફારો પર નજર રાખીને દેશની તાકાતમાં વધારો કરી શકાય.

# POK ખાલી કરે પાકિસ્તાન : ભારતીય વિદેશ મંત્રાલયની સીધી વાત

**સમય મિર । નવી દિલ્હી**

ભારત સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર સંબંધિત કોઈપણ મુદ્દો ફક્ત ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય રીતે ઉકેલાશે, તેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા રહેશે નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે પ્રેસ કોન્ફરન્સ યોજીને કહ્યું કે, 'પાકિસ્તાને ગેરકાયદે રીતે કબજે કરેલ કાશ્મીર (PoK)ને ખાલી કરવું પડશે. ભારત લાંબા સમયથી આ નીતિ પર ચાલી રહ્યું છે અને તેમાં કોઈપણ ફેરફાર થશે નહીં.

વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે ૧૦ મેએ વાતચીત થઈ હતી, ત્યારબાદ બંને યુદ્ધવિરામ પર સંમત થયા હતા. પાકિસ્તાન દ્વારા તે જ દિવસે સવારે ૧૨.૩૭ કલાકે વાતચીત કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. કારણ કે ટેકનિકલ કારણોસર તેઓ હોટલાઈન દ્વારા ભારતનો સંપર્ક કરી શક્યા ન હતા. ત્યારબાદ ભારતીય ડીજીએમઓની ઉપલબ્ધતાના આધારે કોલ ૧૫:૩૫ વાગ્યે નક્કી કરાયો હતો.' ભારતે સ્પષ્ટ કહ્યું છે કે, 'યુદ્ધવિરામ પાકિસ્તાનની મજબૂરી હતી, કારણ કે તે દિવસે સવારે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના મુખ્ય એરફોર્સ ઠેકાણાઓ પર પ્રભાવશાલી હુમલા કર્યા હતા. ભારતીય સેનાની તાકાતના કારણે જ પાકિસ્તાનને ફાયરિંગ અને સૈન્ય કાર્યવાહી અટકાવવા મજબૂત કર્યું હતું.' તેમણે એમ પણ કહ્યું કે, 'અન્ય દેશો સાથેની વાતચીત દરમિયાન ભારતે એક જ સંદેશો આપ્યો છે કે, અમે ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં માત્ર આતંકવાદી અડ્ડાઓને જ નિશાન બનાવી રહ્યા છે. જો પાકિસ્તાની સેના ફાયરિંગ કરશે, તો ભારતીય સેના પણ જવાબ આપશે. જો પાકિસ્તાન અટકશે તો ભારત પણ અટકી જશે. ઓપરેશન સિંદૂર શરૂ કરતી વખતે પાકિસ્તાનને આ જ સંદેશ અપાયો હતો, જોકે તે સમયે પાકિસ્તાને ઓપરેશન સિંદૂરની અવગણના કરી.' અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીર અંગે કરેલા નિવેદન અંગે પૂછવામાં આવ્યું તો વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ભારતનું વલણ સ્પષ્ટ અને અડગ છે કે, જમ્મુ-કાશ્મીર સંબંધીત કોઈપણ મુદ્દો ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે. આ નીતિમાં કોઈપણ ફેરફાર થયો નથી. પાકિસ્તાને ગેરકાયદે કબજે કરેલ ભારતીય ક્ષેત્ર (PoK) ખાલી કરવું પડશે.' વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, 'ભારતીય સેનાએ ૭ મેથી ૧૦ મે સુધી ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું. આ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે માત્ર સેનાની સ્થિતિ અંગે ચર્ચા થઈ છે, વેપાર સંબંધીત કોઈપણ મુદ્દો વાતચીત થઈ નથી.

# ભારતના હુમલા સમયે BLAએ પાકિસ્તાની સૈન્યના 51 સ્થળો પર 71 હુમલા કર્યા 'તા

**સમય મિરર । નવી દિલ્હી**

પાકિસ્તાનના કબજામાંથી બલુચિસ્તાનને છોડાવવાની ઝુંબેશ વધુ ઉગ્ર બની રહી છે. આ ચળવળ ચલાવનારી બલુચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ)એ એક સાથે ૫૧ સ્થળોએ ૭૧ જેટલા હુમલા કર્યા હતા. મોટાભાગના હુમલા પાકિસ્તાની સુરક્ષાદળોના સ્થળોને ધ્યાનમાં રાખી કરાયા છે. આ ઉપરાંત બલુચિસ્તાન આર્મીએ સ્વતંત્રતાની આ લડાઈમાં મદદ કરવા ભારતને પણ વિનંતી કરી છે.

બલુચિસ્તાન લિબરેશન આર્મી દ્વારા એક નિવેદન જાહેર કરીને તેમની આગામી રણનીતી અને તાજેતરના હુમલાની માહિતી જાહેર કરી હતી, આ સંદેશો ભારત અને પાકિસ્તાન બન્ને દેશો માટે જાહેર કરાયો હતો. જેમાં બલુચિસ્તાન આર્મીએ કહ્યું હતું કે હાલ પાકિસ્તાન શાંતિની વાતો કરી રહ્યું છે તે જુઠ છે. પાકિસ્તાન તરફથી કોઇ પણ પ્રકારની શાંતિની કે સીઝફાયરની વાતો તેની યુદ્ધની રણનીતીનો ભાગ છે. પાકિસ્તાનનો ઈતિહાસ આતંકવાદ અને પીઠ પાછળ વાર કરવાનો રહ્યો છે. બલુચિસ્તાન કોઇ મૂક દર્શક નથી.

બીએલએએ આ નિવેદનમાં દાવો કર્યો છે કે તેના સૈનિકોએ પાકિસ્તાનમાં ૫૧ સ્થળોએ ૭૧થી વધુ હુમલા કર્યા છે. આ હુમલા ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદે જે સંઘર્ષ ચાલ્યો તે દરમિયાન કરવામાં આવ્યા હતા. એક તરફ ભારતીય સૈન્ય પાકિસ્તાનને આક્રામક રીતે પછડાટ આપી રહ્યુ હતું જ્યારે બીજી તરફ પાકિસ્તાનમાં બલુચિસ્તાન લિબરેશન આર્મીએ મોરચો સંભાળ્યો હતો અને બલુચિસ્તાનમાં પાકિસ્તાની સૈન્યના અનેક સ્થળોને નિશાન બનાવી હુમલા કર્યા હતા, જેના કેટલાક વીડિયો અને તસવીરો પણ સામે આવી છે. જેમાં પહાડી વિસ્તારોમાંથી બલુચિસ્તાનના સૈનિકોએ પાક. સૈન્યના વાહનોને બોમ્બથી ઉડાવી દીધા હતા. બલુચિસ્તાન આર્મીએ પાક. સામેની પોતાની લડાઇમાં ભારતની મદદ માગી હતી.

### હુમલા પહેલાં 3 લાખની એક એવી 12 સેટેલાઈટ ઈમેજ ખરીદવામાં આવી 'તી

# પહેલગામની સેટેલાઈટ તસ્વીરો ખરીદનારી પાક. કંપનીને અમેરિકાએ પાર્ટનર લિસ્ટમાંથી હટાવી

**સમય મિરર । નવી દિલ્હી**

૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પહેલા આ વિસ્તારની સેટેલાઇટ તસવીરો લેવામાં આવી હતી. યુએસ સ્પેસ ટેક કંપની મેક્સર ટેક્નોલોજીસને પહેલગામ અને આસપાસના વિસ્તારોની હાઈ-રિઝોલ્યુશન સેટેલાઇટ તસવીરો આપવા માટે મોટી સંખ્યામાં ઓર્ડર મળ્યા હતા.


ધ પ્રિન્ટના અહેવાલ મુજબ, ૨ થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ની વચ્ચે, મેક્સાર ટેક્નોલોજીસને ઓછામાં ઓછા ૧૨ ઓર્ડર મળ્યા. આ સામાન્ય સંખ્યા કરતાં બમણી હતી. આ કંપનીના ગ્રાહકોમાં પાકિસ્તાનની બિઝનેસ સિસ્ટમ્સ ઈન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ (BSI) પણ સામેલ હતી. આ કંપનીનું નામ અમેરિકામાં ફેડરલ ગુનાઓ સાથે જોડાયેલું છે. હવે મેક્સાર ટેક્નોલોજીસે BSI સાથેની પાર્ટનરશિપ તોડી છે. જોકે, રિપોર્ટ અનુસાર, ડેટા પરથી એ સ્પષ્ટ નથી કે પહેલગામની સેટેલાઇટ તસવીરોનો ઓર્ડર BSIએ આપ્યો હતો કે નહીં. પહેલગામની સેટેલાઇટ તસવીરોનો ઓર્ડર જૂન ૨૦૨૪થી જ મળવા લાગ્યા હતા. પહેલગામ ઉપરાંત, મેક્સર પોર્ટલની ઍક્સેસથી જમ્મુ અને કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારો જેમ કે પુલવામા, અનંતનાગ, પૂંછ, રાજૌરી અને બારામુલ્લાની સેટેલાઇટ તસવીરો મળી. દરેક સેટેલાઇટ ઈમેજની કિંમત ૩ લાખ રૂપિયાથી શરૂ થાય છે અને રિઝોલ્યુશન મુજબ તેની કિંમત વધે છે. પહેલગામ ઉપરાંત, મેક્સર પોર્ટલની ઍક્સેસથી જમ્મુ અને કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારો જેમ કે પુલવામા, અનંતનાગ, પૂંછ, રાજૌરી અને બારામુલ્લાની સેટેલાઇટ તસવીરો મળી. ૨૨



એપ્રિલના રોજ પહેલગામ હુમલાના પ્લાનિંગ આ ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ તે હજુ સ્પષ્ટ નથી, પરંતુ ભારત મેક્સરને આ ફોટોગ્રાફ્સ કોણે અને શા માટે માંગ્યા હતા તેની તપાસ કરવા કહી શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં પહેલગામની સેટેલાઇટ તસવીરોની સેટેલાઇટ ફ્રીક્વન્સી રેન્જમાં સૌથી વધુ ઓર્ડર મળ્યા હતા. ૧૨, ૧૫, ૧૮, ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીના રોજ તસવીરો ખરીદવામાં આવી હતી. માર્ચમાં કોઈ ઓર્ડર આવ્યો ન હતો. પછી હુમલાના દસ દિવસ પહેલા, ૧૨ એપ્રિલે એક ઓર્ડર મળ્યો હતો. આ પછી, ૨૪ અને ૨૯ એપ્રિલના રોજ પણ તસવીરો માટે બે ઓર્ડર મળ્યા. ત્યાર પછી કોઈ નવો ઓર્ડર મળ્યો નથી. મેક્સાર ટેક્નોલોજીસ તેની શ્રેષ્ઠ સેટેલાઈટ તસવીરો માટે જાણીતી છે. તે ૩૦ભળ થી લઈને ૧૫ભળ સુધીના પિક્સેલ રિઝોલ્યુશન સાથે હાઇ-ડેફિનેશન ઈમેજ બનાવે છે. ભારતમાં, સંરક્ષણ મંત્રાલય અનેઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) સહિત અનેક સરકારી એજન્સીઓ મેક્સાર સાથે સંકળાયેલી છે. ઓછામાં ઓછા ૧૧ ભારતીય સ્પેસ ટેક સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓ મેક્સાર ટેક્નોલોજીસના ગ્રાહકો અને પાર્ટનર છે. આ હાઈ-રિઝોલ્યુશન તસવીરોનો ઉપયોગ સામાન્ય રીતે સૈન્ય દ્વારા શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા માટે કરવામાં આવે છે. આ ઉપરાંત, તેનો ઉપયોગ હથિયારોની તહેનાતી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર નજર રાખવા, ઘૂસણખોરી અને દાણચોરી અટકાવવા માટે પણ થાય છે. યુએસ અધિકારીઓએ આ પહેલા BSIના માલિક ઓબૈદુલ્લાહ સઈદ પર પાકિસ્તાન એટોમિક એનર્જી કમિશન (PAEC)ને અમેરિકાથી ગેરકાયદે રીતે હાઈ પરફોર્મન્સ કમ્પ્યુટર ઈક્વિપમેન્ટ અને સોફ્ટવેર એપ્લિકેશન સોલ્યુશન્સ સપ્લાય કરવાનો આરોપ લગાવ્યા હતા. આ એજન્સી વિસ્ફોટકો અને પરમાણુ શસ્ત્રોના ઘટકો ડિઝાઇન કરવાની સાથે સાથે તેનુ પરીક્ષણ કરે છે. સાથે જ તે બેલિસ્ટિક મિસાઇલો પણ વિકસાવે છે. આ કેસમાં ઓબૈદુલ્લાહને એક વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

# ધ વર્લ્ડ એરાઉન્ડ

## મુન્દ્રા બંદર પર ૨૧ હજાર કરોડના ડ્રગ્સ મામલાના આરોપીના જામીન સુપ્રીમે ફગાવ્યા



**નવી દિલ્હી :** સુપ્રીમ કોર્ટે મુન્દ્રા બંદર પર ડ્રગ્સની તસ્કરી મામલે ધરપકડ કરાયેલા એક બિઝનેસમેનની જામીન અરજી ફગાવી દીધી છે. મંગળવારે કોર્ટે તેની જામીન અરજી ફગાવી દેતા તેને ૬ મહિના પછી જામીન માટે કોર્ટમાં જવાની મંજૂરી આપી છે. આ કેસ ૨૧,૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલો છે. આ કેસમાં દિલ્હીના એક બિઝનેસમેન હરપ્રીત તલવાર સિંહની ધરપકડ કરાઈ હતી, જેની અરજી કોર્ટે ફગાવી દીધી છે. જોકે જસ્ટિસ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે આરોપી હરપ્રીત સિંહ તલવાર ઉર્ફે કબીર તલવારને ૬ મહિના પછી જામીન માટે કોર્ટમાં જવાની મંજૂરી આપી છે. ખંડપીઠે હરપ્રીત તલવાર સામે આતંકવાદી ભંડોળના આરોપને પાયાવિહોણો ગણાવ્યો અને વિશેષ કોર્ટને કેસની સુનાવણી ઝડપી બનાવવા માટે મહિનામાં બે વાર કેસને સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે જામીન અરજી પર પોતાનો ચુકાદો રિઝર્વ રાખ્યો હતો. આ પહેલા રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ કહ્યું હતું કે વેચાણમાંથી મળેલી રકમનો ઉપયોગ લશ્કર-એ-તૈયબાની આતંકવાદી ગતિવિધિમાં નાણાં પૂરા પાડવા માટે કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય રાજધાનીમાં કેટલીક ક્લબ ચલાવતા હરપ્રીત તલવારની એજન્સી દ્વારા ઓગસ્ટ ૨૦૨૨માં ધરપકડ કરવામાં આવી હતી. મુન્દ્રા બંદર પર ૨૧,૦૦૦ કરોડ રૂપિયાની ડ્રગ્સની તસ્કરીને દેશની સૌથી મોટી ડ્રગ્સની તસ્કરી માનવામાં આવે છે. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ કેટલાક કન્ટેનર અફઘાનિસ્તાનથી ઈરાન થઈને મુન્દ્રા બંદર પર પહોંચ્યા હતા, જેમાં સેમી-પ્રોસેસ્ડ ટેલ્ક પથ્થરોથી ભરેલી બેગ હતી. ગુપ્ત માહિતીના આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કન્ટેઈનરની તપાસ કરતા તેમાંથી ૨૧,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતનું ૨૯૮૮.૨૧ કિલો હેરોઈન મળી આવ્યું હતું. તપાસ અધિકારીઓને પાછળથી જાણવા મળ્યું કે, આ છઠ્ઠો અને છેલ્લો કન્સાઈનમેન્ટ હતો જે અટકાવવામાં આવ્યો હતો. આ કેસના સંબંધમાં અફઘાન નાગરિકો સહિત અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી

## ભારતમાં આશ્રય મેળવી રહેલા શેખ હસીનાની પાર્ટી પર બાંગ્લાદેશમાં પ્રતિબંધ

**નવી દિલ્હી :** બાંગ્લાદેશની વચગાળાની સરકારે હકાલપટ્ટી કરાયેલા વડા પ્રધાન શેખ હસીનાની અવામી લીગ પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂકી દીધો છે. બે દિવસ પહેલા મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે પાર્ટીની તમામ પ્રવૃતિઓ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ગૃહ સલાહકાર લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) જહાંગીર આલમે મીડિયાને જણાવ્યું કે, આ સંદર્ભમાં સરકારી નોટિફિકેશન અપાયું છે. બાંગ્લાદેશના ગૃહ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, 'નોટિફિકેશન પ્રમાણે બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ક્રાઈમ ટ્રિબ્યુનલ (ICT-BD) દ્વારા તેના નેતાઓ અને કાર્યકરો સામે ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી આતંકવાદ વિરોધી અધિનિયમ ૨૦૨૫ હેઠળ અવામી લીગ અને તેના સંલગ્ન સંગઠનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.' ગૃહ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, સુધારેલા આતંકવાદ વિરોધી અધિનિયમ ૨૦૨૫ની કલમ ૧૮ સરકારને આતંકવાદ સંબંધિત મામલાના સંદર્ભમાં કોઈપણ સંગઠન અથવા વ્યક્તિ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે છે. આ ઉપરાંત ચૂંટણી પંચ (EC) એ કહ્યું કે અમે અવામી લીગનું રજિસ્ટ્રેશન પણ રદ કરી દીધું છે, જેના કારણે પાર્ટી ચૂંટણી લડવા માટે અયોગ્ય બની ગઈ છે. સરકારી સૂચનાના કલાકો પછી ચૂંટણી પંચના સચિવ અખ્તર અહેમદે જણાવ્યું કે, 'ગૃહ મંત્રાલયે રવિવારે બાંગ્લાદેશ અવામી લીગ અને તેની સાથે જોડાયેલા સંગઠનોની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ જ ક્રમમાં ચૂંટણી પંચે અવામી લીગનું રજિસ્ટ્રેશન રદ કરવાનો નિર્ણય લીધો છે.' મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) એએમએમ નાસિર ઉદ્દીને બે દિવસ પહેલા પત્રકારોને કહ્યું હતું કે, 'આપણે વર્તમાન બાંગ્લાદેશની ભાવના સાથે આગળ વધવાનો નિર્ણય લેવો પડશે.'

## પુત્રીના નામના ફેક FB એકાઉન્ટથી અખિલેશ યાદવ કાળઝાળ, કહ્યું : આ એક ષડયંત્ર છે

**લખનૌ :** યુપીના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ પોતાની પુત્રી અદિતિ યાદવના નામે ફેક ફેસબુક એકાઉન્ટ બનતા ભડક્યા છે. આ અંગેની જાણકારી તેમણે પોતે પોતાના એકાઉન્ટમાં આપતાં કહ્યું હતું કે, 'મારી દીકરી અદિતિ યાદવના નામે એક ફેક ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે. જેમાં વાંધાજનક પોસ્ટ શેર કરવામાં આવી રહી છે. જેની સાથે અમારે કોઈ લેવા-દેવા નથી. આ એક ષડયંત્ર છે.' અખિલેશ યાદવ પોતાની પુત્રીના નામે બનાવેલા ફેક ફેસબુક પેજ અને વિવાદાસ્પદ પોસ્ટનાં કારણે ખૂબ જ ગુસ્સે છે. ૨૪ કલાક પૂરા થયા બાદ, અખિલેશ યાદવે પર એક પોસ્ટ મૂકીને પોતાની નારાજગી વ્યક્ત કરી. અખિલેશે કહ્યું છે કે, '૨૪ કલાક પૂરા થયા. આને અમારી એફઆઈઆર જ સમજવી. આ દરમિયાન મારી નજર એવી ઘણી પોસ્ટ મારા ધ્યાનમાં આવી જે વાંધાજનક છે.' સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે વધુમાં લખ્યું હતું કે, 'કેટલાક અસામાજિક તત્ત્વો પણ અમારા પરિવાર અને પક્ષના નેતાઓ અને અમારી સાથે સંકળાયેલા લોકોના સમાન નામો અને ફોટોગ્રાફ્સનો દુરુપયોગ કરી રહ્યા છે અને ખૂબ જ નિંદનીય સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને કન્ટેન્ટ શેર કરી રહ્યા છે. આવા ફોટોગ્રાફ્સ અને વિચારો સાથે અમારે કોઈ લેવાદેવા નથી. આ બધું એક ષડયંત્ર છે, જેની પાછળ કાં તો કેટલાક દુષ્ટ લોકોનો રાજકીય કે આર્થિક હેતુ છે અથવા તે લોકોની અજ્ઞાનતા છે જેમને ખબર નથી કે કોઈ પોતાના હેતુઓને પૂર્ણ કરવા માટે તેમનો ઉપયોગ કરી રહ્યું છે. જો ભાજપ સરકારનો સાયબર સિક્યુરિટી સેલ ઇચ્છે તો આવા લોકોને ૨૪ કલાકમાં નહીં પણ ૨૪ મિનિટમાં પણ પકડી શકે છે, તે ફક્ત ઉપરથી આદેશની રાહ જોઈ રહ્યા છે.

## ઉતાવળે

- કોલકત્તા એરપોર્ટ પર બોંબની અફવાથી અફડાતફડી : ઈન્ડિગોની ફ્લાઈટ રોકી એકયાત્રીની ધરપકડ
- ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાનાએ રિટાયરમેન્ટ પ્લાન જણાવ્યો : નિવૃત્તિ પછી કોઈ પદ નહીં સંભાળવાનું બયાન
- પદ્મશ્રી કૃષિ વિજ્ઞાની ડો. સુબન્ના અયપ્પનનું શંકાસ્પદ મોત : કાવેરી નદીમાંથી મૃતદેહ મળ્યો
- પહલગામ હુમલાના આતંકીઓના પોસ્ટર જાહેર બાતમી દારને ૨૦ લાખનું ઈનામ, નામ ગુપ્ત રખાશે
- મહારાષ્ટ્રના વાસીમમાં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ : ઘરો–વાહનો પર જોરદાર પથ્થરમારો : પરિસ્થિતિ હાલ કાબુમાં
- જમ્મુ–કાશ્મીરના શોપિયામાં ૩ આતંકી ઠાર એન્કાઉન્ટર ચાલુ : હથિયારોનો જથ્થો મળ્યો

# ફ્રાન્સમાં કાન્સ ફેસ્ટિવલનો પ્રારંભ, ઐશ્વર્યા-આલિયા સહિતની સેલિબ્રિટીનો જલવો દેખાશે

### રાજકોટના કટાર લેખક–પત્રકાર જય વસાવડાને પણ આમંત્રણ

**સમય મિરર | નવી દિલ્હી**

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ફ્રાન્સના કાન્સ શહેરમાં યોજાય છે. આ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત ૧૯૪૬માં થઈ હતી. પ્રતિષ્ઠિત ૭૮મો કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ આજના તા.૧૩ થી ૨૪ મે દરમિયાન યોજાશે.

આ ૧૨ દિવસ દરમિયાન આ ફેસ્ટિવલમાં કેટલીક ભવ્ય ફિલ્મોનું પ્રદર્શન યોજાશે. તો સાથે કેટલીક સેલિબ્રિટીઓ રેડ કાર્પેટ પર ગ્લેમર પાથરશે. દર્શકો ૧૩ મેના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાથી કાન્સની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ફિલ્મ ફેસ્ટિવલનું લાઈવ પ્રદર્શન જોઈ શકશે. આ ફેસ્ટિવલનો ઉદઘાટન સમારોહ રાત્રે ૧૦:૪૫ વાગ્યે શરૂ થશે.

આ વખતે કાન્સમાં ભારતીય સિનેમા માટે ગર્વની ક્ષણ છે. ગયા વર્ષની ગ્રાન્ડ પ્રિકસ વિજેતા ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' ના દિગ્દર્શક પાયલ કાપડિયા આ વખતે કાન્સ ફેસ્ટિવલમાં જ્યુરી સભ્યોમાં સામેલ છે.

આ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા રાય બચ્ચન, સોનમ કપૂર જેવી અભિનેત્રીઓ પહેલા ભાગ લઈ ચૂકી છે ત્યારે આ વર્ષે આલિયા ભટ્ટ અને ફિલ્મ નિર્માતા પાયલ કાપડિયા સહિત અનેક અગ્રણી ભારતીય ફિલ્મ હસ્તીઓ ૭૮મા કાન્સમાં વિવિધ કેટેગરીમાં ભાગ લેશે.

આ ફિલ્મ ફેસ્ટિવલમાં બધાની નજર ઐશ્વર્યા રાય પર છે. તે ૨૦ વર્ષથી વધુ સમયથી આ ફેસ્ટિવલમાં હાજરી આપે છે. પરંતુ આ વખતે આલિયા ભટ્ટ પણ જોવા મળશે. તે લોરિયલ પેરિસના ગ્લોબલ એમ્બેસેડર તરીકે કાન્સના રેડ કાર્પેટ પર જોવા મળશે. આ ઉપરાંત જેકલીન ફર્નાન્ડ–ીઝ અને ઉર્વશી રૌતેલા પણ જોડાશે તેવા અહેવાલ છે.




અભિનેત્રીઓ શર્મિલા ટાગોર અને સિમી ગ્રેવાલ સત્યજીત રેની ૧૯૭૦ ની ક્લાસિક ફિલ્મ 'અરણ્યેર દિન રાત્રિ' ના રિસ્ટોર વર્ઝનના ખાસ સ્ક્રીનિંગમાં હાજરી આપશે. તે જ સમયે અનુપમ ખેરની દિગ્દર્શિત ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ' માર્ચે ડુ ફિલ્મ કેટેગરીમાં પ્રીમિયર થવા જઈ રહી છે. તેઓ પણ આ ઉત્સવમાં ભાગ લઈ શકે છે.

આ વખતે નીરજ ઘેવનની ફિલ્મ 'હોમબાઉન્ડ' પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી છે. ફિલ્મના કલાકારો આ ફેસ્ટિવલ–માં હાજર રહેશે. નિર્માતા કરણ જોહર પણ હાજર રહેશે. આ ઉપરાંત બંને મુખ્ય કલાકારો જાહ્નવી કપૂર અને ઈશાન ખટ્ટર પણ જોવા મળશે. આ ફિલ્મનું પ્રીમિયર ''અન સર્ટેન રિગાર્ડ'' સેકશન હેઠળ થશે.

૧૯૪૬માં કાન્સની શરૂઆતથી જ ત્યાં ભારતીય ફિલ્મો બતાવવાનું શરૂ થયું. કાન્સમાં દર્શાવવામાં આવેલી પહેલી ભારતીય ફિલ્મ 'નીચા નગર' હતી. આ ફિલ્મને 'ગ્રાન્ડ પ્રિકસ ડુ ફેસ્ટિવલ ઈન્ટરનેશનલ ડુ ફિલ્મ' એવોર્ડથી નવાજવામાં આવી હતી.

ગુજરાતમાંથી જાણીકા કટાર લેખક, મોટીવેશનલ સ્પીકર, રાજકોટના જય વસાવડાને ફેસ્ટિવલ–માં ભાગ લેવા માટેનું આમંત્રણ મળ્યું છે. તેમણે જણાવ્યું કે ગુજરાતી ભાષાના તથા ગુજરાતમાંથી મને એકને જ આમંત્રણ મળ્યું છે. આ

ફેસ્ટિવલમાં વિશ્વભરમાંથી પત્રકાર, વિવેચકો આવતા હોય છે. જય વસાવડા રાજકોટના છે તેથી ગુજરાતી ભાષાનું, ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

## મ્યાનમારની સેનાએ પોતાના દેશની શાળા પર જ એરસ્ટ્રાઈક કરી : ૨૦ છાત્રોના મોત

મ્યાનમારમાં સેનાએ પોતાની જ શાળા પર એરસ્ટ્રાઈક કરી દીધી જેમાં ૨૦ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોના મોત થયા છે. આ હુમલો સોમવારે સવારે થયો જ્યારે બાળકો શાળામાં ભણી રહ્યા હતા. હુમલામાં ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. સ્થાનિક મીડિયા અનુસાર આ શાળા લોકતંત્ર સમર્થક આંદોલન સાથે જોડાયેલી હતી. મ્યાનમારની સેનાએ આ હુમલાને લઈને કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલેથી ૧૧૫ કિમી દૂર સગાઈંગ વિસ્તારના એક ગામમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. APના અહેવાલ અનુસાર સ્થાનિકોનો દાવો છે કે ફાઈટર જેટ દ્વારા શાળા પર બોમ્બવર્ષા કરાઈ. આસપાસના ત્રણ ઘરોમાં પણ ભારે નુકસાન થયું. નેશનલ યુનિટી ગવર્નમેન્ટના પ્રવક્તા નાએ ફોન લેટે જણાવ્યું છે કે સેના જાણીજોઇને શાળા, હોસ્પિટલ અને મઠ જેવી જગ્યાઓ પર હુમલા કરે છે. સેના દ્વારા ખોટા દાવા કરવામાં આવે છે કે અહીં બળવાખોરો છૂપાયેલા છે. પરંતુ તેમનો ધ્યેય લોકોને ડરાવીને રાખવાનો છે. નોંધનીય છે કે મ્યાનમારની સેના પર ઘણીવાર પોતાના જ દેશના નાગરિકો પર એરસ્ટ્રાઈક કરવાનો આરોપ અગાઉ પણ લાગી ચૂક્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં પણ આ જ વિસ્તારમાં એક શાળામાં હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૭ બાળકો સહિત ૧૩ લોકોના મોત થયા હતા. ૨૦૨૩માં એક સમારોહમાં હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૧૬૦ લોકોના મોત થયા હતા.

## શનિવારથી IPL ઈઝ બેક : નવુ શિડ્યુલ જાહેર, ૩ જુને ફાઈનલ

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તનાવને કારણે અધુરી રહી ગયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની બાકી રહેલી મેચોનો ૧૭મીથી પ્રારંભ થશે. જયારે ફાઈનલ મેચ ત્રીજી જુને રમાશે. બીસીસીઅ–ાઈએ મોડી રાત્રે આ લીગના નવા કાર્યક્રમની જાહેરાત કરી હતી જેમાં બાકી રહેલી લીગ મેચો અલગ અલગ છ સ્ટેડીયમ પર રમાશે.

નવા કાર્યક્રમ મુજબ બાકીની મેચો બેંગ્લોર, જયપુર, દિલ્હી, લખનૌ, મુંબઈ અને અમદાવાદમાં રમાશે. ગુજરાત ટાઈટન્સ તેની બે મેચ ૨૨ અને ૨૩મી મે એ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે રમાશે જયારે એક મેચ ૧૮મી મે એ દિલ્હી કેપીટલ્સ સામે નવી દિલ્હી ખાતે રમાશે. ગુજરાત તેના ઘરઆંગણે ૨૨મીએ લખનૌ સુપર જાયન્ટસ અને ૨૫મીએ ચેન્નાઈ સુપર કીંગ્સ સામે રમાશે. ૨૯મી મે એ કવોલિફાયર-૧ અને ૩૦મીએ એલિમિનેટર મેચ રમાયા બાદ પહેલી જૂને બીજી કવોલિફાયર અને ત્રીજી જૂને ફાઈનલ મેચ રમાશે. જો કે આ માટેના સ્થળની હવે પછી જાહેરાત કરાશે. બીસીસીઆઈએ આ અંગે ભારત સરકાર તથા વિવિધ સુરક્ષા એજન્સીઓ અને ફ્રેન્ચાઈઝીઓ તથા બ્રોડકાસ્ટર્સ સાથે લાંબી મસલત કર્યા બાદ સોમવારે સાંજે આ જાહેરાત કરી હતી. ગયા સપ્તાહે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર તનાવ વધવાને કારણે પંજાબ કિંગ્સ અને દિલ્કે કેપીટલ્સ વચ્ચેની ધરમશાલા ખાતેની મેચ અધવચ્ચે અટકાવી દેવાઈ હતી. હવે આ મેચ ૨૪મી મે એ જયપુર ખાતે રમાશે. આ દરમિયાન બે રવિવાર આવતા હોવાથી બંને રવિવારે બે બે મેચ રમાશે. આ સિવાયના દિવસોમાં એક એક મેચ રમાશે.

## જેસલમેરમાં બોર્ડર પાસેથી મિસાઈલ જેવી શંકાસ્પદ વસ્તુ મળી

**સમય મિરર | જયપુર**

મંગળવારે રાજસ્થાનમાં ભારત–પાકિસ્તાન સરહદ નજીક એક મિસા–ઈલ જેવી વસ્તુ મળી આવી હતી. પોલીસે તેને પોતાના કબજામાં લઈ લીધું છે અને સેનાને જાણ કરી છે. બીજી તરફ, એરપોર્ટ કાર્યરત થયા પછી પણ, બિકાનેરથી કોઈ ફ્લાઈટ ગઈ નથી કે આવી નથી.

બિકાનેર, કિશનગઢ (અજમેર) અને જોધપુરના એરપોર્ટ કાર્યરત થઈ ગયા છે. એર ઈન્ડિયાએ ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી હતી અને આજ (૧૩ મે) માટે જોધપુરની ફ્લાઈટ સેવા રદ કરી હતી. ઈન્ડિગોની સવારની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હોવાના અહેવાલ છે.

આજથી (મંગળવાર) જોધપુર, બિકાનેર, બાડમેર, જેસલમેર અને શ્રીગંગાનગરમાં શાળાઓ, કોલેજો,



યુનિવર્સિટીઓ, આંગણવાડી કેન્દ્રો અને કોચિંગ સેન્ટરો ખુલી ગયા છે. મંગળવારે સવારે લગભગ ૧૧ વાગ્યે, જેસલમેર વહીવટીતંત્રે શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાનો આદેશ જારી કર્યો. સવારથી જ શાળા અને કોચિંગ સંચાલકોમાં મૂંઝવણની સ્થિતિ હતી. સરહદી જિલ્લાઓ બિકાનેર, જેસલમેર, બાડમેરમાં હવે કોઈ બ્લેકઆઉટ રહેશે નહીં.

બીજી તરફ, (સોમવારે) રાત્રે રાજસ્થાનના સરહદી જિલ્લા બાડ–મેરના એક ગામમાં ડ્રોન જોવા મળ્યા હતા, જેને ભારતીય વાયુ સંરક્ષણ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. ઝુનઝુનુ જિલ્લાના ચિદિવા, પિલાની, સિંઘાના, બુહાના અને આસપાસના વિસ્તારોમાં આકાશમાં શંકાસ્પદ વસ્તુઓ જોવા મળી હોવાના અહેવાલો મળ્યા હતા. આ પછી, કલેક્ટરના આદેશ પર થોડા સમય માટે બ્લેકઆ–ઉટ કરવામાં આવ્યું હતું.

## અમેરિકામાં ઝાડ સાથે કાર અથડાતાં એક ગુજરાતી સહિત બે ભારતીય છાત્રોના મોત

**સમય મિરર | નવી દિલ્હી**

ભારતીય કોન્સ્યુલેટે મંગળવારે જણાવ્યું હતું કે, ન્યુ યોર્કમાં એક જીવલેણ માર્ગ અકસ્માતમાં ક્લેવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. પીટીઅ–ાઈના અહેવાલ મુજબ, વિદ્યાર્થીઓની ઓળખ માનવ પટેલ (૨૦) અને સૌરવ પ્રભાકર (૨૩) તરીકે થઈ છે.

લેન્કેસ્ટર કાઉન્ટી કોરોનર ઓફિસ અનુસાર, ૧૦ મેના રોજ પૂર્વ કોકાલિકો ટાઉનશીપમાં થયેલા અકસ્માત સમયે પ્રભાકર કાર ચલાવી રહ્યો હતો. પ્રભાકર અને પટેલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે આગળની સીટ પર બેઠેલા અન્ય એક મુસાફરને ઈજા પહોંચી હતી અને તેને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ સીસીટીવી ફૂટેજ દર્શાવે છે કે વાહન રસ્તા પરથી ઉતરી ગયું, એક ઝાડ સાથે અથડાયું અને પછી પુલ સાથે અથડાયું. ન્યુયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ક્લેવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીમાં બે ભારતીય વિદ્યાર્થી ઓના દુઃખદ મૃત્યુ પર ''ઊંડો શોક'' વ્યક્ત કર્યો છે. X પર એક નિવેદનમાં, કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે તે વિદ્યાર્થી ઓના પરિવારો સાથે સંપર્કમાં છે અને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે.

કોન્સ્યુલેટે પર લખ્યું, ''ક્લીવ–લેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના બે ભારતીય વિદ્યાર્થીઓ, માનવ પટેલ અને સૌરવ પ્રભાકરના મૃત્યુ પામેલા દુર્ભાગ્યપૂર્ણ માર્ગ અકસ્માત વિશે જાણીને ખૂબ દુઃખ થયું,'' નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ''આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થના તેમના પરિવારો સાથે છે. કોન્સ્યુલેટ પરિવારો સાથે સંપર્કમાં છે અને તેમને શક્ય તમામ સહાયની ખાતરી આપી છે,'' કોરોનરના રિપોર્ટ (જે મૃત્યુનું કારણ અને રીતની તપાસ કરે છે) માં જણાવાયું છે કે બંને વિદ્યાર્થીઓના મૃત્યુ અનેક ઇજાઓથી થયા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મૃત્યુ આકસ્મિક હતા.

## નૈઋત્યનું ચોમાસુ બંગાળના અખાતમાં પહોંચ્યુ : ૨૭મીએ કેરળમાં પ્રવેશ

**સમય મિરર | નવી દિલ્હી**

દેશમાં કાળઝાળ ગરમી અને માવઠાની સ્થિતિ વચ્ચે નૈઋત્યનુ ચોમાસુ તેના એડવાન્સ શેડયુલ મુજબ આગળ વધી રહ્યું છે અને આજે મંગળવારે ચોમાસાએ બંગા–ળના અખાતમાં નિકોબારના ટાપુઓ, બંગાળની ખાડી, દક્ષિણ આંદામાન સાગર અને ઉત્તર આંદામાનના સમુદ્રમાં પહોંચી ગયું છે.

નૈઋત્યનુ ચોમાસુ ફકત વહેલુ તા.૨૭ના કેરળ પહોંચશે અને તેની આગળ વધવાની ઝડપ પણ વધે તો હવામાન વિભાગના જણાવ્યા મુજબ સામાન્ય રીતે તા.૧૫ જૂન બાદ નૈઋત્યનું ચોમાસુ ગુજરાત પહોંચે છે પણ આ વર્ષે તે ગુજરાતમાં વહેલુ પહોંચી જશે.

તા.૧૦થી૧૧ જૂન આસપાસ ગુજરાત પહોંચી જશે અને તા.૧૨ જૂન તેની અસર દક્ષિણ ગુજરાતમાં જોવા મળશે અને ઝડપથી તે પુરા રાજયને 'કવર' કરી લેશે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, ગુજરાત સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થશે અને તે સામાન્યથી વધુ વરસાદ હશે. એક તરફ સારો વરસાદ કૃષી ક્ષેત્ર માટે સારા સમાચાર છે. બીજી તરફ ભારે વરસાદથી થોડી નુકશાની માટે પણ તૈયાર રહેવું પડશે.

ગુજરાતમાં ગત સપ્તાહમાં કેટલાક ક્ષેત્રોમાં જે 'માવઠા'ની સ્થિતિ બની તેનાથી સરેરાશ ૩૧ મી.મી. વરસાદ પડી ગયો છે. ગત વર્ષે પણ કેરળમાં તા.૩૦ મે ના રોજ ચોમાસુ પહોંચ્યા પછી ઝડપથી આગળ વધી ગયુ હતુ અને તા.૧૦ જૂન સુધીમાં પુરા ગુજરાતને 'કવર' કરી લીધુ હતુ.

દેશમાં પણ તા.૨૭ જૂન સુધીમાં પુરી રીતે પહોંચી ગયુ હતું. હવામાન વિભાગે હવે પ્રી–મોનસુન એકટીવીટીમાં હરિયાણા, છતીસગઢ સહિત ૨૩ રાજયોમાં આંધી તોફાન સાથે વરસાદની ધારણા છે.

## પશ્ચિમ આફ્રિકાના બુકિનાફાસો દેશમાં આતંકી હુમલો ૧૦૦થી વધુના મોત : મોટાભાગના સૈનિકો

**સમય મિરર | નવી દિલ્હી**

પશ્ચિમ આફ્રિકાના દેશ બુકિના ફાસોમાં એક મોટો આતંકવાદી હુમલો થયો છે જેમાં ૧૦૦ થી વધુ લોકોના મોત થયા હોવાની શક્યતા છે. જેમાં મળતી માહિતી અનુસાર માર્યા ગયેલા મોટાભાગના સૈનિકો હતા. આ હુમલો રવિવારે સવારે થયો હતો. આતંકી જૂથે અનેક સ્થળોને નિશાન બનાવ્યા હતા. જેમાં એક લશ્કરી કેમ્પ અને જીબો શહેરનો સમાવેશ થાય છે.

બુકિનાના ફાસોના ઉત્તરી ભાગમાં થયેલો આતંકવાદી હુમલો અલ–કાયદા સાથે જોડાયેલા જેહાદી જૂથ જમાત નસર અલ–ઈસ્લામ વાલ–મુસ્લિમીન અથવા JNIM દ્વારા કરવામાં આવ્યો હતો. આ સંગઠને આ આતંકવાદી હુમલાની જવાબદારી પણ લીધી છે. આ આતંકવાદી સંગઠન આફ્રિકાના સાહેલ ક્ષેત્રમાં સક્રિય માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, બુકિના ફાસો હિંસક ઉગ્રવાદ માટે હંમેશા ચર્ચામાં રહ્યું છે.

બુકિના ફાસોની વસ્તી લગભગ ૨૩ મિલિયન છે. આ દેશ આફ્રિકાના સાહેલ ક્ષેત્રમાં સ્થિત છે. જે હાલમાં સુરક્ષા સંકટથી ખરાબ રીતે પ્રભાવિત છે. આતંકવાદીઓએ સવારે ૬ વાગ્યે અલગ અલગ સ્થળોએ એક સાથે આતંકવાદી હુમલાઓ શરૂ કર્યા હતા. બુકિના ફાસોની વાયુસેનાને નુકસાન પહોંચાડવા આતંકવાદીઓએ એક સાથે આઠ વિસ્તારોમાં હુમલો કર્યો હતો. ન્યૂઝ એજન્સી અનુસાર, આતંકવાદીઓએ જીબો શહેરમાં મુખ્ય હુમલો કર્યો હતો. આતંકીઓએ શહેરના તમામ એન્ટ્રી પોઈન્ટ કબજામાં લીધા છે. તેની બાદ લશ્કરી કેમ્પ અને આતંકવાદ વિરોધી એકમના કેમ્પ પર હુમલો કર્યો.

આ પૂર્વે પણ જીબો શહેર પર હુમલો થયો હતો. પરંતુ તે પછી સુરક્ષા દળોએ ઉગ્રવાદીઓને સફળ–તાપૂર્વક ભગાડી દીધા હતા.

## પાકિસ્તાનના મદદગાર ચીન પર ભારતે ટેરિફ બોંબ ઝીંક્યો

### ચીનથી આયાતી ઉત્પાદનો પર એન્ટિડમ્પીંગ ડ્યૂટી લાદી

**સમય મિરર | નવી દિલ્હી**

ભારતનો પાક. સાથે સરહદે તનાવ તો ખતમ થઈ ગયો, પરંતુ ભારતે પાક.ને સમર્થન આપનારા દેશોને લક્ષ્યાંક બનાવવા માંડયા છે. ભારતે ચીન પર ટેરિફ બોમ્બ ફોડતા ચીનમાંથી આયાત થતાં ટાઈટેનિયમ ડાયોક્સાઈડ પર એન્ટી ડમ્પિંગ ડયુટી લગાવી છે. આ ડયુટી આગામી પાંચ વર્ષ માટે લગાવાઈ છે. નાણા મંત્રાલયે પ્રતિ ટન ૪૬૦થી ૬૮૧ ડોલર વચ્ચેની એન્ટી ડમ્પિંગ ડયુટીને નોટિફાઈ કરી છે.

આ નિર્ણય ભારતના ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (ડીજીટીઆર) દ્વારા લેવામાં આવ્યો છે. ટાઈટેનિયમ ઓક્સાઈડનો ઉપયોગ લગભગ બધા જ ઉદ્યોગોમાં કરવામાં આવે છે. તેમા પેઈન્ટ, પ્લાસ્ટિક, કાગળ, ખાદ્ય ઉદ્યોગ સામેલ છે. આના પગલે તેની સાથે સંલગ્ન ભારતીય કંપનીઓ પર આ ચુકાદાની અસર જોવા મળશે. તેમા પણ ખાસ કરીને પેઈન્ટ્સ સાથે જોડાયેલી કંપનીઓ એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, શાલિમાર પેઈન્ટ્સ સહિત અન્ય કંપનીઓ ફોકસમાં રહેશે.

આ ઉપરાંત ગ્લોબલ ટ્રેડ વોરના મુદ્દે અમેરિકા અને ચીન વચ્ચે ચાલતી તનાતની પૂરી થઈ ગઈ છે. અમેરિકન



ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ મુજબ તેમણે ચીન સાથે બે દિવસની બેઠક બાદ સમજૂતી કરી છે. તેના લીધે અમેરિકાને ચીન સાથે ૧.૨ ટ્રિલિયન ડોલરની મહેસૂલી ખાધ ઘટાડવા માટે મદદ મળશે. જો કે તેના કારણે વેપાર ખાધમાં ઘટાડો થશે કે નહીં તેનો ખુલાસો કર્યો નથી. આ ઉપરાંત ટેરિફમાં ઘટાડા અંગે પણ કોઈ સ્પષ્ટ જાહેરાત કરી નથી.

આમ સરહદ પર પાકિસ્તાન સાથેનો તનાવ ખતમ થયા પછી ભારતે તેને સમર્થન આપનારા દેશોને લક્ષ્યાંક બનાવવાનું શરૂ કરી દીધું છે. ભારતનું આગામી લક્ષ્યાંક તુર્કી હોય તો નવાઈ નહીં લાગે.

## અમૃતસરમાં લઠ્ઠો ૧૫ દારૂડિયાને ભરખી ગયો : ૬ની હાલત ગંભીર

**સમય મિરર | નવી દિલ્હી**

પંજાબના અમૃતસર જિલ્લાના મજીઠામાં સોમવારે (૧૨મી મે) રાત્રે ઝેરી દારૂ પીવાથી ૧૫ લોકોના મોત થયા છે. જ્યારે ૫ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મોટાભાગના મૃતકો ભાંગલી અને મરારી કલાન ગામના રહેવાસી છે. મજીઠા પોલીસ સ્ટેશનના એસએચઓ અવતાર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી ૧૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.'

અમૃતસરના એસએસપી મનિન્દર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થયા છે. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે પ્રભજીત સિંહની ધરપકડ કરવામાં આવી છે. જે ઝેરી દારૂ સપ્લાય કરવા પાછળનો મુખ્ય સૂત્રધાર છે. તેમની સામે એક્સાઈઝ એક્ટની કલમ




૧૦૫ ઈગજ અને ૬૧અ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રભજીતના ભાઈ કુલબીર સિંહ ઉર્ફે જગ્ગુ અને સાહિબ સિંહ ઉર્ફે સરાઈ, ગુરજંત સિંહ, નિંદર કૌરની પણ ધરપકડ કરવામાં આવી છે.'

ઝેરી દારૂ નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે. સરકારે દારૂ માફિયાઓ સામે કડક તપાસના આદેશ આપ્યા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ સર્જાયો છે.

મૃતકોની ઓળખ મેજર સિંહ, સરબજીત સિંહ, સિકંદર અને પન્ના તરીકે થઈ છે. જ્યારે, અન્ય વ્યક્તિઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પછી, નજીકના ગામ ભાંગલી કલાનમાંથી પણ આવી જ ઘટનાઓ નોંધાઈ હતી. ત્યાં પણ પહેલા પીડિતોના અવાજો દબાવવામાં આવ્યા, પછી ૩ લોકો મૃત્યુ પામ્યા. તેમાં રમન, રોમી અને બલબીર સિંહનો સમાવેશ થતો હતો. બાકીના લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, પરંતુ મૃત્યુઆંક વધતો જ રહ્યો.

# બેડી યાર્ડમાં અંતે હડતાળનો અંત

## ફૂલેકાબાજ ઢોલરિયા બંધુ પાસેથી ૧૪૫ એજન્ટના સલવાયેલા ૧૯ કરોડમાંથી મહત્તમ રિકવરી કરી આપવા પોલીસની ખાતરી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ માર્કેટયાર્ડમાં ૧૭-૧૯ કરોડનુ ફુલેકુ ફેરવીને ફરાર થઈ ગયેલા બીપીન ઢોલરીયા તથા નિતેષ ઢોલરીયા બંધૂ પોલીસના સકંજામાં આવી તો આવી ગયા છે પરંતુ ૧૪૫થી વધુ ભોગ બનનાર કમિશનર એજન્ટોને હજુ સુધી તેના પૈસા મળ્યા નથી. આ ફૂલેકા પ્રકરણને લઈને માર્કેટિંગ યાર્ડમાં છેલ્લાં છ દિવસથી હડતાળ ચાલી રહી હતી. શાકભાજી સિવાયના તમામ વિભાગોમાં સોદા બંધ હતા. અંતે પોલીસે કમિશન એજન્ટ એસોસિએશનને એવી ખાતરી આપી છે કે, તેમના પૈસા સલવાયા છે તે નીકળી જશે. આ ખાતરીના પગલે અંતે આજે આટલા દિવસે હડતાળનો સુખદ અંત આવ્યો હતો.

માર્કેટયાર્ડની વર્ષો જુની પેઢી જે.કે.કંપનીના ભાગીદાર બંધુ બીપીન ઢોલરીયા તથા નિતેષ ઢોલરીયા કમીશન એજન્ટોના ૧૭.૧૯ કરોડ ચુકવ્યા વિના નાસી ગયા હતા.



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

યાર્ડના ૧૪૫ કમીશન એજન્ટોની ૧૭ કરોડથી વધુની રકમ સલવાઈ ગઈ હોવાના કારણોસર તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. કમીશન એજન્ટોને નિયમિત ધંધો કરવા નાણાનું રોટેશન જરૂરી હોય છે. આ જ કારણોસર કામકાજ બંધ રાખ્યા હતા. અને જ્યા સુધી ફૂલેકાબાજ ઢોલરિયા બંધુ પાસે સલવાયેલુ લેણુ નીકળે નહીં ત્યા સુધી યાર્ડમાં હડતાળ યથાવત રાખવા અડગ એલાન કર્યુ હતુ. આરોપીઓ પકડાયા બાદ આજે પોલીસ અને એજન્ટ એસોસિએશન વચ્ચે વાટાઘાટ ચાલી હતી અને પોલીસે એવી ખાતરી આપી હતી કે, તેમની સલવાયેલી રકમ પરત મળી જશે. આ ખાતરીના પગલે અંતે આજે ૬ દિવસની હડતાળનો અંત આવ્યો હતો.

### સોમવારે રાત્રે પંજાબ સહિતના સરહદી વિસ્તારમાં ફરી ડ્રોન દેખાયાની ચર્ચા

# રાજકોટ-જામનગર સહિત ૮ શહેરની ફ્લાઈટ એર ઈન્ડિયા-ઈન્ડિગોએ બંધ કરી

## આજે શિડ્યુલ મુજબ ફ્લાઈટ ચાલુ કરાશે કે કેમ? કંપનીની એપ્લિકેશન પર ઓનલાઈન સ્ટેપ્સ જોવા

**સમય મિરર | રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ઔપચારિક યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો હોવા છતાં, તણાવની સ્થિતિ હજુ પણ યથાવત છે. સોમવારે રાત્રે પંજાબ સહિત ઘણા સરહદી વિસ્તારોમાં ડ્રોન જોવા મળ્યાના અહેવાલો આવ્યા હતા, ત્યારે સુરક્ષાને ધ્યાનમાં રાખીને, ઈન્ડિગો અને એર ઈન્ડિયાએ આઠ મોટા શહેરોની ફ્લાઇટ્સ રદ કરી છે. જેમાં શ્રીનગર, જમ્મુ, અમૃતસર, ચંદીગઢ અને ત્રણ અન્ય શહેરોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં રાજકોટ, જામનગર,




ભૂજની પણ ફ્લાઈટ રદ કરી છે.

એર ઈન્ડિયાએ જમ્મુ, લેહ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર, ચંદીગઢ, રાજકોટની બે-માર્ગી ફ્લાઇટ કામગીરી રદ કરી છે. જયારે ઈન્ડિગોએ જમ્મુ, અમૃતસર, ચંદીગઢ, લેહ, શ્રીનગર અને રાજકોટની ફ્લાઇટ્સ રદ કરી છે. ઉડ્ડયન કંપનીએ સોમવારે રાત્રે ૧૧:૩૮ વાગ્યે પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સરહદી વિસ્તારોની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને તમારી સલામતીને અમારી ટોચની પ્રાથમિકતા માનીને, જમ્મુ, અમૃતસર, ચંદીગઢ, લેહ, શ્રીનગર અને રાજકોટ જતી ફ્લાઇટ્સ ૧૩ મે, ૨૦૨૫ સુધી રદ કરવામાં આવી છે. એરલાઈને એમ પણ કહ્યું કે તેની ટીમ પરિસ્થિતિ પર સક્રિયપણે નજર રાખી રહી છે.

કંપનીએ તેની ટ્રાવેલ એડવાઈઝરીમાં કહ્યું છે કે, આ નિર્ણય લોકોના ટ્રાવેલ પ્લાનને બગાડશે અને તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય જરૂરી છે. ઈન્ડિગોએ તેના મુસાફરોને એરપોર્ટ જતા પહેલા કંપનીની વેબસાઇટ અથવા એપ્લિકેશન પર તેમની ફ્લાઇટ સ્ટેટસ તપાસતા રહેવા જણાવ્યું છે. પાકિસ્તાન સાથે સંઘર્ષના કારણે બંધ કરવામાં આવેલા કુલ ૩૨ એરપોર્ટ ફરીથી મુસાફરો માટે ખોલી દેવામાં આવ્યા છે.

# રાજકોટ જિલ્લામાં પાણીપુરવઠાના રૂા. ૪૪.૨૪ લાખના કામ મંજુર

## કલેક્ટરની અધ્યક્ષતામાં મળી બેઠક, પડધરી માટે ૧૮.૫૬ લાખના કામ થશે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઈન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટેની જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૪૪,૨૪,૪૨૧ના ૨૪ વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી પડધરી તાલુકાની રૂ. ૧૮,૫૬,૫૦૦ના વિકાસ કાર્યોની સૈદ્ધાંતિક મંજૂરીનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા જળ જીવન મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવેલી નવીન વેબસાઈટમાં રાજકોટ જિલ્લાની વિગતોની નોંધણી, વોટર ક્વોલિટી સહિતની વિવિધ વિગતોના નિદર્શન સાથે બેઠકમાં વાસ્મો દ્વારા શાળા-આંગણવાડી ખાતે પાણીની વ્યવસ્થા, વોટર ક્વોલિટી ટેસ્ટ, પંપ ઓપરેટરોને હેડવર્ક ખાતે આપવામાં આવતી તાલીમ અને પ્રગતિ હેઠળની યોજનાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, અધિક નિવાસી કલેક્ટર એ.કે.ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, ડી.આર.ડી.એ.ના નિયામક એ.કે. વસ્તાણી, રૂડાના ચેરમેન જી.વી. મિયાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર અને વિમલ ચક્રવર્તી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર અંકિત ગોહેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# RMCમાં ટેન્ડર પ્રક્રિયામાં ગોલમાલ!

## ખુદ શાસક પક્ષના સભ્ય નેહલ શુકલ ફરી ઓન ફાયર : બોર્ડમાં 'પાછલા બારણે'થી પોલ ખોલતો પ્રશ્ન જનરલ બોર્ડમાં મુક્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડના શાસકપક્ષના કોર્પોરેટરો અને વિપક્ષના કોર્પોરેટરો દ્વારા પ્રજાલક્ષી પ્રશ્નો પુછવામાં આવતા હોય છે. જનરલ બોર્ડની તારીખ જાહેર થયા બાદ પ્રશ્નોતરી માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. તે દરમિયાન દરેક કોર્પોરેટરે પોતાનો પ્રશ્ન રજૂ કરવો પડે છે અને ત્યાર બાદ સંકલનની બેઠક બોલાવવામાં આવે છે. પરંતુ ભાજપના કોર્પોરેટર નેહલ શુકલ દ્વારા આજે ફરી વખત સંકલનની બેઠક સમાપ્ત થયા બાદ છેલ્લે છેલ્લે મનપાના તમામ ટેન્ડરો અંગે પ્રશ્નો પુછી



તેમજ ફાયર એનઓસી મુદ્દે પેટા પ્રશ્નો પુછી ટેન્ડર પ્રક્રિયા પર શંકા વ્યક્ત કરી હોય તેમ પાછલા બારણેથી પ્રશ્ન મુકતા ચકચાર મચી ગઈ છે.

તા. ૨૦મીના રોજ જનરલ બોર્ડ હોવાથી પ્રશ્નોતરી માટે ભાજપના ૧૨ કોર્પોરેટરો દ્વારા ૧૯ પ્રશ્નો રજૂ કરાયા છે. તેમજ કોંગ્રેસના એક કોર્પોરેટર મારફતે ત્રણ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે. પ્રશ્નોતરીનો સમય પૂર્ણ થયા બાદ નેહલ શુકલ દ્વારા આ વખતે પણ બન્ને પ્રશ્નો શંકાસ્પદ પુછવામાં આવ્યા છે અને તેના જવાબમાં મોટા કડાકા થવાની સંભાવના જોવાઈ રહી છે. નેહલ શુકલ દ્વારા પ્રથમ પ્રશ્ન પુછવામાં આવેલ જેમાં ફાયર એનઓસી મેળવવા અંગેના નિયમોની સંપૂર્ણ માહિતી આપશો.નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં આ એનઓસી મેળવવા અંગેની કેટલી અરજી હાલ પેન્ડીંગ છે અને કેટલી નામંજુર કરવામાં આવી તે જણાવશો.

આ ઉપરાંત છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ સુધીમાં કોર્પોરેશનની વિવિધ બ્રાંચ દ્વારા રૂા. ૨૦ લેખે કે તેથી વધુની રકમના ટેન્ડર બહાર પાડ્યા હોય કે મંજુર કરવામાં આવ્યા હોય તેવા દરેક ટેન્ડર અંગેની માહિતી આપશો કે જેમાં ટેન્ડર જે તારીખે પબ્લીશ કર્યુ હોય તે તારીખ અને ત્યાર બાદ તેના જે તારીખ પર ટેક્નીકલ અને પ્રાઈઝ ખોલવામાં આવ્યા હોય તે તારીખ અને ત્યાર બાદ વર્કઓર્ડર આપ્યાની તારીખ અને ત્યાર બાદ ટેન્ડરથી અધિકૃત થયે એજન્સીને તે ટેન્ડરની રકમનું જેટલી વાર ચુકવણુ કરવામાં આવ્યું હોય તેની તારીખ સાથેની વિગતો સમાવિષ્ઠ કરીને બ્રાંચ વાઈઝ અને નાણાકીય વર્ષ વાઈઝ અલગ અલગ દર્શાવીને આપવી.

# મોટામવામાં ૧૦૦ કરોડની જમીન પર ભૂ-માફિયાનો થયો હતો કબ્જો

## એક ઓરડી અને ખેતી થતી હતી, કલેક્ટરનું બુલડોઝર ફર્યુ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની સૂચનાને પગલે શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે આજે શહેરના ભાગોળે આવેલા મોટા માવા વિસ્તારમાં સરકારી જમીન પરનું એક મોટું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. સર્વે નંબર ૧૮૦ પૈકીની આ જમીન પર ઘણા સમયથી ગેરકાયદેસર કબજો હતો, જેને આજે બુલડોઝર ફેરવીને ખાલી કરાવવામાં આવી છે.

આ દબાણ પાંચ એકર જેટલી ખેતીની જમીન પર હતું, જેની અંદાજિત બજાર કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ આંકવામાં આવી રહી છે. આ જમીન પર એક ઓરડી અને ખેતીની પ્રવૃત્તિઓ જોવા મળતી હતી, જેને આજે વહીવટી તંત્ર દ્વારા સંપૂર્ણપણે દૂર કરવામાં આવી છે. આગામી સમયમાં આ જમીનની ફરતે ફેન્સીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેથી ફરીથી કોઈ દબાણ ન કરી શકે.

તાલુકા મામલતદારની દ્વારા આ દબાણકર્તાઓને અનેક વખત નોટિસ આપવામાં આવી હોવા છતાં તેઓએ દબાણ દૂર કર્યું ન હતું. આથી આજે પોલીસ બંદોબસ્ત સાથે આ કાર્યવાહી કરવામાં આવી હતી અને જમીનને સંપૂર્ણપણે દબાણમુક્ત કરવામાં આવી હતી.

# રાજકોટ જિલ્લામાં રસ્તા રિપેરીંગ દબાણ હટાવવા કલેક્ટરનો આદેશ

## ડિસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં અધિકારીઓને તાકીદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિક કલેકટર એ.કે.ગૌતમના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક મળી હતી.આ બેઠકમાં રાજકોટ - જામનગર રોડ પર ખુલ્લા જોવા મળેલા ગેપ ઈન મીડિયન, પડધરી સર્કલ પાસે માર્ગ અકસ્માત થવાની સંભાવના, અનઅધિકૃત દબાણ, સર્વિસ રોડ ઉપર ખાડાઓ રીપેરીંગની કામગીરી સહિતની કામગીરી અંગે અધિક નિવાસી કલેકટરએ સમીક્ષા કરી હતી.

વધુમાં આર.ટી.અધિકારી કેતન ખપેડ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી રાજકોટ- મોરબી રોડ ઉપર બંધ કરવામાં આવેલા ગેરકાયદે મીડિયન, રાજકોટ-ભાવનગર રોડ પર થયેલી રીસર્ફેસિંગની કામગીરી, જાહેર જનતા અને વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતીની



જનજાગૃતિ માટે કરવામાં આવેલા રોડ સેફ્ટી સેમીનાર, અકસ્માત સંભવિત ઝોન, ટ્રાફિક જામ નિવારવા સહિતની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી અપાઈ હતી.

માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓને મદદ કરવા અને તેમનું જીવન બચાવવા માટે જિલ્લા ટ્રાફિક પોલીસ શાખાના કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ પરમારને 'ગુડ સમરિટન પુરસ્કાર' યોજના હેઠળ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમજ ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ''રાહવીર યોજના'' પણ શરૂ કરવામાં આવી છે. જેમાં નાગરિકોને રૂ.૨૫,૦૦૦નો પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે.

### નવા નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી માત્ર ૧૧૧૯ કરદાતાએ જ યોજનાનો લાભ લીધો

# RMCની વેરા માટે વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટને નબળો પ્રતિસાદ

**સમય મિરર | રાજકોટ**

મનપાએ ચાલુ વર્ષે વર્ષો જુના વેરા બાકીદારો માટે જાહેર કરેલી હપ્તા યોજનામાં અત્યાર સુધીમાં ૧૧૧૯ કરદાતાઓ ૨૫ ટકા રકમ ભરીને જોડાયા છે. ચાર વર્ષમાં ચાર હપ્તે બાકીદારો તેમનો વેરો વ્યાજ રોકીને શૂન્ય કરી શકે તેવી વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ આ યોજના દાખલ કરવામાં આવી છે. જો કે, તેનો નબળો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ યોજના કરદાતાઓ સરળ રીતે બાકી વેરાની રકમને વાર્ષિક ધોરણે ચાર હપ્તા (જુનું ચડત + ચાલુ વર્ષનો વેરો) થકી ભરી શકે છે જેથી બાકી મિલકતવેરામાં ચડત થતું વ્યાજ બંધ થાય છે. આ યોજનામાં અત્યાર સુધીમાં વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમમાં કુલ ૧,૧૧૯ કરદાતાઓએ ભાગ લીધો છે. જે સ્કીમ તા.૩૧ મે



સુધી ચાલવાની છે.

દરમ્યાન ગઈકાલ સુધીમાં કુલ ૧,૯૧,૫૯૭ પ્રમાણિક કરદાતા દ્વારા રૂ.૧૨૦.૩૫ કરોડનો એડવાન્સ વેરો ભરવામાં આવ્યો છે. જેમાં કુલ ૧,૪૦,૦૩૬ કરદાતા દ્વારા ઓનલાઈન રૂ.૮૨.૭૬ કરોડ તથા ૫૧,૫૩૧ કરદાતા દ્વારા ચેક તથા રોકડા થી રૂ.૩૭.૫૯ કરોડ આવક થયેલ છે. તેમાથી માત્ર ૧૧૧૯ કરદાતાઓએ જ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટનો લાભ લીધો છે.

# તા. ૨૫મીએ રાજકોટમાં ૧૨ કેન્દ્ર પર ૩૧૫૭ છાત્રોની UPSC પરીક્ષા

## પરીક્ષા વ્યવસ્થા માટે પ્રાંત અધિકારીઓની નોડલ ઓફિસર તરીકે નિયુક્તિ


**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ખાતે આગામી ૨૫મી મેના રોજ UPSC(prilim)ની પરીક્ષા યોજાશે. સતત ૧૧ વર્ષથી રાજકોટ આ પરીક્ષાના કેન્દ્ર તરીકે કાર્યરત છે અને આ વર્ષે શહેરના ૧૨ વિવિધ સેન્ટર પર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરીક્ષામાં કુલ ૩૧૫૭ વિદ્યાર્થીઓ ભાગ લેશે. પરીક્ષા બે સેશનમાં યોજાશે. પ્રથમ સેશન સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ સુધી અને બીજો સેશન બપોરે ૨:૩૦ થી ૪:૩૦ સુધી ચાલશે. દરેક સેશનમાં એક-એક પેપર લેવામાં આવશે.

પરીક્ષાની તૈયારીના ભાગરૂપે રાજકોટ કલેક્ટર કચેરી ખાતે એક સુરક્ષિત સ્ટોર રૂમ તૈયાર કરવામાં આવ્યો છે. પરીક્ષા માટેના તમામ પેપર આ સ્ટોર રૂમમાં સીલબંધ રાખવામાં આવ્યા છે. આ સ્ટોર રૂમ પર ૨૪ કલાક સીસીટીવી કેમેરાથી લાઈવ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, તેમજ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

આ ઉપરાંત, કલેક્ટર કચેરી ખાતે ટૂંક સમયમાં એક કંટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવશે. આ કંટ્રોલ રૂમ દ્વારા



શહેરમાં આવેલા તમામ ૧૨ પરીક્ષા કેન્દ્રોનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે, જેથી કોઈપણ અનિચ્છનીય ઘટના પર તાત્કાલિક ધ્યાન રાખી શકાય.

પરીક્ષા દરમિયાન તમામ પ્રાંત અધિકારીઓને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેઓ તેમના નિયત સેન્ટર પર પરીક્ષાનું સંચાલન સુનિશ્ચિત કરશે. આ સમગ્ર પ્રક્રિયાનું સતત મોનિટરિંગ સ્વયં કલેક્ટર પ્રભવ જોશી દ્વારા પણ કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા પરીક્ષા શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન થાય તે માટે તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

# મુસ્કાન વેફર્સ, જય દ્વારકાધીશ અને રિધ્ધિ-સિધ્ધિ ટ્રેડિંગ કંપનીને ભેળસેળ ભારે પડી

## મુસ્કાન વેફર્સ (બાપુનગર)ને ૧.૫૦ લાખ, જય દ્વારકાધીશ નાસ્તાગૃહ (નાના મવા રોડ) અને રિધ્ધિ સિધ્ધિ ટ્રેડિંગ કંપનીને એક-એક લાખનો દંડ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ખાણીપીણીના વધુ ત્રણ ધંધાર્થીઓ મનપાના ચેકીંગ બાદ કાયદાકીય રીતે સકંજામાં આવ્યા હતા અને તેઓને કોર્ટ હવાલે કરતા અદાલતે આ ત્રણેય પેઢીને આકરો દંડ ફટકાર્યો છે. જેમા બાપુનગર મેઈન રોડ પર મુસ્કાન વેફર્સના નામથી પેઢી ચલાવતા ચામડિયા અનીષભાઈ મજીદભાઈ વેફર્સમાં ઘાતક કલરની ભેળસેળ કરતો હતો. તેની રૂ.૧.૫૦ લાખનો દંડ કોર્ટે ફટકાર્યો છે. જ્યારે નાનામવા રોડ પર જય દ્વારકાધીશ નાસ્તાગૃહના માલિકને ગાયના શુધ્ધ ઘીના નામે ભેળસેળિયા ઘીનો ઉપયોગ કરતા હોય તેને રૂ.૧ લાખનો દંડ કરાયો છે. જ્યારે ત્રીજા કેસમાં રઘુવીરપરામાં રિધ્ધિસિધ્ધિ ટ્રેડીંગ કંપનીમાં વપરાતુ સેકરીન આરોગ્ય માટે ઘાતક હોવાનું સાબિત થતા તેના માલિક મહેશ પમનદાસ ચંદીરામાણીને રૂ.૧ લાખનો દંડ કરાયો છે. પ્રથમ કેસની વિગતમાં તા.૧૮-૦૯-૨૦૧૭ ના રોજ ''મુસ્કાન વેફર્સ'' (સ્થળઃ વિશ્વાસ ઈન્ડ. એસ્ટેટ, બાપુનગર મેઈન રોડ, જીલ્લા ગાર્ડન પાસે)થી ''કેળાની વેફર (મસાલાવાળી) (લુઝ)'' નો નમુનો લેવામા આવ્યો હતો. નમૂનો ''અનસેફ ફૂડ'' જાહેર થતા નામદાર મ્યુનિસિપલ કોર્ટ રાજકોટ સમક્ષ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ ચાલી જતા પેઢીના ચામડિયા અનીષભાઈ મજીદભાઈ (નમૂનો આપનાર ફૂડ બિઝનેશ ઓપરેટર- પેઢીના માલિક)ને ''કુલ રૂ.૧,૫૦,૦૦૦નો દંડ અને જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હૂકમ કરેલ છે. અન્ય કેસમાં તા.૨૧-૦૬-૨૦૧૪ ના રોજ ''જય દ્વારકાધીશ નાસ્તા ગૃહ''(સ્થળઃ માધવ કોમ્પ્લેક્ષ, PGVCL ઓફિસ સામે, નાના મવા રોડ) ખાતેથી ''ગાયનું ઘી(લુઝ)'' નો નમુનો ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરા મોકલાયો હતો. રિપોર્ટમાં નમૂનો ''અનસેફ ફૂડ'' જાહેર થતા મ્યુનિ. કોર્ટે વિજયભાઈ મસરીભાઈ જોગલ (નમૂનો આપનાર ફૂડ બિઝનેશ ઓપરેટર- પેઢીના માલિક) ને ''કુલ રૂ.૧,૦૦,૦૦૦નો દંડ અને જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હૂકમ કરેલ છે. ત્રીજા કેસમાં તા.૨૦-૦૨-૨૦૧૬ ના રોજ ''રિધ્ધિ સિધ્ધી ટ્રેડિંગ કંપની''(સ્થળઃ ૮-૯ રઘુવીરપરા, પ્રેમ પ્રકાશ મંદિર પાછળ) ખાતેથી ''સેકરીન (લુઝ)'' નો લઈને લેબોરેટરીમાં મોકલાયો હતો. રિપોર્ટમાં પ્રતિબંધિત આર્ટિફિશિયલ સ્વીટનર ડુલસીન(DULCIN) ની હાજરી મળી આવતા નમૂનો ''અનસેફ ફૂડ'' જાહેર કરવામાં થયો હતો. કોર્ટ મહેશ પમનદાસ ચંદીરામાણી (નમૂનો આપનાર ફૂડ બિઝનેશ ઓપરેટર- પેઢીના માલિક) ને ''કુલ રૂ.૧,૦૦,૦૦૦ દંડ ફટકારવા અને જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હૂકમ કરેલ છે.

# આમાં ક્યાંથી ભણે ગુજરાત? નોન ક્રિમિલિયર સર્ટિ. કઢાવવા હેરાનગતિ

### ઉટપટાંગ પુરાવા મંગાય છે, ફોટા-વેરિફિકેશન માટે માત્ર એક જ બારી

## ક્યારેક તો બબ્બે કલાક લાઈનમાં ઉભા રહેવા છતાં વારો આવતો નથી

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૨નું પરિણામ જાહેર થતાની સાથે જ કોલેજોમાં એડમિશન માટે રાજકોટના બહુમાળી ભવનમાં જાતિનો દાખલો અને નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ કઢાવવા માટે રાશનની દુકાનની માફક લાંબી કતાર જોવા મળી રહી છે. અહીં એક પણ પ્રકારની ટોકન સિસ્ટમ નથી. કોઈ વિદ્યાર્થીનો વારો ન આવે અને બારી બંધ થઈ જાય તો બીજા દિવસે ધક્કો ખાવો પડે છે. આ સાથે



અરજદારોને યોગ્ય જવાબ મળતો ન હોવાનો વ્યાપક રોષ છે.

આ મામલે સિટી પ્રાંત અધિકારી ચાંદનીબેન પરમારનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, બહુમાળી ભવનમાં જાતિનો દાખલો કાઢી આપવામાં આવે છે જે નાયબ નિયામક હેઠળ આવે છે. છતા ત્યાં અરજદારોની કોઈ સમસ્યા હશે તો તે દૂર કરવામાં આવશે.

### પિતા કે દાદા ભણેલા નથી તો ૧૯૭૮નું પ્રૂફ ક્યાંથી લાવું?: વાલી

બે અરજદાર વિદ્યાર્થિનીના પિતા મનીષ સિંધવે જણાવ્યું હતું કે, હું બે દિવસથી અહીં ધક્કા ખાવ છું, પરંતુ અહીંથી કોઈ પણ પ્રકારનો વ્યવસ્થિત જવાબ આપવામાં આવતો નથી. કયા- કયા પ્રકારના ડોક્યુમેન્ટની જરૂર પડશે તેવું પૂછવામાં આવે તો ઉટપટાંગ જવાબ આપવામાં આવે છે. અત્યારે હું તમામ ડોક્યુમેન્ટ લઈને આવ્યો તો મને કહેવામાં આવ્યું કે, વર્ષ ૧૯૭૮ પહેલાની જાતિની સાબિતી લઈ આવો. મારા પિતા કે દાદા કોઈ ભણેલા નથી તો ૧૯૭૮નું પ્રૂફ ક્યાંથી લઈ આવું?

### લાઈનમાં બે કલાક નીકળી જાય છે : અરજદાર

જ્યારે અરજદાર ચિરાગ પંચાસરાએ જણાવ્યું હતું કે, અહીં નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ કઢાવવા માટે આવ્યો છું. અડધો કલાકથી લાઈનમાં ઉભો છું. લાઈન ખૂબ જ લાંબી છે અને એકથી બે કલાકનો સમય નીકળી જાય તેવું છે. હાલ વેરિફિકેશન અને ફોટો પાડવા માટેની એક-એક બારી જ ખુલ્લી છે.

તંત્રીલેખ



## ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ વિરામ ક્યાં સુધી ટકશે ?

૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા હુમલાની પ્રતિક્રિયા સ્વરૂપે ભારતે ૬-૭ મેની રાત્રે પાકિસ્તાનની અંદર કેટલાંક સ્થળોએ હુમલા કર્યા. ભારતે પોતાની કાર્યવાહીને 'કેન્દ્રિત અને સંતુલિત' ગણાવી. એ બાદ બંને દેશો વચ્ચેનો તણાવ વધ્યો અને બંનેએ એકબીજા પર ડ્રોનથી હુમલા કર્યા. બંનેએ એકબીજાનાં ડ્રોન અને મિસાઇલ તોડી પાડ્યાંની વાત કરી. નિયંત્રણરેખા પર પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારે ગોળીબાર થયો. પાકિસ્તાને શનિવારે સવારે કહ્યું કે ભારતે તેનાં ત્રણ સૈન્ય હવાઈમથકોને નુકસાન પહોંચાડ્યું છે. સામે ભારતે પણ પાકિસ્તાનનાં સૈન્ય હવાઈમથકો પર નિશાન તાકીને હુમલા કરવાની પુષ્ટિ કરી. શનિવારે સવારે ભારતમાં જમ્મુ અને શ્રીનગર સહિત ઘણાં શહેરોમાં ધડાકા સંભળાયા. પાકિસ્તાને કહ્યું કે તેણે ભારત વિરુદ્ધ ઑપરેશન 'બુનયાન અલ મરસૂસ' શરૂ કરી દીધું. શુક્રવારની રાત્રે આંતરરાષ્ટ્રીય મામલાના જાણકાર અને દક્ષિણ એશિયા મામલાના નિષ્ણાત માઇકલ કૂગલમેને કહ્યું હતું કે, ''ભારત-પાકિસ્તાન યુદ્ધ થવાની અણીએ પહોંચી ગયા હતા.'' પરંતુ શનિવારે સાંજ પડતાં પડતાં બંને દેશોએ તમામ પ્રકારની સૈન્યકાર્યવાહી રોકવાની જાહેરાત કરી દીધી. ઝડપથી બદલાતા આ ઘટનાક્રમે લોકોને આશ્ચર્યચકિત કરી મૂક્યા છે, પરંતુ વિશ્લેષકો માને છે કે બંને દેશો વચ્ચે સંઘર્ષવિરામ થશે એવા સંકેતો મળવા લાગ્યા હતા.

''શનિવારે જ્યારે ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સૈન્ય પ્રમુખો સાથે મુલાકાત બાદ સમાચાર આવ્યા કે ભારત ભવિષ્યમાં કોઈ પણ આતંકવાદી હુમલાને યુદ્ધની કાર્યવાહી માનશે, ત્યારે જ સ્પષ્ટ થઈ ગયું હતું કે ભારત હવે આ મામલામાં આગળ કશું નથી ઇચ્છતું.'' શનિવારે સવારે પાકિસ્તાના જવાબી હુમલા બાદ માઇકલ કૂગલમેને લખ્યું હતું, ''આધિકારિકપણે પરમાણુ શક્તિઓ બન્યાના એક વર્ષ બાદ ૧૯૯૯માં થયેલા કારગિલ યુદ્ધ બાદથી પ્રથમ વખત આવી સ્થિતિ છે. આ પરમાણુ પ્રતિરોધક ક્ષમતાની સૌથી મોટી પરીક્ષા હશે. આંતરરાષ્ટ્રીય મધ્યસ્થ હવે ઝડપથી સક્રિય બની શકે છે.'' વિશ્લેષક માને છે કે ભારત અને પાકિસ્તાને એકબીજા પર મિસાઇલો છોડ્યા બાદ આ તણાવ એ સ્તરે પહોંચી ગયું હતું જ્યાંથી આગળ વધવું એ વિનાશની તરફ આગેકૂચ હોત. ભારત અને પાકિસ્તાન સંઘર્ષવિરામ માટે તૈયાર થઈ ગયા છે. બંને દેશ એકબીજા વિરુદ્ધ સૈન્યકાર્યવાહી રોકવા માટે તૈયાર થઈ ગયા. અમેરિકાએ કહ્યું કે તેણે આ સીઝફાયરની મધ્યસ્થતા કરી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ''અમેરિકાની મધ્યસ્થીમાં થયેલી એક લાંબી વાતચીત બાદ ભારત અને પાકિસ્તાને પૂર્ણ અને તાત્કાલિક સીઝફાયર પર સંમતિ વ્યક્ત કરી છે.''

ભારત અને પાકિસ્તાન સંઘર્ષવિરામ માટે તૈયાર થઈ ગયા છે. બંને દેશોએ આની પુષ્ટિ કરી છે. બંને દેશ એકબીજા વિરુદ્ધ સૈન્યકાર્યવાહી રોકવા માટે તૈયાર થઈ ગયા છે. અમેરિકાએ કહ્યું છે કે તેણે આ સીઝફાયરની મધ્યસ્થતા કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ''અમેરિકાની મધ્યસ્થીમાં થયેલી એક લાંબી વાતચીત બાદ મને એ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે ભારત અને પાકિસ્તાને પૂર્ણ અને તાત્કાલિક સીઝફાયર પર સંમતિ વ્યક્ત કરી છે.'' સંઘર્ષવિરામની આ જાહેરાતના અમુક કલાકો પહેલાં સુધી આ બંને દેશો એકબીજા પર હુમલા કરી રહ્યા હતા. નોંધનીય છે કે બંને પરમાણુ સંપન્ન દેશ છે.

શુક્રવારે રાત્રે પાકિસ્તાન અને ભારત બંનેએ એકબીજાનાં વાયુસેના સ્ટેશનોને નિશાન બનાવવાં અને નુકસાન પહોંચાડવાની વાત કરી હતી. જોકે, શનિવારે સીઝફાયરની જાહેરાત કરાયાના અમુક કલાકો બાદ જ ભારત અને પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા એકબીજા પર 'સીઝફાયરના ઉલ્લંઘન'નો આરોપ લગાવ્યો હતો.

સંરક્ષણ મામલાના જાણકાર અને મનોહર પર્રિકર ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિફેન્સ સ્ટડીઝનાં રિસર્ચ ફેલો સ્મૃતિ એસ. પટનાયક કહે છે કે, ''એસ્કેલેશન લેડર (તણાવ વધવાનો ક્રમ)માં આગળ વધીને બંને દેશો મિસાઇલ હુમલા સુધી પહોંચી ગયા હતા. આ પછી જો વાત હજુ વધી હોય તો ઑલઆઉટ વૉરની સ્થિતિ હોત, જે હાલ નહોતી. આવી સ્થિતિમાં બંને દેશોને એવું સમજાઈ રહ્યું હતું કે પૂર્ણ યુદ્ધ હિતકારક નથી.'' શનિવારે અમેરિકન વિદેશમંત્રી માર્કો રૂબિયોએ પાકિસ્તાનના સૈન્ય પ્રમુખ જનરલ આસિમ મુનીર સાથે ફોન પર વાતચીત કર્યા બાદ ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર સાથે પણ વાત કરી.સાંજે લગભગ સાડા પાંચ વાગ્યે બંને દેશો વચ્ચે સંઘર્ષવિરામ થયાની જાહેરાત થઈ ગઈ. એવા પણ સવાલ ઊઠી રહ્યા છે કે આ સંઘર્ષવિરામ ક્યાં સુધી જળવાઈ રહેશે?

''લડાઈ ચાલુ રાખવાનું બંને દેશોના હિતમાં નથી. આ સંઘર્ષવિરામની મધ્યસ્થી અમેરિકાએ કરી છે, જે પાકિસ્તાનને દરેક પ્રકારની મદદ કરે છે અને ભારતનું નવું રાષ્ટ્રીય હિત પણ અમેરિકાના સાથમાં છે. ભારત અને અમેરિકાના રાષ્ટ્રીય હિત મળતાં આવે છે. આવી સ્થિતિમાં આ સંઘર્ષવિરામ જળવાઈ રહેશે.'' ''બંને દેશ સંમત થઈ ગયા, કારણ કે બંને માટે અમેરિકા મહત્ત્વપૂર્ણ છે. અમેરિકાએ જ યુદ્ધ રોકાવ્યું છે. સંઘર્ષવિરામ જળવાઈ રહેવાની વાત કરીએ તો એ ટકી રહેશે, પરંતુ બને દેશો એ જ સ્થિતિમાં રહેશે જે ૬ મે પહેલાં હતી.'' ''બંને દેશો વચ્ચે ચાર દિવસની યુદ્ધની સ્થિતિ બાદ હવે સંઘર્ષવિરામ થઈ ગયો છે, પરંતુ વાસ્તવિકતામાં કોઈ બદલાવ નહીં આવે. બલકે આગળ જતાં ભારત-પાકિસ્તાન તરફથી વધુ હોસ્ટાઇલ નિવેદનો આવશે.'' ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે બપોરે સાડા ત્રણ વાગ્યે વાત થઈ અને તેના બે કલાકમાં જ સંઘર્ષવિરામ થઈ ગયો. કે આ સંઘર્ષવિરામ ટકશે, પરંતુ આ એ વાત પર આધારિત રહેશે કે આખરે સંમતિ કઈ કઈ બાબતો અંગે સધાઈ છે? ભારત આતંકવાદની વિરુદ્ધ પોતાના કડક વલણ સાથે સમાધાન નહીં કરે. બંને દેશ આક્રમક થઈ રહ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સમુદાય ચિંતિત હતો. ભારત અને પાકિસ્તાન બંને જાણતાં હતાં કે હજુ વધુ આગળ વધવું હિતકારક નથી. ભારતે પહેલાંથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે જો પાકિસ્તાન તણાવ ઓછો કરશે તો ભારત પણ આગળ નહીં વધે.'' ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ દરમિયાન ભારતીય સૈન્ય તરફથી મોટા ભાગની પ્રેસ બ્રીફિંગમાં કર્નલ સોફિયા કુરેશી હાજર રહ્યાં શનિવારે સવારે ભારતે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે પાકિસ્તાની સૈન્યદળો આગળ વધ્યાં હોવાની વાત કરી ત્યારે કહ્યું હતું કે ભારત તણાવને વધુ આગળ નથી વધારવા માગતું. પ્રેસ કોન્ફરન્સમાં કર્નલ સોફિયા કુરેશીએ કહેલું, ''પાકિસ્તાની સૈન્યનાં અગ્રિમ ક્ષેત્રોમાં સેનાની તહેનાતીમાં વધારો જોવા મળી રહ્યો છે, જે સ્થિતિને વધુ ભડકાવવાની મંશા બતાવે છે.'' કર્નલ કુરેશીએ કહ્યું હતું કે, ''ભારતીય સશસ્ત્ર દળો પૂર્ણ પરિચાલન સતર્કતાની સ્થિતિમાં છે. ભારતીય સશસ્ત્ર દળ ફરી વાર કહે છે કે તેઓ તણાવ નથી વધારવા માગતાં, પરંતુ શરત એટલી છે કે પાકિસ્તાન પણ આવો જ વ્યવહાર કરે.'' વિશ્લેષકો માને છે કે ભારત એવા સંકેત આપી રહ્યું હતું કે તેનો ઈરાદો સ્થિતિને વધુ ભડકાવવાનો નથી. ''ભારતની વાત સ્પષ્ટ હતી - ભારતે કહ્યું હતું કે અમે બદલો લઈશું અને ભારતે બદલો લીધો. તે બાદ ભારતના સૈન્ય એવું નક્કી કર્યું કે તેઓ પણ બદલો લઈને રહેશે અને ત્યાંથી વાત વણસતી ગઈ. જો પાકિસ્તાને ૭ મેના રોજ પ્રતિક્રિયા ન આપી હોત તો પરિસ્થિતિ આટલે સુધી ન પહોંચી હોત.'' પાકિસ્તાની સૈન્ય પાકિસ્તાનના રાજકારણમાં પણ દખલ ધરાવે છે

# ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ માટે અમેરિકાએ કેમ આગળ આવવું પડ્યું?

## ભારત-પાક. બન્ને દેશો સાથે અમેરિકાનું વ્યાપારિક હિત વ્યાપકપણે સંકળાયેલું હોવાથી અંકલસેમને વચ્ચે પડ્યા સિવાય કોઈ છૂટકો જ ન હતો

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા સંઘર્ષની વચ્ચે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ શનિવારે સાંજે અચાનક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે બંને પક્ષ તમામ પ્રકારના હુમલા રોકવા માટે સહમત થઈ ગયા છે.

વિક્રમ મિસરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની સહમતિની વિગત આપતા કહ્યું કે શનિવારે સાંજે પાંચ વાગ્યાથી બંને પક્ષોએ સૈન્ય કાર્યવાહી અને ફાયરિંગ રોકવાના નિર્દેશ જારી કર્યા છે. શનિવારે સાંજે વિક્રમ મિસરીએ વધુમાં કહ્યું કે ''પાકિસ્તાનના મિલિટરી ઑપરેશન્સના ડાયરેક્ટર જનરલે ભારતના ડીજીએમઓને બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કર્યો હતો. તેમની વચ્ચે સહમતિ થઈ છે કે સાંજે પાંચ વાગ્યાથી જમીન, સમુદ્ર અને હવામાં ફાયરિંગ બંધ કરી દેવામાં આવશે.'' તેમણે કહ્યું કે, ''બંને પક્ષોએ આ અંગે નિર્દેશ જારી કર્યા છે. સંઘર્ષવિરામની કે હુમલા રોકવાની કોઈ પણ જાહેરાત ભારત તરફથી આવે તે અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે ''ભારત અને પાકિસ્તાન વચ્ચે તત્કાળ અને પૂર્ણ સંઘર્ષવિરામની સહમતિ બની છે'' તે વિશે જાણકારી પોતાના સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ 'ટ્રૂથ સોશિયલ' પર આપી દીધી.

ટ્રમ્પના ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં તેમણે લખ્યું કે, ''અમેરિકાની મધ્યસ્થીથી થયેલી એક લાંબી વાતચીત પછી મને આ જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને પાકિસ્તાને પૂર્ણ અને તાત્કાલિક સીઝફાયર પર સહમતિ દર્શાવી છે.'' ત્યાર પછી અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે ભારત અને પાકિસ્તાન વ્યાપક મુદ્દા પર વાતચીત શરૂ કરવા તૈયાર થઈ ગયા છે.

પ્રસંગ રંગ - પી.એન.જાડેજા

અમેરિકાના વિદેશમંત્રીના નિવેદનમાં જણાવાયું કે ''છેલ્લા ૪૮ કલાકમાં ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસ અને મેં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ, ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર, પાકિસ્તાનની સેનાના વડા અસિમ મુનીર અને ભારત-પાકિસ્તાનના સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને અસીમ મલિકની સાથે સાથે ભારત અને પાકિસ્તાનના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી છે.''


ભારતીય વિદેશ મંત્રાલયે બંને પક્ષો વચ્ચે હુમલો રોકવા અંગે સહમતિ થઈ છે તે વાત તો સ્વીકારી, પરંતુ અમેરિકાનું નામ ન લીધું.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે સોશિયલ મીડિયા ઍક્સ પર શનિવારે લખ્યું કે ''સંઘર્ષવિરામ પર સહમતિ સંપૂર્ણ રીતે દ્વિપક્ષીય છે. પાકિસ્તાનના ડીજીએમઓએ વાતચીતની શરૂઆત કરી. ત્યાર પછી ભારત અને પાકિસ્તાન સાથે મળીને સીઝફાયર પર સહતમ થયા.'' ભારતે આવી સ્પષ્ટતા કરી. પરંતુ આ દરમિયાન ટ્રમ્પે પોતાના 'ટ્રૂથ સોશિયલ' પર એક નવી પોસ્ટ કરી જેના કારણે વિશ્લેષકોનું ધ્યાન તેના તરફ ગયું. ટ્રમ્પે લખ્યું કે ''હું ભારત અને પાકિસ્તાનના મજબૂત અને અડગ નેતૃત્વ પર ગૌરવ અનુભવું છું. તેમણે યોગ્ય સમયે સમજદારી અને હિંમત દેખાડીને આ સંઘર્ષને રોકવાનો નિર્ણય લીધો. કારણ કે સંઘર્ષથી લાખો નિર્દોષ લોકોના જીવ જઈ શકતા હતા અને ભારે નુકસાન થાય તેમ હતું.'' ટ્રમ્પે એમ પણ કહ્યું કે, ''આ ઐતિહાસિક નિર્ણય સુધી પહોંચવામાં અમેરિકા તમને મદદ કરી શક્યું તેનો મને ગર્વ છે.'' ટ્રમ્પે પોતાની પોસ્ટમાં ભારત અને પાકિસ્તાન સાથે ટ્રેડ વધારવાની વાત પણ કરી હતી. સાથે જ, ટ્રમ્પે કાશ્મીર મુદ્દે ભારત અને પાકિસ્તાન સાથે મળીને શાંતિપૂર્વક તેનો ઉકેલ લાવવામાં અમેરિકા ભૂમિકા ભજવી શકે છે તેવી વાત પણ કરી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પની આ પોસ્ટ પછી વિદેશનીતિ મામલાના જાણકાર અને વિશ્લેષક માઇકલ કુગલમેને સોશિયલ મીડિયા ઍક્સ પર લખ્યું, ''ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વિશે ફરીથી પોસ્ટ કરી છે. આ વખતે તેમણે કહ્યું છે કે તેઓ (ભારત અને પાકિસ્તાન) સાથે મળીને કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે કામ કરશે.'' ''તેમણે પોતાના પ્રથમ કાર્યકાળ વખતે આપેલી ઑફર કરતા આ આગળની વાત છે. તે વખતે તેમણે કહ્યું હતું કે બંને પક્ષ ઇચ્છે તો તેઓ કાશ્મીરના મુદ્દે મધ્યસ્થી કરી શકે છે.''

અગાઉ અમેરિકન ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ મામલે અમેરિકા અંતર જાળવશે અને કૂટનીતિનો રસ્તો અપનાવશે.

જેડી વેંસે કહ્યું હતું કે ''અમે બંને દેશોને તણાવ ઘટાડવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરીશું. પરંતુ અમે મૂળ રૂપથી યુદ્ધમાં સામેલ નથી થવાના. એ અમારું કામ નથી.''

૮ મેએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વિશે પત્રકારોને કહ્યું કે, ''હું બંનેને બહુ



સારી રીતે ઓળખું છું. હું ઈચ્છું છું કે તેઓ આને ઉકેલે. હું ઈચ્છું છું કે તેઓ આને અટકાવે.'' રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે ''જો હું કોઈ રીતે મદદ કરી શકું, તો મદદ કરીશ.''

પહલગામ હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધતો હતો. ધીમે-ધીમે આ તણાવ સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો હતો. શુક્રવારે રાતે વિદેશનીતિ મામલાના જાણકાર અને વિશ્લેષક માઇકલ કૂગલમેને કહ્યું કે, ''ભારત અને પાકિસ્તાન યુદ્ધની બહુ નજીક પહોંચી ગયાં છે.'' પાકિસ્તાને શુક્રવારે રાતે ભારત વિરુદ્ધ ઑપરેશન 'બુનયાન અલ-મરસૂસ' શરૂ કરી દીધું, પરંતુ સાંજ થતા થતા બંને દેશોએ તમામ પ્રકારની સૈન્ય કાર્યવાહી રોકવાની જાહેરાત કરી દીધી.


ઝડપથી બદલતા આ ઘટનાક્રમની પાછળ અમેરિકાના દાવાએ બધાને ચોંકાવી દીધા હતી. અમે જે નિષ્ણાતો સાથે વાત કરી તેઓ માને છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસે ભલે જાહેરમાં દખલગીરીનો ઇન્કાર કર્યો હોય, પરંતુ અંદરખાને બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલુ હતી. ઘણા નિષ્ણાતોનું એવું પણ કહેવું છે કે ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસ ભારતમાં હતા ત્યારે જ પહલગામમાં પર્યટકો પર હુમલો થયો હતો. આ વાતને તેઓ અવગણી શકે તેમ ન હતા. આ ઉપરાંત બંને દેશો સાથે અમેરિકાનાં હિત સંકળાયેલાં છે. ત્રીજી અને મહત્ત્વની વાત એ છે કે અમેરિકા ક્યારેય એવું નહીં ઇચ્છે કે દક્ષિણ એશિયામાં સંઘર્ષ થાય અને ત્યાં ચીનની તુલનામાં તે નબળું પડે. અમેરિકાની ડેલાવેર યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત પ્રોફેસર મુક્તદર ખાન કહે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષવિરામ કરવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો.

તેઓ કહે છે, ''મને લાગે છે કે અમેરિકાએ તાત્કાલિક સીઝફાયર કરવા પાકિસ્તાનને લાંચ આપી છે, પરંતુ તેમણે ભારતને કઈ રીતે મેનેજ કર્યું તે સમજાતું નથી.'' તેઓ કહે છે, ''પાકિસ્તાનને એક અબજ ડૉલરની આઈએમએફની લોન મળી તેના થોડા જ કલાકો પછી સીઝફાયરની જાહેરાત થઈ છે. પાકિસ્તાને જો ટ્રમ્પની વાતને નકારી હોત તો કદાચ તેને લોન મળી ન હોત.'' પ્રોફેસર ખાન કહે છે કે, ''ભારતની વાત છે ત્યાં સુધી મને લાગે છે કે દ્વિપક્ષીય વેપારને લઈને જે વાતચીત થાય છે તેમાં કદાચ થોડી છૂટછાટ આપી હશે. મને આખી વાતની ખબર નથી. આવું હોઈ પણ શકે અને ન પણ હોય.'' વર્ષ ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ પછી આ પહેલી ઘટના છે જ્યારે ભારતીય સેનાઓએ કરાચી, લાહોર અને રાવલપિંડી જેવાં પાકિસ્તાની શહેરો પર હવાઈ હુમલા કર્યા હતા. તેના જવાબમાં પાકિસ્તાને પઠાણકોટ, ભટીંડા, જમ્મુ, અમૃતસર અને આદમપુર જેવી ઘણી જગ્યાએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો. ભારતીય સેના મુજબ આ હુમલા નિષ્ફળ બનાવાયા હતા. ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે વાતચીત થઈ. ત્યાર પછી પાંચ વચ્ચે સંઘર્ષવિરામની જાહેરાત કરવામાં આવી. કઈ શરતો પર સીઝફાયર થયું તેની કોઈ માહિતી અપાઈ નથી. દક્ષિણ એશિયામાં ઉભરતા સંકટ પર બારીકાઈથી નજર રાખતા વિશ્લેષકો કહે છે કે ભૂતકાળની તુલનામાં અમેરિકાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઘટાડવા માટે શરૂઆતમાં ઓછી પહેલ કરી. માઇકલ કુગેલમેનનું કહેવું છે કે વર્ષ ૧૯૯૯ અને ૨૦૧૯માં પાકિસ્તાન અને ભારત વચ્ચે મધ્યસ્થીના પ્રયાસોમાં અમેરિકા ઘણું સક્રિય હતું. પરંતુ આ વખતે અમેરિકાએ ખાસ સક્રિયતા દેખાડી નથી. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક ઍડમિનિસ્ટ્રેશનમાં આંતરરાષ્ટ્રીય સંબંધો અને અમેરિકન વિદેશનીતિ મામલાના જાણકાર આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉક્ટર મનન દ્વિવેદી કહે છે કે ''અમેરિકાએ ભલે અલગ રીતે પ્રતિક્રિયા આપી હોય, પરંતુ પાછળથી ટ્રેક ટુ ડિપ્લોમસી ચાલુ હતી. અમેરિકાની સતત નજર હતી. આ ઉપરાંત સાઉદી અરેબિયા અને ઈરાને પણ પોતાની ભૂમિકા ભજવી.'' રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટીમ હાલમાં ઘણા ખંડમાં કેટલાય સંઘર્ષને ઉકેલવાના પ્રયાસ કરી રહી છે. આ કારણથી જ અમેરિકા મોટા સંકટથી દૂર રહેવા માંગે છે.'' ડૉક્ટર મનન દ્વિવેદી કહે છે,''અમેરિકા આ સમયે ભારતનું વ્યૂહાત્મક ભાગીદાર છે અને પાકિસ્તાન તેનો જૂનો સાથીદાર છે. આ મામલો વધી ગયો હોત તો તેની સામે એક સમસ્યા પેદા થાય તેમ હતી. પહેલેથી રશિયા-યુક્રેન, ઈરાન, ગાઝા, ચીન અને વેપાર મુદ્દામાં અમેરિકા અટવાયેલું છે. તે આ મામલાને ઝડપથી ઉકેલવા માંગતું હતું.'' તેમનું કહેવું છે કે અમેરિકા આ સમયે પોતાની વિદેશનીતિના કારણે ફસાયેલું છે. દક્ષિણ એશિયાના બદલે હિંદ-પ્રશાંત ક્ષેત્રની ભૂરાજનીતિમાં તેને વધારે રસ છે. મનન દ્વિવેદી કહે છે કે અમેરિકા પોતાના હિત પ્રમાણે કૂટનીતિ અને રાજનીતિ ચલાવે છે. હાલમાં ચીન સાથે તેનો વિવાદ ચાલે છે ત્યારે ભારત અને પાકિસ્તાન એકબીજા સાથે લડે તે તેના હિતમાં નથી. તેમણે કહ્યું કે, ''અમેરિકાનો મધ્યસ્થી કરવાનો એક ઇતિહાસ રહ્યો છે. વિશ્વ રાજનીતિમાં બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા આવું કરતો આવ્યો છે. જેનાથી તેની શાખ મજબૂત થઈ શકે.'' આ માત્ર ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ ન હતો. એક રીતે જોવામાં આવે તો પશ્ચિમી દેશો અને ચીનની ટેક્નોલોજીનો પણ સંઘર્ષ હતો. ભારત અને પાકિસ્તાનના સંઘર્ષની સાથે વૈશ્વિક સમુદાયમાં આ મામલે પહેલેથી ચર્ચા શરૂ થઈ હતી. બધા કહેતા હતા કે આ ચાઇનીઝ અને પશ્ચિમી ટેક્નોલોજી વચ્ચેનો સંઘર્ષ હતો.''

કોની ટેક્નોલોજી ચઢિયાતી સાબિત થઈ, એ તો વિશ્લેષણ પછી ખબર પડશે. પરંતુ હાલમાં એ જોવાનું રહે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંબંધ હવે કઈ દિશામાં જાય છે. ભારત અને પાકિસ્તાન સંઘર્ષ પછી એ મામલે ચર્ચા થવી જોઈએ કે શું ભારત ચીનની કોઈ ભૂમિકા માટે તૈયાર છે કે નહીં, અને તમે ચીનને કઈ રીતે સંભાળશો. ભારત અને ચીન વચ્ચે વ્યાપારી સંબંધો છે અને તે પડોશી પણ છે.'' ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત ક્યાં થાય છે તેના પર વાતચીતનાં પરિણામનો આધાર રહેશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ ઍક્સ પર શનિવારે સાંજે લખ્યું હતં કે ''અન્ય કોઈ મુદ્દા કે અન્ય કોઈ જગ્યાએ વાતચીતને લઈને કોઈ નિર્ણય

## લગ્ન પછી આ મંદિરમાં કરો દર્શન, સાત જન્મ સુધી રહેશે પ્રેમ અને વિશ્વાસ!

ઉત્તરાખંડના ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ જિલ્લાના બાગેશ્વરમાં આવેલું બાબા બાગનાથ મંદિર એક પવિત્ર અને શ્રદ્ધાથી ભરેલું સ્થાન છે. આ મંદિર ખાસ કરીને નવપરિણીત દંપતી માટે ખુબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સ્થાનિક માન્યતાઓ પ્રમાણે, જો નવા લગ્ન થયેલા યુગલ લગ્ન પછી અહીં દર્શન કરવા આવે છે અને ભગવાનને જલાભિષેક તથા પૂજા અર્પે છે, તો તેમનું પ્રેમભર્યું સંબંધ જીવનભર તેમજ સાત જન્મ સુધી અતૂટ રહે છે. સાથે જ તેમના દાંપત્ય જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ રહે છે.



મંદિરના પૂજારીના જણાવ્યા અનુસાર માન્યતા ફક્ત કેહવાયેલી કથાઓ નથી પણ વર્ષોથી અનુસરાતી પરંપરા છે. બાગેશ્વરના ગામડાઓથી લઈને શહેર સુધીના લોકો લગ્ન પછી તેમના કુટુંબના દેવી-દેવતાઓના દર્શન કર્યા પછી ચોક્કસ રીતે બાબા બાગનાથ મંદિરે આવે છે. અહીં જલાભિષેક કરે છે, પાઠ કરાવે છે અને ભગવાનને પ્રેમભરેલું જીવન જીવવાની પ્રાર્થના કરે છે.

આ મંદિરનું ધાર્મિક મહત્વ એટલું વધારે છે કે લોકો માને છે કે બાબા બાગનાથ માત્ર ભક્તિનો નહીં પણ રક્ષણકર્તા તરીકે કાર્ય કરે છે અને દાંપત્યના સંબંધને મજબૂત બનાવે છે. તેથી જ અહીં લગ્ન પછી દર્શન કરવા ખાસ મહત્વ આપવામાં આવે છે. બાબા બાગનાથ મંદિર બાગેશ્વર જિલ્લા મુખ્યાલયથી ખૂબ નજીક આવેલું છે. મુખ્ય બજારથી માત્ર ૫૦ મીટરના અંતરે હોવાથી, અહીં ચાલીને પણ સરળતાથી જઈ શકાય છે. આ મંદિર ગોમતી અને સરયુ નદીઓના પવિત્ર સંગમ પર આવેલું છે, જે તેને વધુ શાંતિદાયક અને પવિત્ર બનાવે છે.

જો તમારા તાજેતરમાં લગ્ન થયા છે અને તમે તમારા દાંપત્ય જીવનમાં પ્રેમ, શાંતિ અને સુમેળ જાળવી રાખવા માંગો છો, તો બાબા બાગનાથ મંદિરની મુલાકાત ચોક્કસ લેવી જોઈએ. અહીંની આધ્યાત્મિક શાંતિ અને પાવન પરંપરા તમારા જીવનમાં એક નવી દિશા અને ઊર્જા લાવી શકે છે. આ માન્યતાઓ માત્ર ધાર્મિક નથી, પણ એકબીજાની સમજ, પ્રેમ અને આદરથી ભરેલા જીવન માટે સકારાત્મક સંદેશ પણ આપે છે.

## શેરડીનો રસ ન પીવો જોઈએ, પેટને ફાયદો નહિ નુકસાન કરાવશે

ઉનાળામાં શેરડીનો રસ સૌથી વધુ પસંદ કરવામાં આવતું પીણું છે. લોકો પોતાને તાજગી આપવા માટે ઘણા બધા ઠંડા શેરડીનો રસ પીવે છે. તે તાજગી, ઉર્જા અને હાઈડ્રેશન પ્રદાન કરે છે અને સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે તે કેટલાક લોકો માટે હાનિકારક પણ હોઈ શકે છે. જો તમે આ ૭ લોકોની યાદીમાં આવો છો, તો તમારે શેરડીનો રસ પીવાનું ટાળવું જોઈએ. ચાલો જાણીએ કે કોણે તે ન પીવું જોઈએ અને શા માટે.

શેરડીનો રસ પીવા કોને વધુ નુકસાન કરે છે

**ડાયાબિટીસના દર્દીઓ**

શેરડીના રસમાં કુદરતી ખાંડનું પ્રમાણ વધુ હોય છે, જે લોહીમાં શર્કરાનું સ્તર ઝડપથી વધારી શકે છે. ડાયાબિટીસના દર્દીઓએ તેનું સેવન મર્યાદિત માત્રામાં કરવું જોઈએ અથવા તેને સંપૂર્ણપણે બંધ કરવું જોઈએ.

**સ્થૂળતાથી પીડાતા લોકો**

શેરડીના રસમાં કેલરી અને ખાંડ ભરપૂર હોય છે, જે વજન વધારવાનું કારણ બની શકે છે. જો તમે વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છો, તો તેનું સેવન ઓછું કરો.

**લો બ્લડ પ્રેશર ધરાવતા લોકો**

શેરડીનો રસ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે. પરંતુ, જો તમારું બ્લડ પ્રેશર પહેલાથી જ ઓછું હોય, તો તેનું સેવન કરવાથી ચક્કર અને નબળાઈ આવી શકે છે.

**કિડનીના દર્દીઓ**

શેરડીના રસમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે, જે ક્રોનિક કિડની રોગથી પીડાતા લોકો માટે હાનિકારક હોઈ શકે છે. આ ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનનું કારણ બની શકે છે.

**પેટની સમસ્યાઓથી પીડાતા લોકો**

જો તમને એસિડિટી, ગેસ, અપચો કે ઝાડાની સમસ્યા હોય તો શેરડીનો રસ પીવાનું ટાળો. તે પાચનતંત્રને અસર કરી શકે છે અને પેટ ખરાબ કરી શકે છે.

**ગર્ભવતી સ્ત્રીઓ**

ગર્ભાવસ્થા દરમિયાન સગર્ભાવસ્થા ડાયાબિટીસ થવાની શક્યતા રહે છે. શેરડીનો રસ લોહીમાં શર્કરાનું સ્તર વધારી શકે છે, જે ગર્ભવતી સ્ત્રીઓ માટે નુકસાનકારક હોઈ શકે છે.

**લીવર રોગ ધરાવતા લોકો**

જો તમને હેપેટાઈટિસ કે ફેટી લીવરની સમસ્યા હોય, તો શેરડીનો રસ પીવાનું ટાળો. આનાથી લીવર પર વધારાનું દબાણ આવી શકે છે અને સમસ્યા વધી શકે છે.

શેરડીનો રસ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, પરંતુ તે કેટલાક લોકો માટે હાનિકારક સાબિત થઈ શકે છે. જો તમે ડાયાબિટીસ, લો બ્લડ પ્રેશર, કિડની રોગ, પેટની સમસ્યા, ગર્ભાવસ્થા અથવા લીવર રોગથી પીડિત છો, તો તેને પીતા પહેલા ચોક્કસપણે ડૉક્ટરની સલાહ લો.



# અન્યોના દુઃખે દુઃખી થવું અને સ્વનું સુખ વહેંચવું એ સાચી માનવતા છે

માણસે દુઃખમાં બીજાના ભાગીદાર બનવું એ પરમાત્માનો વણલખ્યો આદેશ છે. માણસમાં જિંદગીના રંગમંચ પર પાત્ર ભજવવા માટે ખુમારી જોઈએ. જીવનના પ્રેક્ષકો પ્રત્યે આદરભાવ રાખવો જોઈએ અને પોતાની ભૂમિકા અદા કરવામાં લેશમાત્ર કચાશ ન રહે એની સંપૂર્ણ કાળજી રાખવી જોઈએ. કબીરે કહ્યું છે જિંદગીની ચાદરરૂપી આપણું જીવન બેદાગ રહે પરમાત્મા ખુશ રહે તે રીતે જીવી તેને ભગવાનને સમર્પિત કરવી જોઈએ.



ગીતા પ્રવચનોમાં બીજા અધ્યાયમાં વિનોબા ભાવેએ જણાવ્યું છે કે જીવનના ત્રણ સિદ્ધાંતો છે. આત્માની અમરતા, ને અખંડતા. દેહની ક્ષુદ્રતા અને સ્વધર્મની અધ્યાત્મતા. આપણો જન્મ થયો તે પહેલાં સમાજ અસ્તિત્વમાં હતો. આપણાં મા-બાપ પણ હતાં અને પડોશી પણ માણસે યાદ રાખવું જોઈએ કે જે મા-બાપની કૃપાથી આવું સુંદર જગત જાણવાનો અને માણવાનો મોકો મળ્યો તેમનો અનહદ ઉપકાર છે. જન્મનો કોઈ હેતુ પાર પાડવા માટે ઈશ્વરે માણસને ધરતી પર મોકલ્યો છે એટલે આત્મકેન્દ્રી બની એકલા-એકલા સુખ ભોગવવું એ પરમાત્માનું પણ અપમાન છે. મૂળ વાત સ્વાર્થ અને છીછરી બુદ્ધિની છે. માણસ દેવબુદ્ધિને બદલે દેહબુદ્ધિનો દાસ બની જીવનના ખાબોચિયામાં મગ્ન રહે છે. કોઈ કુટુંબના અભિમાનમાં મગ્ન રહી બીજાના હિતને લેશમાત્ર મહત્વ આપતો નથી. આ જીવનનો એક પ્રકારનો દ્રોહ છે. સમાજમાં આપણે હિન્દુ-મુસલમાન કે અન્ય ધર્મોના ઉત્તમ વિચારો અપનાવી સુખી થઈ શકીએ અને બીજાના જીવનને સુખી કરી શકીએ. બ્રહ્માંડ એ સુંદર વણેલું લૂગડું છે નાનું છોકરું લૂગડાના કટકા કરે તે પ્રમાણે આ દેહ જેવડી કાતર લઈ આ વિશ્વાત્માના કકડા ફાડવા જેવી બીજી કોઈ નાદાની નથી. ફળ ત્યાગનો આનંદ લેવા માટે ભક્ત પુંડરિક બનવું પડે. પુંડરિહ મા-બાપની સેવા કરતો હતો. એની સેવાથી એને મળવા ભગવાન સામેથી દોડી આવ્યા પણ પુંડરિકે સેવા પડતી ન મૂકી અને ભગવાનને ઉભા રહેવા ઈંટ આપી. આને સાચી ભક્તિ કહેવાય. આપણે કુટુંબ અને સમાજભક્તિમાં વહેંચાએલા રહી સંપૂર્ણપણે વ્યક્તિને ન્યાય આપી શકતા નથી.

યુગ બદલાય છે તેમ માનવીઓની વૃત્તિ અને પ્રવૃત્તિ બદલાય છે. માણસ દરેક વસ્તુને ઘડે છે પણ પોતાની જાતને ઘડતો નથી. સુખમાં માણસે એકલપેટા બનવું ન જોઈએ કારણ કે તેનું જીવન સુંદર અને સુવિધાજનક બનાવવામાં અનેક લોકોનો ફાળો હોય છે માણસને માથે સામાજિક ઋણ છે. એ અદા કરવા બીજાને પોતાનો ઉષ્માભર્યો સહકાર આપવો જોઈએ. તમને ઘડવામાં શિક્ષણ સંસ્થાઓ સમાજ, તમારાં માતા-પિતા અને ઈશ્વર કૃપાનું વરદાન છે. એટલે સુખમાં તમને ભાગીદાર બનાવવાં જોઈએ. સુખમાં ભાગીદાર બનાવવા માટે માત્ર 'થેંક યુ' કહી પલાયનવાદી ન જ બનાય. બીજાને સુખમાં ભાગીદાર બનાવવા માટે દુઃખને નિર્મૂળ કરવા તેમનાં આંસુ લૂછો. સારા પ્રસંગો એ તેમને સન્માનપૂર્વક આવકારો. જો તેઓ પીડામાં હોય તો તન-મન-ધનથી તેમને સહકાર આપો. આમ કરીને બીજાનું નહીં પણ પોતાનું જ ભલું કરી રહ્યા છો. માણસોના પ્રકાર વર્ણવવામાં આવ્યા છે તે મુજબ આવા માણસો સ્વાર્થ ત્યજી દઈ પારકાનું કામ કરે છે. સામાન્ય માણસો તે છે જેઓ પોતાના સ્વાર્થને વાંધો ન આવે એ રીતે પારકાનું હિત સાચવવા ઉદારતા દાખવે છે પણ કેટલાક નીચ લોકો સ્વાર્થ માટે બીજાનું હિત બગાડે છે, તેઓ રાક્ષસ તુલ્ય છે. પરંતુ જેઓ વિના કારણ જ બીજાનું હિત બગાડે છે, તેઓ કોણ છે તે અમે જાણતા નથી એમ ભતૃહરિ કહે છે. સમાજમાં રહેનાર માણસે સ્થિતપ્રજ્ઞા બનવું ન જોઈએ. શુભ કામમાં આસક્તિ, પરોપકારમાં આનંદ અને સામાજિક ઋણ અદા કરવામાં પ્રસન્નતા એ જીવનની મહેક છે જેને કારણે આખો સમાજ મહેકી ઉઠે છે.

# વિશ્વની વિશાળતાને નજરમાં રાખી વ્યક્તિએ અહકેન્દ્રી બનવાનું ત્યાગવુ જોઈએ

અહંકારી માનવી એટલે કૂવામાંનો દેડકો. આ માનવી પોતાના અહંકારને પોષવા માટે પોતાને સંપૂર્ણ માને અને પોતે સર્વસ્વ ધરાવે છે એવો ખ્યાલ મનમાં રાખે.



જેણે માત્ર કૂવો જ જોયો છે એ અહંકારમાં વસે છે. જેણે જગત જોયું છે એને કદી અહંકાર ન આવે. વિરાટનો અનુભવ મેળવનારને પોતાની સામાન્યતાનો ખ્યાલ હોય છે. વિસ્તારનો અનુભવ મેળવનારને પોતાના સ્થાનની સમજ હોય છે.

મા નસરોવરનો રાજહંસ ઊડતો ઊડતો કૂવાના થાળા પર આવ્યો. પનિહારીઓ કૂવામાંથી પાણી ખેંચીને ચાલી ગઇ હતી. સૂરજ આથમતો હતો એ વેળાએ રાજહંસે કૂવામાંથી દેડકાનો અવાજ સાંભળ્યો.

કૂવાના થાળા પર રહેલા રાજહંસે કૂવામાં નજર કરી તો દેડકો બાદશાહી ઠાઠથી કૂવાની બખોલમાં બેઠો હતો અને સત્તાવાહી અવાજે પૂછતો હતો,

'અરે પક્ષી ! કોણ છે તું ? ક્યાંથી આવે છે ? આ દુનિયાની તને કશી જાણ છે ખરી ?'

રાજહંસે ઠાવકાઈથી જવાબ આપ્યો, 'હું આવું છું માનસરોવરથી. અમે રાજહંસ માનસરોવરમાં વસીએ છીએ. એ અહીંથી ઘણું દૂર છે.'

દેડકાએ કહ્યું, 'આ તારું માનસરોવર મારા આ ઘરના પા ભાગ જેટલું મોટું ખરું ? કારણ કે મારા ઘર (કૂવા) જેટલી વિશાળ જગતમાં કોઈ બાબત નથી.'

રાજહંસે નમ્રતાથી જવાબ આપ્યો, 'અમે જે માનસરોવરના વાસી છીએ તે માનસરોવર ઘણું વિશાળ છે. તેમાં મારા જેવા કેટલાય રાજહંસો વસે છે. મોતીનો ચારો ચરે છે.' દેડકાએ કહ્યું, 'કદાચ વિશાળ હશે, પરંતુ મારા આ ઘર જેવું મહાવિશાળ તો નહીં હોય.'

રાજહંસ કહે, 'ના, ના, આ તમારા ઘરથી તો કેટલુંય વિશાળ. તમે જે જગામાં રહો છો તેનાથી તો કેટલીય મોટી જગામાં આ સરોવર આવેલું છે.'

દેડકો ખડખડાટ હસી પડયો. અને બોલ્યો, 'ખરો છે તું ! થોડું જૂઠું બોલે તે તો સમજાય, પરંતુ તું તો સાવ ગપ્પું લગાવે છે.

આ કૂવાની પહોળાઈનો તને ખ્યાલ લાગતો નથી. દુનિયાની કોઈ વસ્તુ આ મારા ઘરથી મોટી નથી. સમજ્યો ને ?' રાજહંસે કહ્યું, 'ભાઈ, તેં આખીય જિંદગી કૂવામાં ગાળી. આ કૂવો તે જ તારી દુનિયા. બાકી બહાર આવીને જુએ તો ખબર પડે કે આ પૃથ્વી પર કેવાં મોટાં સરોવર અને વિશાળ સમુદ્ર છે. તેં કોઈ દિવસ કૂવાની બહાર નીકળીને દુનિયા દીઠી છે ?'

રાજહંસે આ વાત કરી, પરંતુ દેડકો એ માનવા તૈયાર જ નહોતો. એ તો એટલું જ કહે છે કે મારા કૂવા જેટલું વિશાળ જગતમાં બીજું કશું નથી. વર્તમાન સમયમાં ઘણા મોટા પ્રમાણમાં માણસો કૂપ મુંડક હોય છે. થોડા ઘણા વોટ્સઅપીયા કે ગુગલ ગુરૂના જ્ઞાનને આધારે પોતાને સર્વજ્ઞાની માને છે બ્રહ્માંડની વિશાળતા અને એમાં પોતાના સ્થાન વીશે ક્યારેય ચિંરી શકતા નથી. દરેક વ્યક્તિનું જગત ભલે વિશાળ થઈ ગયું હોય પણ આંતરિક જગત-વૈચારિક જગત સંકોચાતુ જાય છે. સંસારની વિશાળતાનું જ્ઞાન જાણતા હોવા છતાં માનવાની માનસિકતા નથી. આથી વ્યક્તિ પરેશાન થઈ રહ્યો છે.

# સંઘર્ષ વગર મળતા સુખનો આનંદ વધુ ટકતો નથી

એક પછી એક ખુશી મેળવીએ એક પછી એક સપનાંઓ પાછળ દોટ મૂકીએ અને જયારે જયારે તે સાકાર થઇ ત્યારે આપણને અને આપણાં પ્રિયજનોને જે ખુશી મળે તે અનેરી હોય છે.જો ભગવાન આપણને જોઈતી તમામ વસ્તુઓ એક સાથે આપી દે,બધાં સપનાંઓ એક વારમાં સાકાર કરી દે તો જીવનમાંથી એક પછી એક સપના પાછળ દોડવાનો અને તેને સાકાર કરવાનો આનંદ ઝુંટવાઈ જાય છે.માટે દોસ્તો, એક સાથે કંઈ ન માંગો.એકસાથે પ્રભુ આપે તેની રાહ જોવા કરતાં જીવનમાં એક પછી એક ખુશી મેળવવાનો આનંદ મેળવતાં રહો.



રસ્તા પર એક નાનકડો બાળક કપાયેલી પતંગની પાછળ દોડી પતંગ પકડી રહ્યો હતો.એક પછી એક પતંગ પકડી તે પોતાની નાની બહેનને સાચવવા આપી પાછો બીજો પતંગ પકડવા દોડી જતો હતો.એક એક પતંગ તે જયારે પકડતો ત્યારે તેના મોઢા પર એક અનેરી ચમક દેખાતી અને જયારે તે બહેનને પતંગ પકડીને આપતો તે વધુ ને વધુ ખુશ થતી અને કેટલી પતંગ થઇ તે ફરી ફરી ગણતી અને રાજી થતી. પતંગ પકડવાનો એક અલગ જ આનંદ તેઓ અનુભવી રહ્યાં હતાં. એક સમાજસેવક ત્યાંથી પસાર થયા. તેમણે આ દૃશ્ય જોયું. તેમને ચિંતા થઇ કે કાગળની પતંગ પકડવામાં આ બાળક રસ્તા પર દોડાદોડી કરે છે ક્યાંક તેને ઈજા ન થઇ જાય. તેમણે બે કોડી રંગબેરંગી પતંગ ખરીદ્યા અને પેલા બાળકને બોલાવી તેના હાથમાં આપ્યા અને તેણે પતંગ પકડવા પાછળ દોડવાની ના પાડી.

બે ઘડી તો બાળક એક સાથે આટલા બધા નવા પતંગ પોતાને મળી જવાથી રાજી રાજી થઇ ગયો. દોડીને નાની બહેન પાસે ગયો અને બધા પતંગ આપ્યા.એક સાથે આટલા નવા પતંગ પોતાના છે તે જાણી બહેન પણ ખુશ થઇ ગઈ. ભાઈ બહેન પાસે ઘણા બધા પતંગ થઇ ગયા.થોડી વાર સુધી તેનો આનંદ રહ્યો પણ પછી પેલો એક એક પતંગની પાછળ દોડી તેને પકડવાનો આનંદ યાદ આવવા લાગ્યો.દરેક પતંગની સાથે એક નવી ખુશી, એક નવો આનંદ મળતો હતો.બહેનના મોઢા પરની ખુશી બાળકને ફરી બીજો પતંગ પકડવા પ્રેરણા આપતી હતી. તે બધું જાણે ગાયબ થઇ ગયું.એક એક પતંગ જાત મહેનતે પકડવાનો આનંદ અનેરો હતો. આ પતંગ પકડવા જેવું જ આપણા જીવનની ખુશીઓ અને સપનાંઓના પતંગને પકડવા જેવું છે.

# સૌજન્યતા માટે પણ હાથમાં આવેલી તક જતી કરશો તો એ ફરી પાછી નહીં આવે

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બન્યા બાદ શ્રીમાન બીલ ગેટ્સનો એક ચેનલ પર ખાસ ઈન્ટરવ્યુ હતો.બીલ ગેટ્સના સ્વાગત બાદ ઈન્ટરવ્યુ લેનાર પત્રકારે બીલ ગેટ્સને તેમના બાળપણથી લઈને સફળતા સુધીના પ્રશ્નો પૂછ્યાપછી એક પ્રશ્ન જેના વગર ઈન્ટરવ્યુ અધુરો ગણાય તે પૂછ્યો કે 'સર, તમારી સફળતાનું રહસ્ય શું છે ?

આ પ્રશ્ન સાંભળી બીલ ગેટ્સ હસ્યા કઈ ન બોલ્યાઉભા થયા ખિસ્સામાંથી ચેક બુક કાઢી અને એક ચેક સહી કરી ઈન્ટરવ્યુ કરનાર પત્રકારના હાથમાં આપ્યો અને કહ્યું કે 'આ ચેક તારા માટે છે જે આંકડો ભરવો હોય તે ભરી લેજે!!!' પત્રકારને કઈ સમજાયું નહિ કે શું કરવું તે અવઢવમાં પડી ગઈ પછી ધીમેથી બોલી, 'સર, આ શું કરો છો ?? હું આ ચેક કઈ રીતે લઇ શકું??' બીલ ગેટ્સે ઘણો આગ્રહ કર્યો પણ ઈન્ટરવ્યુ લઈ રહેલ પત્રકારે ચેક ન સ્વીકાર્યો અને ઈન્ટરવ્યુ આગળ ચલાવવા વિનંતી કરી.



બીલ ગેટ્સ હસ્યા અને પત્રકારના પ્રશ્નોના જવાબ આપવા લાગ્યા.થોડા પ્રશ્નો બાદ પત્રકારે પોતાનો પ્રશ્ન થોડ જુદા શબ્દોમાં પૂછ્યો કે, 'સર, જે યુવાનો જીવનમાં સફળતા મેળવવા માંગતા હોય તેમને શું કરવું જોઈએ??' બિલ ગેટ્સ ફરી ઉભા થયા અને ફરીથી ચેક પત્રકારને આપ્યો પત્રકાર વળી મૂંઝાઈ તેને ફરીથી ચેક લેવાની મક્કમતાથી ના પાડી..પાછો પ્રશ્ન પૂછ્યો, 'સર તમને જે રોલ મોડેલ માને છે તેમણે તમારી પાસેથી ખાસ શું શીખવું જોઈએ.??' બીલ ગેટ્સે વળી ચેક આપ્યો અને પત્રકારણે ખુબ જ આગ્રહ કર્યો કે તે ચેક લઇ લે પણ પત્રકારે ચેક લેવાની ના પાડી અને વિનંતી કરી, 'સર, હું આમ તમારી પાસેથી ચેક લઇ ન શકું ..આપ 'ચેક ન આપો મારે પ્રશ્નનો જવાબ આપો કે તમારી સફળતાનું રહસ્ય શું છે ??.સફળતા મેળવવા શું કરવું જોઈએ ??'

બીલ ગેટ્સ ફરી એક વાર ચેક આપ્યો પણ પત્રકારે સ્વીકારવાની ના પડતા તેઓ હસ્યા અને કેમેરા સામે ચેક ફાડી નાખ્યો અને પછી બોલ્યા, 'ડીયર, મારી સફળતાનું રહસ્ય એ છે કે હું કોઈપણ નાની કે મોટી તક છોડતો નથીજેમ તે એક તક અત્યારે છોડી ,,જો તે ચેક સ્વીકારી લીધો હોત તો તું અત્યારે દુનિયાની સૌથી પૈસાદાર પત્રકાર હોત પણ તે ચેક ન સ્વીકાર્યો તક ગુમાવી જીવનમાં સામેથી આવતી કોઈપણ તક ન ગુમાવો આ પાઠ યાદ રાખો સફળતા મળશે.'

# વધુ પડતું AIનું અવલંબન મગજની શક્તિને કુંઠિત કરી નાંખશે

આપણા મગજને સતત કસરતની જરૂર હોય છે, જેમ શરીરના સ્નાયુઓને હોય છે. જ્યારે આપણે નાની નાની સમસ્યાઓ જાતે ઉકેલીએ છીએ, માહિતી યાદ રાખવાનો પ્રયાસ કરીએ છીએ, ગણતરીઓ જાતે કરીએ છીએ કે રસ્તો શોધવા માટે આસપાસનાં ચિહ્નો પર ધ્યાન આપીએ છીએ, ત્યારે આપણું મગજ સક્રિય રહે છે. તેની ન્યુરલ કનેક્શન્સ મજબૂત બને છે, યાદશક્તિ તેજ રહે છે અને સમસ્યા હલ કરવાની ક્ષમતા વિકસે છે, પરંતુ AI ના આગમનથી આ પ્રક્રિયામાં મોટો ફેરફાર આવ્યો છે.

હવે આપણે સામાન્ય ગણતરી માટે કેલ્ક્યુલેટર એપનો ઉપયોગ કરીએ છીએ, ફોન નંબર યાદ રાખવાને બદલે કોન્ટેક્ટ લિસ્ટ પર નિર્ભર રહીએ છીએ, જોડણી અને વ્યાકરણ ચકાસવા માટે AI ટૂલ્સનો ઉપયોગ કરીએ છીએ, અને રસ્તો શોધવા માટે સંપૂર્ણપણે GPS પર આધાર રાખીએ છીએ. આ બધી સુવિધા નિઃશંકપણે ઉપયોગી છે, પરંતુ તે અજાણતાં જ આપણા મગજને મળતી રોજિંદી કસરત ઘટાડી રહી છે. જેમ નિયમિત કસરતના અભાવે શરીરના સ્નાયુઓ નબળા પડી જાય છે તેમ માનસિક કસરતના અભાવે આપણી જ્ઞાનાત્મક ક્ષમતાઓ જેમ કે યાદશક્તિ, ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ, અને તાર્કિક વિચારસરણી કુંઠિત થઈ શકે છે.

આપી દે છે. બીજી મહત્ત્વની વાત પરિશ્રમની છે. અંઈ આપણો ઘણો સમય અને શ્રમ બચાવે છે. જે કાર્યો પહેલાં કલાકો માંગી લેતા હતા, તે હવે મિનિટોમાં થઈ જાય છે. રિસર્ચ કરવું, ડેટા એનાલિસિસ કરવાં, ભાષાંતર કરવું કે પછી ઈમેલનો મુસદ્દો તૈયાર કરવો આ બધું કામ AI સરળતાથી કરી આપે છે. આનાથી આપણને જે સમય મળે છે, તે સૈદ્ધાંતિક રીતે તો સારી વાત છે, પરંતુ, ઘણીવાર પરિશ્રમનો અભાવ આપણને માનસિક સંતોષથી વંચિત રાખે છે. કોઈ પડકારજનક કાર્ય જાતે પૂર્ણ કર્યા પછી જે સિદ્ધિની ભાવના અને આત્મવિશ્વાસ જાગે છે તે કદાચ AI દ્વારા સરળતાથી કામ પતાવી દેવાથી નથી મળતો.

પરિશ્રમ માત્ર શારીરિક જ નહીં, માનસિક પણ હોય છે. જ્યારે આપણે કોઈ સમસ્યા પર વિચાર કરીએ છીએ, સંઘર્ષ કરીએ છીએ અને અંતે ઉકેલ શોધી કાઢીએ છીએ, ત્યારે તે પ્રક્રિયા આપણને વધુ સક્ષમ બનાવે છે. AI આ સંઘર્ષ અને પરિશ્રમને બાયપાસ કરી દે છે, જે લાંબા ગાળે આપણી સહનશક્તિ અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતાને ઘટાડી શકે છે.

ટૂંકમાં, આ બધા સાથે જોડાયેલો એક વધુ ગંભીર મુદ્દો છે મનનું વહેલું ફ્રી થઈ જવું અને પછી શરૂ થઈ જાય છે આપનું



ઓવર થિંકિંગ. AI આપણું કામ ઝડપથી પતાવી દે પછી આપણું મન અપેક્ષા કરતાં વહેલું 'ફ્રી' અથવા 'નવરું' થઈ જાય છે. સામાન્ય રીતે, જ્યારે આપણે કોઈ કાર્યમાં વ્યસ્ત હોઈએ છીએ, ત્યારે આપણું મન તેમાં કેન્દ્રિત રહે છે, પરંતુ જ્યારે આપણી પાસે કરવા માટે કશું ન હોય (અથવા AI એ બધું સંભાળી લીધું હોય) ત્યારે આપણું મન ભટકવા લાગે છે. આ કિસ્સામાં, ખાલી પડેલું મન ઘણીવાર ઓવર થિંકિંગનો શિકાર બને છે. તે ભૂતકાળની ઘટનાઓ, ભવિષ્યની ચિંતાઓ અથવા નકારાત્મક વિચારોના ચક્રમાં ફસાઈ જાય છે. જે કામ પહેલા આપણને વ્યસ્ત રાખતું હતું અને માનસિક રીતે રોકાયેલું રાખતું હતું, તેના અભાવે મન વિચારોના એવા વમળમાં અટવાઈ જાય છે જે તણાવ, ચિંતા અને ઉદાસીનતા તરફ દોરી શકે છે. આ સતત ઓવર થિંકિંગ માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે અને લાંબા ગાળે ગંભીર માનસિક સમસ્યાઓનું કારણ બની શકે છે.તો શું આનો અર્થ એ છે કે આપણે AI નો ઉપયોગ કરવાનું બંધ કરી દેવું જોઈએ? બિલકુલ નહીં. AI એક શક્તિશાળી સાધન છે અને તેનો સમજદારીપૂર્વક ઉપયોગ આપણા જીવનને વધુ સારું બનાવી શકે છે. સમસ્યા અંઈ માં નથી, પરંતુ તેના પરની આપણી આંધળી અને વધુ પડતી નિર્ભરતામાં છે. આપણે સંતુલન શોધવાની જરૂર છે. આપણે અંઈ નો ઉપયોગ એક સહાયક

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ AI એ આજના યુગની ક્રાંતિકારી ટેકનોલોજી છે. રોજિંદા જીવનના લગભગ દરેક પાસામાં તેની હાજરી વધી રહી છે. સ્માર્ટફોનના આસિસ્ટન્ટથી લઈને નેવિગેશન એપ્સ સુધી, સ્વાસ્થ્ય સંભાળથી લઈને મનોરંજન સુધી, AI આપણને અભૂતપૂર્વ સગવડ અને કાર્યક્ષમતા પ્રદાન કરી રહ્યું છે. તે આપણું કામ સરળ બનાવે છે, સમય બચાવે છે અને જટિલ સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરે છે, પરંતુ, જેમ દરેક સિક્કાની બે બાજુ હોય છે, તેમ અંઈ પરની આપણી વધતી જતી નિર્ભરતા કેટલીક ચિંતા પણ ઊભી કરે છે. સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે, શું આવો વધુ પડતો આધાર લાંબા ગાળે આપણા માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક તો નહીં થાયને? શું તે આપણને માનસિક રીતે નિષ્ક્રિય અને કદાચ, મનોરોગી બનાવી શકે છે? AI પરની વધુ પડતો આધાર આપણને સીધા મનોરોગી બનાવી દેશે તેમ કહેવું પણ કદાચ અતિશયોક્તિભર્યું હશે. આમ છતાં તે ચોક્કસપણે આપણા માનસિક સ્વાસ્થ્ય માટે જોખમો ઊભાં કરે છે એ હકીકત છે. લાંબા ગાળે આપણી જ્ઞાનાત્મક ક્ષમતાઓ અને માનસિક સુખાકારી પર નકારાત્મક અસર કરી શકે છે તેથી, ટેકનોલોજીના આ યુગમાં, આપણે AI નો ઉપયોગ સંતુલિત અને સભાન રીતે કરવો અત્યંત જરૂરી છે, જેથી આપણે તેના લાભો માણી શકીએ અને સંભવિત નુકસાનથી બચી શકીએ. આપણું માનસિક સ્વાસ્થ્ય આપણી પોતાની જવાબદારી છે, અને ટેકનોલોજીનો સમજદારીપૂર્વક ઉપયોગ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણે સભાનપણે કેટલીક બાબત જાતે કરવાનો પ્રયાસ કરવો જોઈએ. નાની ગણતરીઓ મનમાં કરવી, ક્યારેક GPS વગર રસ્તો શોધવાનો પ્રયાસ કરવો, મહત્ત્વની માહિતી યાદ રાખવાનો પ્રયાસ કરવો અને કોઈ વિષય પર વિચારતા પહેલા સીધા અંઈ ને પૂછવાને બદલે જાતે મંથન કરવું આવી નાની નાની આદત આપણા મગજને સક્રિય રાખવામાં મદદ કરી શકે છે. AI દ્વારા બચાવેલા સમયનો ઉપયોગ આપણે રચનાત્મક કાર્યો, શોખ કેળવવા, શારીરિક કસરત કરવા, સામાજિક સંબંધો મજબૂત કરવા અથવા નવી કુશળતા શીખવામાં કરવો જોઈએ, નહીં કે માત્ર નવરા બેસીને ઓવર થિંકિંગ કરવામાં.

# ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બેલેટ પેપરથી મતદાન કરાવવા સુચના

## આયોગ દ્વારા વિકાસ કમિશનર અને ડીડીઓને કાઉન્ટિંગ હોલ સહિતની તૈયારીઓ કરવા આદેશ અપાયો

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ઘોંચમાં પડી હતી અને વહીવટદારો દ્વારા શાસન ચલાવવામાં આવતું હોવાથી ગ્રામ્ય વિસ્તારનો વિકાસ અટકી પડ્યો હોવાની અનેક વખત ફરિયાદો કરવામાં આવી હતી. તાજેતરમાં જ આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવામાં આવી હતી અને ગ્રામ પંચાયતની ચૂંટણીનો માર્ગ મોકળો કરાયો હતો. ત્યાર બાદ ચૂંટણીઓની તૈયારીઓ કરવા રાજ્ય સરકારે પણ આદેશો જારી કરવામાં આવ્યા હતાં. ગ્રામ્ય પંચાયતની ચૂંટણી બેલેટ પેપરથી યોજવા માટે આયોગ દ્વારા વિકાસ કમિશનર અને ડીડીઓને સુચના આપવામાં આવી છે. ગુજરાતમાં ગ્રામ પંચાયતની




ચૂંટણીઓને લઈને આખરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવા માટે સૂચના આપી દેવાઈ છે. વિકાસ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીને બેલેટ પેપર અને કાઉન્ટિંગ હોલ સહિતની તૈયારીઓ કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અધિકારીઓને તૈયારીઓ માટે સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવાની આખરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ૧-૪-૨૦૨૨ થી ૩૦-૬-૨૦૨૫ સુધી મુદ્દત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. આ ઉપરાંત વિસર્જન થયેલી તથા મધ્યસત્ર ચૂંટણીને લઈ પૂર્વ તૈયારીઓ માટે કાર્યવાહી કરવા સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વિકાસ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીઓને તૈયારીઓ માટે સૂચના આપી દેવામાં આવી છે.

અગાઉ રાજ્ય ચૂંટણી આયોગે તમામ જિલ્લા કલેકટરો, પ્રાંત અધિકારીઓને પત્ર લખીને ગ્રામ પંચાયતની ચૂંટણી માટે તૈયાર રહેવા આદેશ કર્યો હતો. જેમાં મતદાન મથકો મંજૂર કરવા અને તેની ચકાસણી કરી પ્રમાણપત્રો મેળવી લેવા આદેશ કરાયો હતો. તે ઉપરાંત કલેકટરને લખાયેલા આ પત્રમાં ગ્રામ પંચાયતોના ચૂંટણી અધિકારી તરીકે નાયબ મામલતદારો, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારીઓ તેમજ ચૂંટણી કામગીરીના અનુભવી કર્મચારીની નિયુક્તિ કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી જેના કારણે સમગ્ર રાજ્યમાં તણાવ જોવા મળ્યો હતો. છેલ્લા અઠવાડિયાથી ગુજરાતમાં પણ પાકિસ્તાન દ્વારા સરહદી વિસ્તારોમાં હુમલા કરવામાં આવ્યા હતાં. શનિવારે સીઝ ફાયર થતાં સવે આંશિક રાહત મેળવી હતી. આ હુમલાઓના કારણે ગુજરાતમાં મોટાભાગના આયોજનો અટકી પડ્યા હતા ત્યારે યુદ્ધની સ્થિતિ ટળતા અટકી પડેલા આયોજનો રાજ્ય સરકારે ફરી હાથ પર લીધા છે.

# ઘુસણખોરી-ચંડોળા તળાવ બાદ તંત્ર એલર્ટ થયું

# રાજ્યમાં શંકાસ્પદ ૫૦૦ પાસપોર્ટ-ધારકોની તપાસ કરતી એજન્સીઓ

## પોલીસ સ્ટેશનમાં આપેલી અરજીઓની તપાસ શરૂ

## દસ્તાવેજોમાં નામ બદલી પાસપોર્ટ મેળવી લીધાનું અનુમાન

**સમય મિરર | રાજકોટ**

ભારતીય નાગરિકને વિદેશ પ્રવાસ કરવા માટે સૌ પ્રથમ ભારતીય પાસપોર્ટ હોવો જરૂરી છે. જન્મનું પ્રમાણપત્ર/સ્કુલ લીવિંગ, આધાર કાર્ડ સહિતના રહેઠાણના પુરાવા Indian Passport મેળવવા માટે અરજદાર પાસે હોવા જરૂરી છે. આ દસ્તાવેજો વિના ભારતીય પાસપોર્ટ મેળવવો અસંભવ છે. જો કે, બાંગ્લાદેશી ઘૂસણખોર કે પાડોશી દેશમાંથી ઘૂસી આવેલા ત્રાસવાદી પણ ભારતીય Passport આસાનીથી મેળવી શકે છે અને તેનું ઉદાહરણ અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પોલીસ ચોપડે નોંધેલો કેસ છે.




પોલીસ કસ્ટડીમાં રહેલી બાંગ્લાદેશી મહિલાના પાકિસ્તાન કનેકશનની તપાસ ચાલી રહી છે. અત્રે નોંધનીય છે કે, ક્રાઈમ બ્રાંચે બોગસ દસ્તાવેજો તૈયાર કરાવી આપી પાસપોર્ટ કચેરીમાં ગોઠવણ ધરાવનારા આંતરરાજ્ય એજન્ટોની ઓળખ કરી લીધી છે અને આગામી દિવસોમાં આ મામલે વધુ ઘટસ્ફોટ કરશે. છેલ્લાં કેટલાંક મહિનાઓથી ચંડોળા તળાવમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ અને બાંગ્લાદેશી ઘૂસણખોરોની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ચલાવી રહી હતી. બાંગ્લાદેશી ઘૂસણખોરો (Bangladeshi Infiltrators) અને તેમના પરિવારે Indian Passport બનાવી લીધા હોવાની કિસ્સા ભૂતકાળમાં અનેક વખત સામે આવી ચૂક્યાં છે. આ જ કારણે ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારીએ કોવિડ મહામારી (Covid Pandemic) બાદ અમદાવાદ શહેરના સરનામે નીકળેલા શંકાસ્પદ પાસપોર્ટની ખાનગી રાહે તપાસ આરંભી હતી. તપાસ દરમિયાન ૫૦૦ જેટલાં શંકાસ્પદ Indian Passport ની માહિતી સામે આવી છે. અમદાવાદના જુદાજુદા પોલીસ સ્ટેશનની હદમાં રહેતા ૫૦૦ જેટલાં લોકોની પાસપોર્ટ અરજી બાદ પોલીસ તપાસમાં વાંધો કેમ આવ્યો હતો ? પાસપોર્ટ અરજદાર મૂળ ભારતીય નાગરિક છે કે નહીં ? આવી બાબતોને લઈને તપાસ શરૂ કરાઈ છે. જેમાં કેટલાંક બાંગ્લાદેશી ઘૂસણખોરોએ આધાર કાર્ડ સહિતના દસ્તાવેજોમાં નામ બદલી નાંખી પાસપોર્ટ મેળવી લીધા છે.

Crime Branch Ahmedabad ની તપાસમાં સૌ પ્રથમ ઝોયા રાજપૂતના એક શંકાસ્પદ Indian Passport ની માહિતી મળી હતી. અમદાવાદના નારોલ વિસ્તારમાં હાલ પતિ અને આઠેક મહિનાના સંતાન સાથે રહેતી ઝોયાની પોલીસે પૂછપરછ તપાસ કરતા ચોંકાવનારી હકિકતો સામે આવી છે. મૂળ બાંગ્લાદેશની ઢાકા (Dhaka Bangladesh) ના નારાયણગંજની રહીશ ઝરના શેખ વર્ષ ૨૦૧૪માં ઘૂસણખોરી કરી ભારતમાં પ્રવેશી હતી. ત્રણેક વર્ષ મુંબઈ-અમદાવાદની વચ્ચે અવરજવર કરનારી ઝોયા વર્ષ ૨૦૧૬માં અમદાવાદના નારોલ વિસ્તારમાં ભાડાનું મકાન રાખીને રહેવા લાગી હતી. મર્હુમ યુનુસ નામના એક શખ્સ થકી તેણીએ વર્ષો અગાઉ આધારકાર્ડ કઢાવ્યું હતું તેમજ અન્ય એક શખ્સ થકી ઉત્તરપ્રદેશ ખાતેથી ૬૦ હજાર રૂપિયામાં જન્મનું પ્રમાણપત્ર કઢાવ્યું. વર્ષ ૨૦૧૮માં ઝોયાએ અમદાવાદ આરપીઓ (RPO Ahmedabad) ખાતે પાસપોર્ટ માટે ઑનલાઈન અરજી કરી હતી. નારોલ વિસ્તારના સરનામે રહેતી ઝોયાને પાસપોર્ટ આપવામાં વાંધો હોવાનો ત્રણ-ત્રણ વખત સ્થાનિક પોલીસે રહેઠાણ બાબતે રિપોર્ટ કર્યો હતો. આમ છતાં, Ahmedabad RPO એ ભાડા કરારના આધારે ઝોયા રાજપૂતને Indian Passport જારી કરી દીધો હતો.

### ઝોયાના પાકિસ્તાન કનેકશનની તપાસ જારી

Zoya Rajput Passport કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચને Pakistan Connection હાથ લાગ્યું છે. UAE સહિતના દેશોમાં ભારતીય પાસપોર્ટ આધારે પ્રવાસ કરી આવેલી બાંગ્લાદેશી મહિલા ઝરના ઉર્ફે ઝોયાના UAE સ્થિત બેંક એકાઉન્ટમાં બે-ત્રણ ટ્રાન્ઝેક્શન થકી ૫૦ લાખ રૂપિયા જેટલી રકમ જમા થઈ છે. આ રકમ દુબઈ સ્થિત એક કંપનીમાંથી ઝોયાના બેંક એકાઉન્ટમાં આવી છે. જે કંપનીમાંથી લાખો રૂપિયા ઝોયાના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા છે તેના કર્તાહર્તા પાકિસ્તાનના છે. પૂછપરછ દરમિયાન ઝોયા લાખો રૂપિયા તેના બાંગ્લાદેશ ખાતે રહેતા ભાઈએ મોકલ્યા હોવાનું રટણ કરી રહી છે.

# તણાવ હળવો થતાં સરકારી કર્મચારીની રજાઓ મંજુર કરવા સરકારનો આદેશ

## ફોન અને ઈ-મેઈલ ફરજિયાત સંપર્કમાં રહેવા માટે સુચના

**સમય મિરર | ગાંધીનગર**

તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી અને યુદ્ધસદશ સ્થિતિ સર્જાતા, રાજ્ય સરકારે તમામ કર્મચારીઓની રજાઓ રદ કરી દેવાઈ હતી. સરકાર તરફથી દરેક વિભાગના કર્મચારીઓ-બોર્ડ, નિગમ, કોર્પોરેશન અને પંચાયત-ને તાત્કાલિક ફરજ પર રહેવા માટે સૂચના અપાઈ હતી.



પરંતુ હવે ૧૦મેના રોજ બંને દેશોએ સીઝફાયર જાહેર કરતાં, સ્થિતિ ધીમે ધીમે સામાન્ય બનવા લાગી છે. પરિણામે, રાજ્ય સરકારે મોટો નિર્ણય લેતાં તમામ કર્મચારીઓની રજાઓ ફરી મંજૂર કરવાની છૂટ આપી છે. જનજીવન ફરી પૂર્વવત થઈ રહ્યું હોવાથી, કર્મચારીઓને હવે તેમના રજાના હકનો લાભ લઈ શકાશે.

રાજ્ય સરકારે આ નિર્ણય સાથે એક શરત પણ મુકેલી છે-કોઈ પણ અનિવાર્ય પરિસ્થિતિમાં કર્મચારીઓને તાત્કાલિક ફરજ પર હાજર થવું પડશે. ઉપરાંત રજાની અવધિ દરમિયાન તેઓએ ફોન અને ઈમેલ જેવા માધ્યમો દ્વારા સતત સંપર્કમાં રહેવું ફરજિયાત રહેશે.

હાલ રાજ્યસેવા, પંચાયત સેવા અને અન્ય સંસ્થાઓને મળીને કુલ ૪.૭૮ લાખ સરકારી કર્મચારીઓ વિવિધ વિભાગોમાં ફરજ બજાવે છે. તેમની કામગીરી સરકાર માટે મહત્વની ગણાય છે, અને આવા સંજોગોમાં પણ કામગીરીમાં કોઈ ખલેલ ન પડે એ માટે રજાઓ અંગે આ નિયંત્રિત છૂટ અપાઈ છે.

# માંડલના હાંસલપુર ચોકડી પાસે થી ૬.૩૧ લાખનો વિદેશી દારૂ પકડાયો

## રાજસ્થાનના ત્રણ શખ્સની અટકાયત કરી



**સમય મિરર | વિરમગામ**

માંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર ના હાંસલપુર પોલીસે બાતમીના આધારે હાંસલપુર ચોકડી પાસે બાતમી વાળી બે કાર આવતા તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ ચાલકે કાર ઉભી ન રાખી પૂરઝડપે ભગાડી દીધી હતી.પોલીસે કાર નો પીછો કરી ટી.પી.રોડ પાસે આંતરીને ઝડપી લીધી હતી.પોલીસે લકઝુરીયસ કારમાં થી રૂ.૬.૩૧ લાખ નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો.પોલીસે આરોપી શાંતિરામ સમારામ ભાંટ રહે.કીલુવા, રાજસ્થાન, પુખરાજ વેલારામ પટેલ,રહે.ગાંગ, રાજસ્થાન,આશુરામ રામારામ ભાટ,રહે.કીલુવા, રાજસ્થાન, જે ત્રણેય ની અટકાયત કરી ને હાંસલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મીટર નહીં લગાવનાર રિક્ષા-ચાલકો વિરુદ્ધ કરાઈ કાર્યવાહી

## અમદાવાદમાં ૨૮૧૧૨ ચાલકો ઝપટે ચડ્યા : દોઢ કરોડ દંડ વસુલાયો



**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના રિક્ષા ચાલકો વિરુદ્ધ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. મિટર ન લગાવનાર રિક્ષા ચાલકોને પોલીસે દંડ ફટકાર્યો છે. ૨૮૧૧૨ રિક્ષા ચાલકો સામે પોલીસે કાર્યવાહી કરી છે. કારણ કે આ રિક્ષા ચાલકોએ મીટર લગાવ્યું નહોતું. રિક્ષા ચાલકો પાસેથી કુલ ૧.૫૬ કરોડનો દંડ વસુલ કરવામા આવ્યો છે. સાથે જ રિક્ષામા મિટર ન લગાવનારની રિક્ષા પણ આગામી સમયમા ડીટેઈન કરવામા આવી શકે છે. તમને જણાવી દઈએ કે, ૧ જાન્યુઆરી ૨૦૨૫થી રિક્ષામા મીટર લગાવવું અને તેને ચાલુ હાલતમાં રાખવું ફરજિયાત કરવામાં આવ્યુ હતું. તેમ છતાં ઘણા રિક્ષા ચાલકો આ નિમયોનું પાલન કરતા નહોતા તેથી તેમને પોલીસે દંડ ફટકાર્યો છે. અગાઉ રિક્ષા ચાલકો ભાડુ વધુ વસુલતા હોવાની ફરિયાદ સામે આવી હતી. ત્યાર બાદ ટ્રાફિક પોલીસે રિક્ષા ચાલકોને મીટર લગાવવા અપીલ કરી હતી અને સાથે ટ્રાફિક પોલીસે કડક વલણ દાખવાની પણ જાહેરાત કરી હતી.

# નખત્રાણાના નાગલપર ગામે પોલીસની હાજરીમાં કુકમા આશ્રમના મહંત રામગિરિ પર થયો હુમલો

## ગુરૂ ગરવા સમાજના સમુહલગ્નમાં બનેલા બનાવથી ચકચાર : સાત શખ્સો સામે ફરિયાદ

**સમય મિરર | ભૂજ**

નખત્રાણાના નાગલપર ખાતે ગુરુ ગરવા સમાજના ૧૮મા સમૂહલગ્નનું આયોજન કરાયું હતું, જ્યાં સમાજના લોકો સાથે કુકમા આશ્રમના મહંત રામગિરિ મહારાજને પણ બોલાવીને સ્ટેજ પર સ્થાન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન મહાનુભાવોના સન્માન સમયે માંડવીના વકીલ રમણિક ગરવાએ હજારો લોકોની હાજરીમાં મહંત પર હીચકારો હુમલો કરતાં સનસનાટી મચી જવા પામી હતી.



આ સમૂહલગ્નમાં વિઘ્ન ઊભું કરવા આરોપીઓએ અગાઉ વ્હોટસએપ ગ્રુપોમાં ભડકાઉ લખાણ લખીને સમૂહલગ્નમાં આવનારા મહેમાનોનું અપમાન અને ઝઘડો કરવાની ધમકીઓ આપી હોવાની રજૂઆત સમાજના હોદ્દેદારોએ ચાર દિવસ અગાઉ જ પશ્ચિમ કચ્છ એસ.પી. તેમજ નખત્રાણાના પોલીસ અધિકારીઓને કરી હતી. એને લઈને પોલીસ-બંદોબસ્ત પણ ગોઠવાયો હતો છતાં પણ આરોપીએ મહંત પર હુમલો કર્યો હતો. આ અંગે મહંતે હત્યાના પ્રયાસ બદલ માંડવીના વકીલ રમણિક ગરવા તથા તેના સાગરીત વિશાલ રવિલાલ ગરવા (રહે. મિરજાપર, ભુજ), દીપક તુલસી ગરવા (રહે. અંગિયા, નખત્રાણા), પ્રકાશ દેવજી ગરવા (રહે. મથલ, નખત્રાણા), ભદ્રેશ ભવાનભાઈ ગરવા (રહે. માધાપર, ભુજ), ધવલ હિરાભાઈ દવે (રહે. નખત્રાણા) અને ભરત પુંજાભાઈ ગરવા (રહે. નખત્રાણા) સામે નખત્રાણા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. મહંતે ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, એકાદ વર્ષ અગાઉ રમણિકે તેમના આશ્રમ ખાતે આવીને માથાકૂટ કરેલી અને એ અન્વયે તેની સામે પધ્ધર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# રાજ્યમાં તા. ૧૮થી ૨૦ જૂન શાળા પ્રવેશોત્સવ, કેળવણી મહોત્સવ

## શિક્ષણ વિભાગ દ્વારા કાર્યક્રમ જાહેર કરાયો

**સમય મિરર | ગાંધીનગર**

મુખ્યમંત્રી કક્ષાએ બ્રિફિંગ પણ યોજાશે સારુ અને ઉચ્ચ કોટીનું જીવન જીવવાની રીત શીખવતું જ્ઞાન આપનાર એક માત્ર માધ્યમ એટલે શિક્ષણ. સમાજના તમામ વર્ગોના સંતાનો માટે શિક્ષણ સરળ અને સુલભ બને તે હેતુસર વાલીઓ પોતાના બાળકને શાળાએ મોકલે છે. ત્યારે હવે શાળા પ્રવેશોત્સવની તારીખ જાહેર કરવામાં આવી છે.

ગુજરાતની નવી પેઢીમાં સારા સંસ્કાર અને સારી વિદ્યાનું સિંચન થાય તે હેતુસર શાળા પ્રવેશોત્સવનું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. આ દરમિયાન શાળા પ્રવેશોત્સવની તારીખ જાહેર કરવામાં આવી છે. ૧૮થી ૨૦ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. સાથે જ અધિકારીઓ શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવશે. અધિકારીઓ એક પ્રાથમિક શાળા, બે માધ્યમિક શાળા તો એક ઉચ્ચતર માધ્યમિક શાળાની મુલાકાત લેશે. કન્યા કેળવણી મહોત્સવ પણ યોજાશે. સાથે જ મુખ્યમંત્રી કક્ષાએ બ્રિફિંગ પણ યોજાશે.

તમને જણાવી દઈએ કે, સમાજના તમામ વર્ગોના સંતાનો માટે શિક્ષણ સરળ અને સુલભ બને છેવાડાના પરિવારો અને ગામડાના વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર શિક્ષણની સુવિધા આપીને સાક્ષરતા દરમાં વધુને વધુ વૃદ્ધિ કરવા શાળા પ્રવેશોત્સવનું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધારવા સાથે દીકરીઓના અભ્યાસને વેગ આપવા આ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

# વડોદરામાં બે લાખની લાંચ લેતા ખાણ ખનિજ વિભાગના અધિકારી ઝડપાયા

## કચેરીના તમામ સ્ટાફને આરોપી બનાવાયા

## રાજયમાં બનેલી પ્રથમ ઘટનાથી ચકચાર

**સમય મિરર | વોડદરા**

વડોદરા ખાણ ખનીજ વિભાગ કચેરીમાં ૨ લાખની લાંચ લેતા બે અધિકારીને ACBએ ઝડપી પાડ્યા હતા. આ ઘટનામાં વડોદરા ખાણ ખનીજ વિભાગ કચેરીના ૪ અધિકારી આરોપી બન્યા છે. બે લાખની લાંચના કેસમાં આખી ઓફિસનો સ્ટાફ આરોપી બન્યો હતો. રેતીના સ્ટોક કરવા કરેલી ઓનલાઇન અરજી મંજૂર કરવા માટે ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ લાંચ માંગી હતી.

બનાવની વિગતો જોઇએ તો આ કામના ફરીયાદીએ ખાણ ખનીજ વિભાગ, વડોદરા ખાતે રેતીનો સ્ટોક કરવા અંગેની ઓનલાઇન અરજી કરી હતી. જે અરજીના કામે આ કામના



આરોપી નંબર-૧ યુવરાજસિંહ દિલીપસિંહ ગોહિલ, સિનિયર કલાર્ક ખાણ ખનીજ વિભાગ કોઠી કચેરી, વડોદરાને મળ્યા હતા.જે ફરીયાદીની અરજી મંજુર કરવાના કામે કચેરીના તમામ સ્ટાફે વ્યવહાર પેટે ૨ લાખની લાંચની માંગણી કરી હતી. જે લાંચની માંગણીની રકમ ફરિયાદી આપવા માંગતા ના હોય તેમની ફરીયાદના આધારે ૧૨ મેએ લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કામના આરોપી યુવરાજ સિંહ ગોહિલ ફરીયાદીને લાંચની રકમ લઇ પ્રેમાવતી રેસ્ટોરન્ટ,BAPS હોસ્પિટલ, વડોદરા ખાતે બોલાવ્યા હતા. જ્યાં આરોપી યુવરાજ સિંહ ગોહિલે ફરિયાદી પાસેથી રૂબરૂ હેતુલક્ષી વાતચીત કરી લાંચની માંગણી કરી સ્વીકારતા પકડાઇ ગયા હતા. આ કામના ચારેય આરોપી યુવરાજસિંહ ગોહિલ, રવિકુમાર મિસ્ત્રી, કીરણભાઇ પરમાર અને સંકેતભાઇ પટેલ, રોયલ્ટી ઇંસ્પેક્ટર મોબાઇલ ઉપર લાંચ લેવા અંગેની સંમત્તિ આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યો હતો.

### રૂા. ૬૦૦ થી ૧૧૦૦ સુધીનો ભાવ બોલાયો

# ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરીના ૩૪,૯૪૯ બોક્સની આવક

**સમય મિરર | ગોંડલ**

વર્તમાન સિઝનમાં વાતાવરણમાં આવેલા પલ્ટાથી કેસર કેરીના પાકને વધારે અસર થઈ છે. છતાં પણ સૌરાષ્ટ્રના યાર્ડોમાં કેસર કેરીની આવક સતત થઈ રહી છે. ગોંડમલાં છેલ્લા ૧૫ દિવસથી ઢગલા મોંઢે કેસર કેરી ઠલવાઈ રહી છે. ત્યારે વધુ ૩૪,૯૪૯ જેટલા બોક્સની આવક થઈ હતી. જેમાં રૂપિયા ૬૦૦થી લઈ ૧૧૦૦ સુધીના ભાવ બોલાયા હતાં.

ગોંડલ યાર્ડમાંથી મળતી માહિતી મુજબ યાર્ડમાં આજે કેસર કેરીના ૩૪,૯૪૯ બોક્સ, હાફુસના ૬૯૪ બોક્સ, બાદામ કેરીના ૧૦૮૦ બોક્સ, રાજાપુરીના ૭૭ બોક્સની આવક થઈ હતી. જેમાં હાફુસ કેરીમાં ૧૦ કિ.ગ્રા.ના બોક્સના ૫૦૦થી ૯૦૦, બદામ કેરીના ૩૦૦થી ૫૦૦ અને રાજાપુરીના



૪૫૦થી લઈ ૫૫૦ સુધીના ભાવ બોલાયા હતાં. યાર્ડમાં કેરીની ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે અને ઢગલા મોંઢે કેસર કેરીની ખરીદી કરી રહ્યા છે.

હાલ અથાણાની પણ સીઝન ચાલી રહી હોવાથી કાચી કેરીની આવક પણ ગોંડલ યાર્ડમાં થઈ રહી છે આજે પણ કાચી કેરીના ૨૧૦ બોક્સ આવ્યા હતા જેનો ૨૦ કિલોનો ભાવ ૨૦૦થી ૮૦૦ રૂપિયા બોલાયો હતો. આગામી દિવસોમાં કેરીની આવક હજુ વધુ થવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

# પાલિતાણા-સોનગઢ હાઈ-વે પર બોલેરો પલટી મારી જતાં ૧૫ મુસાફરો ઈજાગ્રસ્ત

## ઘાયલોને સારવાર માટે ભાવનગર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા

**સમય મિરર | ભાવનગર**

પાલીતાણામાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. પાલીતાણા-સોનગઢ હાઈવે (Palitana-Songadh Highway) પર બોલેરો પીકઅપ વાન પલટી મારી હતા તેમાં સવાર ૬-૭ લોકોને ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્ત તમામ લોકોને પ્રથમ પાલીતાણા અને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પાલીતાણાનાં ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા પણ સ્થળ પર દોડી આવ્યા હતા. આ મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત મહિતી અનુસાર, ભાવનગર જિલ્લાનાં પાલીણાતામાં ગોઝારો અકસ્માત સર્જાયો છે.



પાલિતાણાથી સોનગઢ આવી રહેલું બોલેરો પીકઅપ વાહન પાલીતાણા-સોનગઢ હાઈવે પર અચાનક પલટી મારી ગયું હતું. આ અકસ્માતમાં વાનમાં સવાર ૬-૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતાં પાલીતાણાનાં ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા અને સ્થાનિક પોલીસની ટીમ સ્થળ પર દોડી આવ્યા હતા. માહિતી અનુસાર, અકસ્માતમાં ઈજાગ્રસ્ત તમામ લોકોને પાલીતાણા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ (Bhavnagar's Sir.T. Hospital) ખસેડવામાં આવ્યા છે. રાહતની વાત એ છે કે હાલ અકસ્માતમાં કોઈ જાનહાનિનાં સમાચાર નથી. અકસ્માત થતાં હાઈવે પર થોડીવાર માટે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી.

### ૨૨૦૦ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથે ૨ કિમી લાંબી તિરંગા યાત્રા

# ભારતીય સેનાને ગુજરાતીઓ તરફથી મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા

## ‘ભારત માતા કી જય’ના નારા લાગ્યા, મુસ્લિમો પણ જોડાયા

**સમય મિરર | અમદાવાદ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ઓપરેશન સિંદૂર મારફત ભારતીય સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય સેનાનાં પરાક્રમને બિરદાવવા અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં CM, ધારાસભ્યો, કોર્પોરેટરો, મંત્રી સહિત મોટી સંખ્યામાં લોકો આ યાત્રામાં જોડાયા હતા. CMએ યાત્રાના પ્રસ્થાન પહેલા ઓપરેશન સિંદૂરને લઇ PM અને ભારતીય સેનાને ગુજરાતની જનતા તરફથી અભિનંદન પાઠવ્યા હતા.





યાત્રામાં ૬૮૦ મીટર એટલે કે ૨૨૦૦ ફૂટથી વધુ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે AMC સ્કૂલ બોર્ડના શિક્ષકો જોડાયા હતા. મુસ્લિમોએ પણ યાત્રામાં જોડાઈ 'ભારત માતા કી જય અને વંદે માતરમ'ના નારા લગાવ્યા હતા. યાત્રાના રૂટમાં રોડની બંને તરફ લોકોએ હાથમાં તિરંગો લઈ યાત્રાને આવકારી હતી. નવા વાડજ વ્યાસવાડી ચાર રસ્તાથી આરટીઓ સર્કલ થઈ સુભાષબ્રિજ સુધી બે કિલોમીટર લાંબી યાત્રા યોજાઈ હતી. જેનું આયોજન ખોડલધામ, ઉમિયા ફાઉન્ડેશન, રેડક્રોસ અને ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

યાત્રાની શરૂઆત પહેલા RTO સર્કલથી રાણીપ ડી-માર્ટ તરફ વાહનોની લાંબી લાઇન લાગી હતી. જ્યારે યાત્રા RTO સર્કલ અને ચીમનભાઈ બ્રિજ પાસેથી પસાર થઈ હતી તે દરમિયાન થોડીવાર માટે વાહન વ્યવહાર રોકી દેવામાં આવ્યો હતો. જ્યારે યાત્રા પૂર્ણ થયા બાદ પણ સુભાષબ્રિજ સર્કલ પાસે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

# કેશોદના ખીરસરા ગામેથી સગીરાનું અપહરણ થયાની અજાણ્યા સામે ફરિયાદ

## સગીરાએ લખેલી ચીઠ્ઠી પોલીસે કબ્જે કરી : ચિંતા નહીં કરવા ઉલ્લેખ

**સમય મિરર | કેશોદ**

કેશોદના ખીરસરા ગામે કાંકરીયાળ વાડી વિસ્તારમાં રહેતાં અને ખેતીકામ કરી ગુજરાન ચલાવતા ખેડૂત પરિવારની સગીર પુત્રીને અજાણ્યો શખ્સ અપહરણ કરી નાસી જતાં સગીરાના માતા પિતાએ કેશોદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ મુજબ ગત તારીખ ૧૧/૫/૨૦૨૫ રાત્રીના સાડા દસ વાગ્યે પરિવારના સભ્યો ઉંઘી ગયા હતા ત્યારે સગીરાની માતા સવારે ચાર વાગ્યે જાગી જતાં સગીરાના રૂમનો દરવાજો ખુલ્લો હતો અને સગીરા હાજર ન હોવાથી આજુબાજુમાં તપાસ કરતાં કોઈ ભાળ મળી ન હતી ત્યારબાદ સગીરાના રૂમમાં તપાસ કરતાં એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં લખ્યું હતું કે મમ્મી પપ્પા દાદા હું ઘર મુકીને જાવ છું હું ગમે ત્યાં જાવ બોવ ખુશ રેય મને ગોતવા ન આવતાં તમારું બધાયનું ધ્યાન રાખજો. સગીરાના પિતાએ કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવતા કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ સબ ઈન્સપેક્ટર જે આર વાઝા પોલીસ કોન્સ્ટેબલ અમરાભાઈ




હામાભાઈ જુજીયા એ ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૧૩૭(૨) હેઠળ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કેશોદ પંથકમાં અપહરણ અને દુષ્કર્મના બનાવો સતત વધી રહ્યા છે. છેલ્લા છ મહિનામાં દુષ્કર્મ અને અપહરણની ફઈરયાદમાં વધારો થતાં લોકોમાં કચવાટ સાથે દિકરીઓની સલામતીને લઈને સવાલ ઉઠાવી રહ્યા હોવાની ચર્ચા પંથકમાં થઈ રહી છે.

# બાગાયત ખાતાની વિવિધ યોજનાનો લાભ લેવા આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

### પોર્ટલ પર નોંધણી કર્યા બાદ જ ખેડૂતો અરજી કરી શકશે

**સમય મિરર | વેરાવળ**



બાગાયતખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે વર્ષ : ૨૦૨૫ -૨૬ માટે બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી ઘટકો માટે આઇ ખેડૂત પોર્ટલ ૩૧ મે સુધી ખૂલ્લું મૂકવામાં આવ્યું છે.

આ પોર્ટલ થકી કૃષિ યાંત્રિકીકરણને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ, વધુ ખેતી ખર્ચવાળા ફળ પાકો સિવાયના ફળપાકો, ફુલ પાકો, મધમાખી ઉછેર જેવા વિવિધ સહાયલક્ષી ઘટકો માટે નવીન આઇ - ખેડુત પોર્ટલ ૨.૦નો લાભ લેવા માંગતા બાગાયતદારોએ.ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ચાલુ વર્ષઃ ૨૦૨૫-૨૬ થી નવીન આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી કર્યા બાદ જ ખેડૂતો અરજી કરી શકશે. તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઇ ખેડૂતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે. જેની નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઇમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી, નગર પાલિકા સામે, વિનાયક પ્લાઝા, ત્રીજો માળ, ટેલીફોન નં. ૦૨૮૭૬-૨૪૦૩૩૦, વેરાવળ ખાતે બીનચુક જમા કરાવવાના રહેશે.

# વેરાવળમાં બૌધ્ધ પૂર્ણિમાએ સૈનિકો માટે રક્તદાન કેમ્પ યોજાયો

### ૧૦૦થી વધારે લોકોએ બ્લડ ડોનેટ કર્યુ

**સમય મિરર | વેરાવળ**

ત્રિવિધ વૈશાખી બૌદ્ધ પૂર્ણિમા નિમિત્તે ભારતીય સેનાની મદદ માટે વેરાવળ ખાતે રક્તદાન કરવામાં આવ્યું હતું. ભગવાનભાઈ સોલંકી અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ શાખા ના સંયુક્ત ઉપક્રમે ત્રિવિધ વૈશાખી બૌદ્ધ પુર્ણીમાં નિમિત્તે તા. ૧૨ મે ૨૦૨૫ ના રોજ એક રક્તદાન કેમ્પ નું આયોજન કરવાનું આવ્યું હતુ પરંતુ ૧૧ તારીખે વહીવટી તંત્ર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવતા ૧૨ તારીખ ના સંભવિત રક્ત દાતાઓ ને વહીવટી તંત્ર દ્વારા યોજવામાં આવેલા કેમ્પ માં જોડાયેલ અને બાબા સાહેબ આંબેડકર એ પણ કહ્યું હતું કે સૌથી પહેલા રાષ્ટ્ર પછી બીજું અને ૧૨ તારીખ નો કેમ્પ પણ યથાવત રાખવામાં આવ્યો હતો.


તસવીર : મીલન ઠકરાર

આ કેમ્પ માં પણ લોકો એ રક્તદાન કરી ત્રિવિધ બૌદ્ધ પૂર્ણિમાની ઉજવણી ને સાર્થક કરી હતી.એવી ભગવાનભાઈ સોલંકી ની એક યાદીમાં જણાવાયુ છે.

### કલાકો સુધી બેસી રહેતા વાહન ચાલકો મુંઝવણમાં મુકાયા

# સાવરકુંડલાના હાથસણી રોડ પર પશુઓએ આરામ ફરમાવતા રાહદારીઓને ભારે મુશ્કેલી

**સમય મિરર | સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ ખાતે ગતરોજ સાંજના સુમારે આ જાહેર રસ્તાના માર્ગ પર ગાય બળદનું એક ટોળું આરામથી એકત્ર થઇને શાનો શોકત સાથે બેઠેલું જોવા મળેલ અને જાણે આવતાં જતાં રાહદારી, વાહનચાલકોને પૂછતું હોય કે એ ભાઈ અમારું ગૌચર ક્યાં? અને જાણે ખુલ્લો પડકાર ફેંકતું હોય કે તાકાત હોય તો હટાવી જોવો અમને.!!!

અહીંથી પસાર થતાં તમામ રાહદારીઓ અને વાહનચાલકો આમતેમ કરીને વાંકાંચૂંકા આડાઅવળા થઈને આ રસ્તે પસાર થતાં જોવા મળેલ. હા, વાતમાં તો દમ છે. કારણકે માનવ જાતે વિકાસની લ્હાયમાં આવા નિર્દોષ અને મૂંગા પશુઓને હરવા ફરવા કે ઘાસચારો ચરવા માટે પર્યાપ્ત જમીનો છીનવી અને મોટા મોટા કારખાના, કોમ્પલેક્ષ, બહુમાળી ઈમારતો કે વસાહતો બાંધીને આ માલઢોરના ભાગની જમીન પણ ક્યાં રહેવા દીધી છે? એવો મૂક સવાલ આ રસ્તા પર અડ્ડો જમાવી બેઠેલા પશુઓની આંખોમાં સ્પષ્ટ વંચાતો જોવા મળેલ. આમ તો આ ઘટના માત્ર સાવરકુંડલા શહેર પૂરતી જ નથી પરંતુ ગામે ગામ ગૌચરો કેમ ટૂંકા થતા જાય છે એ તમામને માટે આ ચિંતનનો વિષય છે. જો કે વ્યવસ્થા તંત્ર દ્વારા આ સંદર્ભે શું કરવામાં આવે છે ? એવો સવાલ પણ આ રસ્તા પર અડ્ડો જમાવી બેઠેલા પશુઓ કદાચ કરી રહ્યા હશે? શહેરમાં ઘણી વખત બે આખલાના દ્વન્દ્વ યુદ્ધો પણ આપણે જાહેર રોડ પર ક્યાં નથી નિહાળેલાં ? બસ આ જ કરુણતા છે..!! જો આ મૂંગા પશુઓને આપણી ભાષામાં વાત કરતા આવડી જાય તો તંત્રએ તેનો જવાબ દેવો પણ ભારે પડે.

# દીવના ઘોઘલામાં બજરંગદાસ બાપાના મંદિરના પાટોત્સવની ઉજવણી

## વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા : ભક્તો ઉમટ્યા



**સમય મિરર | દીવ**

દીવમાં ઘોઘલામાં બજરંગદાસ બાપાના મંદિરનો ૧૬મા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી.

ઘોઘલા મીઠાબાવા વિસ્તારમાં બાપા સીતારામ મંદિરે ૧૬માં પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી આ આયોજન બાપા સીતારામ સાગર પુત્ર ગૃપ દ્વારા કરવામાં આવ્યું આ પ્રસંગે મંદિરના પટાંગણમાં ધાર્મિક કાર્યક્રમ, કુંભયાત્રા, મહાપ્રસાદ અને બીડા હોમ ધાર્મિક કાર્યક્રમ યોજાયો આ ધાર્મિક પ્રસંગ શાસ્ત્રી ડો. રાજુભાઈ પંડ્યાના નેતૃત્વમાં યોજાયો.

# ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના નવા હોદ્દેદારોની વરણી

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જિલ્લા શાખાની વાર્ષિક સાધારણ સભા પ્રમુખ અને જિંલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી જેમાં વર્ષ ૨૦૨૫ - ૨૦૨૮ માટેના ૧૮ (અઢાર) સભ્યોની મેનેજીંગ કમિટીની રચના કરવામાં આવી હતી.


તસવીર : મીલન ઠકરાર

રાજય શાખાના માર્ગદર્શન મુજબ મેનેજીંગ કમિટીના સભ્યોમાથી ચેરમેન, વાઇસ ચેરમેન તેમજ ટ્રેઝરરની વરણી/ચૂંટણી કરવાની થતી હોય તે નિવૃત્ત થતાં ચેરમેન કિરીટભાઈ ઉનડકટના અધ્યક્ષ સ્થાને પ્રથમ મેનેજીંગ કમિટીની મિટીંગ મળી હતી જેમાં ચેરમેન પદે અતુલભાઇ એમ. કાનાબાર, વાઇસ ચેરમેન પદે કમલેશભાઈ એન. ફોફંડી તેમજ ટ્રેઝરર તરીકે સમીરભાઇ જે.ચંદ્રાણીને સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે ઓન.સેક્રેટરી અને જોઈન્ટ સેક્રેટરીની નિમણૂક કરવાનો અધિકાર ચેરમેનને આપવામાં આવતા ચેરમેન અતુલભાઈ કાનાબાર દ્વારા ઓન.સેક્રેટરી તરીકે ગીરીશભાઇ કે. ઠકકર તેમજ જોઇન્ટ સેક્રેટરી તરીકે અનિષભાઇ એન.રાચ્છની નિમણૂક કરવામાં આવી હતી. કમિટીના સભ્યો તરીકે કિરીટભાઇ ઉનડકટ, સેવારામ મુલચંદાણી, ઉદયભાઇ શાહ, ભરતભાઇ પોપટ, મુકેશભાઇ ચગ, ગીરીશભાઇ વોરા, ચિરાગભાઇ કારીયા, પરાગભાઇ ઉનડકટ, રાજુભાઇ પટેલ (ઉસદડીયા), નરેન્દ્રભાઇ ટહેલરામાણી, ઉપેન્દ્રભાઇ તન્ના, ચંદ્રેશભાઇ અઢિયા અને વિમલભાઇ ગજ્જર સહીતની નવી મેનેજીંગ કમિટીની ટીમ બની હતી. આ તકે કિરીટભાઈ ઉનડકટે નિયુક્ત સર્વે હોદ્દેદારો નવા જોશ સાથે સેવાકીય કાર્યોમાં જોડાઈ જાય તેમ જણાવેલ હોવાનું ઓન.સેક્રેટરી ગિરીશભાઇ ઠક્કરે એક યાદીમાં જણાવેલ છે.

# ઉનાના દેલવાડા ગામમાં દેશની રક્ષા કરતા સૈનિકો માટે પ્રાર્થના

### સોમેશ્વર મહાદેવ મંદિરે પાટોત્સવમાં ભાવિકો ઉમટ્યા

**સમય મિરર | ઉના**

ઉના નાં દેલવાડા ગામે શ્યામ નગર વિસ્તારમાં બિરાજમાન સોમેશ્વર મહાદેવ મંદિર ખાતે ચાલતાં પાટોત્સવ યજ્ઞ નાં ભાવિકો દ્વારા દેશ નાં જવાનો ની સલામતી માટે પ્રાથના કરાય છે

આ પાટોત્સવ યજ્ઞ માં વિપ્ર વૃદ દ્વારા અગ્નિ મા આહુતિ આપવામાં આવી હતી સાથે સાથે વિશ્વ કલ્યાણ માટે લઘુ રુદ્ર યક્ષ મંત્રોચ્ચાર કરી આહુતિ આપી હતી અને હાલ ભારત ના સિમાડે તંગદિલી જેવા વાતાવરણ માં સંપુર્ણ શાંતિ થાય અને ભારત ના લશ્કર ના જવાનો ની રક્ષા કાજે ભદ્ર મહાકાલ અજય મંત્ર ના પાઠ કરવામાં આવ્યા હતા

આ પાટોત્સવ યજ્ઞ માં સમસ્ત સમાજ ના ઉધ્ધાર માટે પણ આહુતિ આપવામાં આવી હતી ધર્મ જાગૃતી સાથે ના ઉપનિષદો ના પાઠ નુ પઠન કરવામાં આવ્યું હતું યજ્ઞ નિમિત્તે મહા



પ્રસાદ ભોજન કરાવ્યું હતુ સોમેશ્વર મહાદેવ મંદિર ખાતે પાટોત્સવ યજ્ઞ માં બીડા હોમ એકમ થી સ્થગિત શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ સપ્તાહ ની પણ શરુઆત કરવા ની જાહેરાત કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમ સોમેશ્વર યુવક મંડળ સોમેશ્વર મહિલા ધુન મંડળ સીતારામ ગૃપ તથા રામદેવજી મહારાજ યુવક મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

# પોરબંદરના મયાણીનો ફરાર બુટલેગર સાત વર્ષે જામજોધપુર પંથકમાંથી ઝડપાયો

## ૨૦૧૯થી પોલીસને હાથતાળી આપતાં આખરે એલસીબીને સફળતા મળી

**સમય મિરર | ગોસા (ઘેડ)**

મયાણી મરીન પોલીસ સ્ટેશનમાં ૨૦૧૯ માં નોંધાયેલ ઇંગ્લિશ દારૂનો કેસ નોંધાયેલો ત્યારબાદ છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા મૂળ જૂનાગઢમાં રહેવાથી અને હાલ જામનગરના જામજોધપુર તાલુકાના સોનવડીયા ગામે રહેતા આરોપી લાધા બોઘાભાઈ રાડા ને પોરબંદર નરીસંગ ટેકરી ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસેથી પોરબંદર એલસીબીએ પકડી પાડી મરીન પોલીસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી અર્થે સોંપી આપેલ છે.

પોરબંદર એલસીબી ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર આર કે કાંબરીયા ના માર્ગદર્શન હેઠળ એલસી બી સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા એ દરમિયાન કોસ્ટેબલ હેડ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ મકકા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા ને મળેલ સંયુક્ત હકીકત આધારે પોરબંદર નરસંગ ટેકરી




ચાર રસ્તા બસ સ્ટોપ પાસેથી મિયાણી મરીન પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૦૩/૨૦૧૯ પ્રોહિબિશન કલમ ૬૬(૧) બી, ૬૫ઈ, ૧૧૬બી, ૮૧ મુજબના ગુનામાં છેલ્લા સાત વર્ષથી લાલ શાહીથી નાસ્તા ફરતા આરોપી લાલા બોઘાભાઈ રાડા ઉંમર વર્ષ ૩૭ રહેવાસી ગોફેડ મિલ પાછળ જુનાગઢ હાલ સોનવડીયા ગામ રબારી ફળિયું શેરી નંબર ૧, તાલુકો- જામજોધપુર જિલ્લો જામનગર વાળાને પકડી પાડી ઈંગ્લીશ દારૂના નોંધાયેલા ગુન્હામાં અટક કરવાવાનો બાકી હોય મયાણી મરીન પોલીસ સ્ટેશને સોંપી આપી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

આ કામગીરી કરનારમાં પોરબંદર એલસીબી ઇન્ચાર્જ આર કે કાંબરીયા, મદદનીશ સબ ઇન્સ્પેક્ટર રાજેન્દ્રભાઈ જોશી,રણજીતસિંહ દયાતર, ગોવિંદ ભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા તથા હેડ કોસ્ટેબલ ઉદયભાઈ વરૂ, સલીમભાઈ પઠાણ, હિમાશુભાઈ મકકા,કુલદીપ સિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસાતથા વુમન હેડ કોસ્ટેબલ નાથીબેન કુછડીયા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, વિરેન્દ્રસિંહ પરમાર,અજયભાઈ ચૌહાણ તથા ડ્રાઇવર પોલીસ કોસ્ટેબલ રોહિતભાઈ વસાવા વિગેરે રોકાયેલ હતાં.

# વિરમગામના નળસરોવર અભ્યારણમાં વિશ્વ પ્રવાસી દિવસની થઈ ઉજવણી

### ધારાસભ્ય સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ



**સમય મિરર | વિરમગામ**

વિરમગામના નળકાંઠા વિસ્તારના વિશ્વ પ્રસિદ્ધ નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ ની ઉજવણી વિરમગામ ના ધારાસભ્ય હાર્દિક પટેલ ની અધ્યક્ષતા માં યોજાયો હતો. સમારોહ ના અધ્યક્ષ સ્થાને થી ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યું હતુ કે નળસરોવર પક્ષી અભયારણ્ય માં ૫૦ કરોડ ના ખર્ચે વિકાસ કામો થઈ રહ્યા છે.ધારાસભ્ય એ અભ્યારણ્ય ના અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લીધી હતી અને જરૂરી માહિતી મેળવી હતી. આવનાર દિવસોમાં આ પક્ષી અભયારણ્ય ગુજરાતના મહત્વના અભ્યારણ્ય માં સ્થાન પામશે તેમ તેઓએ વધુમાં જણાવ્યું હતું.છ મહિના માં આ અભ્યારણ્ય જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવશે તેમ જણાવી સહુ ને એકવાર આ અભ્યારણ્ય ની મુલાકાત લેવા સૂચન કર્યુ હતુ. આ પ્રસંગે ધારાસભ્ય હાર્દિક પટેલ ના વરદહસ્તે વન રક્ષકો ને ગાડી અને બાઈક નું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પોરબંદરના ગોરસર ગામે ખુંટવડધામ નાગબાઈ માતાજીના મંદિરે ધાર્મિક મહોત્સવ

## તા. ૧૭થી તા. ૨૫ મે સુધી યોજાશે ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ : ભક્તોમાં ઉત્સાહ

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદર તાલુકા ઘેડ વિસ્તારના ગોરસર ગામે ખુટવડધામ નાગબાઈ માતાજી મંદિરની સાનિધ્યમાં સમસ્ત પરમાર પરિવાર ગોરસર ગામ દ્વારા શનિવાર તારીખ ૧૭/૦૫/૨૦૨૫ થી વૈશાખ વદ ૧૩ રવિવાર તા.૨૫/ ૦૫/ ૨૦૨૫ સુધી શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાન યજ્ઞ સપ્તાહ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ સપ્તાહની પોથી યાત્રા સવંત ૨૦૮૧ વૈશાખ વદ ૫,તા. ૧૭/૦૫ શનિવારના સવારના ૧૦ કલાકેથી પોરબંદર -સોમનાથ નેશનલ હાઈવે રોડ પર આવેલ દેવાગી હોટેલ થી શ્રીમદ્ દેવી ભાગવત કથાની પોથી યાત્રા વાજતે ગાજતે નીકળશે. જે મામાં પાગલ આશ્રમ થઈ ને ગોરસર ઘૂંટવડધામ નાગબાઈ મંદિરે આવશે જ્યાં કથાનો પ્રારંભ થશે.

શ્રીમદ્ દેવી ભાગવત કથાના વ્યાસપીઠ પર ચેતન્યધામ -શાપુર (શોરઠ) વાળા વક્તા મનોજ ભાઈ ભટ્ટ કથાનું રસપાન કરાવશે. સવારના ૯ થી ૧૨ અને બપોરે ૩:૩૦ થી સાંજના ૬:૦૦ સુધી કથાનું વાંચન થશે. તેમજ કથા દરમ્યામ હરિહર પ્રસાદી અવિરત



ચાલુ રહેશે.

શ્રીમદ્ દેવી ભાગવત કથામાં આવતા ધાર્મિક પ્રસંગોમાં તારીખ ૧૮/૦૫ ના રોજ ભુવનેશ્વરી પ્રાગટ્ય તા. ૧૯/૦૫ ના રોજ મહાલક્ષ્મી,મહાસરસ્વતી મહાકાળી મહિમા, તા. ૨૦ ને મંગળવાર ના કૃષ્ણ જન્મોત્સવ /નવદુર્ગા મહાત્મય, તા. ૨૧ ને બુધવારે શાંકભરી પ્રાગટ્ય મહિમા, તા. ૨૨ ને ગુરૂવાર શ્રી શિવ વિવાહ/શક્તિપીઠ રચના, અન્નપૂર્ણા પ્રાગટ્ય, તા. ૨૩ ને શુક્રવાર ના જગદંબા મહિમા, તા. ૨૪ શનિવારના શ્રી ગાયત્રી મહિમા અને તા. ૨૫ ને રવિવારના શ્રીમદ્ દેવી ભાગવત સારસત્વ અને કથા વિરામ લેશે

સમસ્ત ગોરસર ગામ પરમાર પરિવાર દ્વારા આયોજીત શ્રીમદ્ દેવી ભાગવત કથા દરમ્યાન સાધુ સંત ગણમાં સતાધારના પ. પુ. વિજયબાપુ, મામાં પાગલ આશ્રમ ગોરસરના પ. પુ. વણઘાભગત, સોનલધામ મઢડાના પ. પુ. કંચનમાં, નાગબાઈ મંદિર મોણીયા ના પ. પુ.વિજયબાપુ, લીરબાઈ ધામ શીશલી ના પ. પુ. ભાવેશ આતા, વછરાજ મંદિર છત્રાવા ના પ. પુ. રણજીત આતા, ગોંડલ પરબની જગ્યાના પ. પુ. મુન્નાબાપુ, આવળ મંદિર આંત્રોલી ના પ. પુ.મંજુમાં,નાગબાઈ મંદિર ગોરસર ના પ. પુ. દિવ્યેશબાપુ,વિંજવાસણ માતાજી મંદિર ગોરસર ના પ. પુ. રામનાથબાપુ,નરવાઈ મંદિર ના પ. પુ. હેમંતબાપુ, અલખધણી અન્નક્ષેત્ર નરવાઈ ના પ. પુ. લલીત બાપુ સહિતના સંતગણની વિશેષ ઉપસ્થિતી રહેશે.

જયારે આમંત્રીત મહેમાનોમા પોરબંદર ના ધારાસભ્ય અર્જુન ભાઈ મોઢવાડીયા, કુતિયાણા મત વિસ્તારના લોકલાડિલા ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા, પોરબંદર જીલ્લા પંચાયત ના પ્રમુખ પરબત ભાઈ પરમાર, રમેશભાઈ ઓડેદરા (પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ), રામદેવભાઈ મોઢવાડીયા મહેર અગ્રણી,રાજભા જેઠવા (ડાયરેક્ટર જી.ટી.પી.એલ.)ન્યુઝ પોરબંદર, શ્રી ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સિલ ના પ્રમુખ, મહેર શક્તિ સેના ના પ્રમુખ કરશનભાઈ ઓડેદરા સહિતના ઉપસ્થિત રહેશે

શ્રીમદ્ દેવી ભાગવત કથા દરમ્યાન સાંજના સંસ્કૃતિ અને સંતવાણી ના કાર્યક્રમમાં તા. ૧૯ ને સોમવારે રાત્રી ના ૯ કલાકે ટીકર ગામની પ્રખ્યાત કાનગોપી નો કાર્યક્રમ, તા. ૨૧ ને બુધવારના સાંજના ૯ કલાકે કલાકાર સહદેવ કેશવાલા,રાજેશ્રી ઓડેદરા અને પાતાના પુંજાભાઈ કારાવદરા ના મધુર કંઠે શુંરાવલીના તાલે રાસ ગરબા તેમજ મણીયારા દાંડિયા રાસનો કાર્યક્રમ,તા.૨૩ને શુક્રવાર ના સાજે ભવ્ય સંતવાણી ના કાર્ય ક્રમમાં પરેશદાન ગઢવી, દેવરાજ ગઢવી (ગીર) અને કવિ કેદાન ગઢવી પાટડી તેમજ તા. ૨૪ ને શનિવારના સાંજના ૯ કલાકે કલાકાર પ્રતાપ પરમાર ,મીરાં બાપોદરા અને પાતાના પુંજાભાઈ કારાવદરા ના મધુર કંઠે શુરાવલી ના તાલે રાસ ગરબા તેમજ મણીયારા દાંડિયારાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

# વેરાવળમાં ઔદિચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજની સાધારણ સભા યોજાશે

### ૧૮ મેના રોજ સિંધી સમાજની વાડીમાં આયોજન



**સમય મિરર | વેરાવળ**

સોમનાથ-વેરાવળ ઔદિત્ચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજની અગત્યની સાધારણ સભા તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ વેરાવળના ૮૦ ફૂટ રોડ ખાતેની સિંધી સમાજની વાડીમાં ૦૫.૦૦ કલાકે રાખવામાં આવી છે.

આ સાધારણ સભામાં સોમનાથ-વેરાવળ ઔદિચ્ય ગોહિલવાડી ટ્રસ્ટ બનાવવાનું માળખું, ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન, ટ્રસ્ટીઓની નિમણૂક સહિત સામાજિક અને શૈક્ષણિક મુદ્દાઓ તેમજ અન્ય સૂચનો અનુસંધાન અંતર્ગત ચર્ચા-વિચારણા અને મનોમંથન કરવામાં આવશે. જેથી આ સાધારણ સભામાં સોમનાથ-વેરાવળ ઔદિચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજના તમામ કુટુંબ સભ્યો અને સર્વે જ્ઞાતિજનોને અચૂક ઉપસ્થિત રહેવા સોમનાથ-વેરાવળ ઔદિત્ચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજની એક યાદીમાં જણાવાયું છે.

# સરકારી સંસ્થાઓમાં પ્રીપેડ સ્માર્ટ મીટરિંગને પ્રાથમિકતા આપવામાં આવશે : મનોહર લાલ

## નેટ ઝીરો ઉત્સર્જન પ્રાપ્ત કરવા માટે ગ્રીન એનર્જી માટે ખાસ ઝોન બનાવવાની જરૂર છેઃ મનોહર લાલ

### પશ્ચિમી રાજ્યો સાથે પ્રાદેશિક ઊર્જા પરિષદ યોજાઈ

સમય મિરર । રાજકોટ

પશ્ચિમ ક્ષેત્રના રાજ્યો માટેની પ્રાદેશિક પરિષદ ૧૩ મેના રોજ મુંબઈમાં મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય ઊર્જા અને ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ બેઠકમાં કેન્દ્રીય ઊર્જા અને નવી અને નવીનીકરણીય ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાદ નાઈક, ગોવા રાજ્યમંત્રી રામકૃષ્ણ ઉર્ફે સુદીન ધવલીકર, ગુજરાતના રાજ્યમંત્રી કનુભાઈ દેસાઈ, મધ્યપ્રદેશ રાજ્યમંત્રી પ્રધુમન સિંહ તોમર (વીસી દ્વારા) અને મહારાષ્ટ્ર રાજ્યમંત્રી મેઘના સાકોર બોર્ડીકર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં કેન્દ્રીય ઊર્જા સચિવ, ભાગ લેનારા રાજ્યોના સચિવો (પાવર/એનર્જી), કેન્દ્ર અને રાજ્ય ઊર્જા ઉપયોગિતાઓના સીએમડી અને ઊર્જા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

ભારત સરકારના સચિવ (પાવર)એ ભાર મૂક્યો કે ભવિષ્યની વીજળીની માંગને પહોંચી વળવા માટે નાણાકીય વર્ષ ૨૦૩૫ સુધી સંસાધન પર્યાપ્તતા યોજના અનુસાર જરૂરી ક્ષમતા જોડાણો સુનિશ્ચિત કરવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ (TECB), રેગ્યુલેટેડ ટેરિફ મિકેનિઝમ (RTM), બજેટરી સપોર્ટ અથવા હાવની સંપત્તિઓનું મુદ્રીકરણ સહિત ઉપલબ્ધ વિવિધ ફાઈનાન્સિંગ મોડેલો દ્વારા અઆંતર-રાજ્ય અને રાજ્યની અંદર ટ્રાન્સમિશન ક્ષમતાઓના વિકાસ માટે જરૂરી વ્યવસ્થા કરવી પણ અનિવાર્ય છે. વધુમાં, તાજેતરની ભૂસજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ટ્રાન્સમિશન ગ્રીડ અને વિસ્તરણ પ્રણાલીઓ સહિત પાવર સેક્ટરના માળખાને સુરક્ષિત કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે અને રાજ્યોએ તેના માટે જરૂરી સાયબર સુરક્ષા પ્રોટોફોલ લાગુ




કરવા જોઈએ. વધુમાં, રાજ્યીએ પાવર આઈબેન્ડિંગ યોજના પણ તૈયાર કરવી અને અમલમાં મુકવી જોઈએ.

મહારાષ્ટ્રના માનનીય મુખ્યમત્રીએ તેમના સંબોધનમાં મહેમાનોનું સ્વાગત કર્યું અને રાજ્યભરમાં વીજ પુરવઠાની ગુણવત્તા અને વિશ્વસનીયતા સુધારવા માટે રાજ્ય દ્વારા લેવામાં આવેલા મુખ્ય પગલાઓ પર પ્રકાશ પાડ્યો હતો, તેમણે અઝઈ નુકસાન ઘટાડવા અને આમ પુસ્વઠા ખર્ચ ઘટાડવા માટે સજજ્યની પ્રસ્તાવિત યોજનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે રાજ્યને લગતા વિવિધ મુદ્દાઓ પર, ખાસ કરીને DISCOMના હાલના દેવાનું પુનર્ગઠન કરવામાં, જે તેમને વ્યવહારુ બનાવવામાં મદદ કરશે, કેન્દ્ર સરકારના સમર્થન માટે પણ વિનંતી કરી હતી.

સંબોધનમાં દેશના વિકાસને વેગ આપવા માટે ભવિષ્ય માટે તૈયાર, આધુનિક અને આર્થિક રીતે સક્ષમ વીજ ક્ષેત્રના મહત્વ પર IR મૂક્યો હતો. તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહકાર અને સંહલનના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં ટિપ્પણી કરી કે, આવી પ્રાદેશિક પરિષદો ચોક્કસ પડકારો અને શક્ય ઉકેલોને ઓળખવામાં મદદ કરશે. તેમણે સંશાધન પર્યાપ્તતા અને જરૂરી વીજ ખરીદી જોડાણો સુનિશ્ચિત કરવા પર ભાર મુક્યો હતો. વધુમાં, રાજ્યીએ પમ્મમ્ડ સ્ટોરેજ પ્રીજેન્ટ્સ અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ દ્વારા જરૂરી સ્ટોરેજ ક્ષમતા વિહસાવવા પર પણ કામ કરવું જોઈએ. તેમણે ૨૦૪૭ સુધીમાં ૧૦૦ GWWના લક્ષ્ય સાથે દેશમાં પરમાણુ ઉત્પાદન ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો, તેમણે નેટ શૂન્ય ઉત્સર્જન પ્રાપ્ત કરવા માટે ગ્રીન એનર્જી માટે ખાસ ઝોન બનાવવાની જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ઉલ્લેખ કર્યો કે વિતરણ ક્ષેત્ર પાવર સેક્ટર વેલ્યુ ચેઈનમાં સૌથી મહત્વપૂર્ણ કડી છે. જો કે, નબળા ટેરિફ માળખા, ઓછા બિલિંગ અને કલેક્શન અને સરકારી વિભાગના શ્રેણાં અને સબસિડીની વિલંબિત ચૂકવણીને કારણે તેને પડકારોનો સામનો કરવો પડે છે. વિતરણ ક્ષેત્ર સક્ષમ બને તે સુનિશ્ચિત કરવા માટે, ATRC નુકસાન અને પુરવઠાના સરેરાશ ખર્ચ અને પ્રાપ્ત થયેલી સરેરાશ આવક વચ્ચેના અંતરને વટાડવું જરૂરી છે, તે પ્રાપ્ત કરવા માટે, તે જરૂરી છે કે ટેરિફ ખર્ચ-પ્રતિબિંબિત હોય અને સરકારી લેણાં અને સબસિડી ડિસ્કોમને સમયસર ચુકવવામાં આવે.

તેમણે ગુજરાત, ગોવા અને છત્તીસગઢ રાજ્યોની અઝઈ નુકસાન ઘટાડવામાં તેમના પ્રદર્શનની પ્રશંસા કરી હતી, તેમણે એ પણ ભાર મૂક્યો કે, વિતરણ ઉપયોગિતાઓ RDSS હેઠળ માળખાગત સુવિધાઓ અને સ્માર્ટ મીટરિંગ કાર્યોના અમલીકરણ દ્વારા કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે વધુ પ્રયત્નશીલ રહે. આ દિશામાં, મંત્રાલયે સ્માર્ટ મીટરિંગ કાર્યો માટે ભંડોળના પ્રવાહને સરળ બનાવવાનું પણ સરળ બનાવ્યું છે. તેમણે એ વાત પર પણ ભાર મુક્યો કે, સરકારી વસાહતો સહિત સરકારી સંસ્થાઓમાં સ્થાપન માટે પ્રી-પેઈડ સ્માર્ટ મીટરને પ્રાથમિકતા આપવી જોઈએ અને ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં તે પૂર્ણ કરવા જોઈએ. સ્માર્ટ મીટરમાં AL/ML ટૂલ્સ પર આધારિત ડેટા એનાલિટિક્સનો ઉપયોગ ફરીને ગ્રાહકોની ઉપયોગિતાઓ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવાની રીતને બદલવાની વિશાળ ક્ષમતા છે.

ભાગ લેનારા રાજયોએ જરૂરી માર્ગદર્શન માટે માનનીય કેન્દ્રીય મંત્રીનો આભાર માન્યો અને વીજળી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારના સતત સમર્થન માટે પણ વિનંતી કરી હતી.

# સમસ્ત કોળી એકતા ટ્રસ્ટ દ્વારા આવતીકાલે યોજાશે સમૂહ લગ્નોત્સવ

## ૧૫ દીકરીઓ શાહી ઠાઠથી સાંસારીક જીવનની શરૂઆત કરશે









સમય મિરર । રાજકોટ

સમસ્ત કોળી એકતા ટ્રસ્ટ ના પ્રમુખ કલ્પેશભાઈ બાવરીયા ઉપપ્રમુખ ધીરૂભાઈ ધોળકીયાના નેત્રુત્વ હેઠળ રાજકોટ શહેરના આંગણે સમસ્ત કોળી સમાજની ૧૫ દિકરીઓનો શાહી રજવાડી સમુહલગ્ન ૧૫/૦૫/૨૦૨૫ ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે યોજાશે. સ્થળ : લકકીરાજ પાર્ટી પ્લોટ, આજીડેમ ચોકડી, મહિકાના પાટીયા પાસે, રાજકોટ. દિકરીઓને કરીયાવરમાં ૧૦૧ થી વધારે ઘરવપરાશની વસ્તુઓ સમિતિ તથા દાતાશ્રીઓ તરફથી આપવામાં આવશે. તેમજ મહેમાનો અને જાનૈયાઓ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સમસ્ત કોળી સમાજના સંતો-મહંતો, આગેવાનો, વડિલો, મહિલા મંડળો, ગ્રુપો અને સર્વ જ્ઞાતિના દાતાશ્રીઓ અને આગેવાનો તથા મહેમાનો સમુહલગ્નમાં સહભાગી બનશે. દિકરીઓનું સ્વપન હોય કે તેમના માતા-પિતા દિકરીઓના લગ્ન યાદગાર અને રજવાડી ઘરે કરે તે ધ્યાનમાં રાખીને સમુહલગ્નની આયોજક ટીમ દ્વારા સમુહલગ્નમાં વર-કન્યા માટે બ્યુટીપાર્લરની વ્યવસ્થા, વર-કન્યાની રજવાડી એન્ટ્રી સાથે કેક સેરેમની અને વર-કન્યાને રથમાં બેસાડીને ફુલેકુ કાઢવામાં આવશે. ડિ.જે. સાથે વાજતે-ગાજતે લગ્નમંડપમાં લઈ જવામાં આવશે. આ સમુહલગ્ન પાર્ટી પ્લોટમાં રાખવામાં આવેલ છે. આ સમુહલગ્નના મુખ્ય આયોજક કલ્પેશભાઈ બાવરીયા, ધીરૂભાઈ ધોળકીયા, બાબુભાઈ વસવેલીયા, શૈલેષભાઈ માલમ, સુરેશભાઈ જાંબુકીયા, અરૂણાબેન મગવાનીયા, સમુહલગ્નને સફળ બનાવવા સમુહલગ્નની આયોજક ટીમ, મહિલા મંડળો અને સમુહલગ્ન સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે. મો. ૭૯૮૪૫૯૪૪૨૪, ૭૪૦૫૭૭૭૦૯૧ જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ સાથે 'સમય મિરર'ની મુલાકાતે આવેલા આગેવાનોએ જણાવ્યું હતું.

# સર્વેશ્વર ચોકમાં ચોમાસા પહેલા કામ પુરું ન થાય તો થશે જળબંબાકાર

## ગોકળગાયની ગતિથી ચાલતું કામ ઝડપથી પૂર્ણ કરવા કોંગ્રેસે મ્યુનિ. કમિશનરને કરી લેખિત રજૂઆત



સમય મિરર । નવી દિલ્હી

રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર સર્વેશ્વર વોકળાનું કામ ધીમીગતિએ ચાલતું હોય ચોમાસા દરમિયાન કામ પૂર્ણ ન થયે જળબંબાકારની સ્થિતિની સંભાવના વ્યક્ત કરી કોર્પોરેશનની ઢીલીનીતીનો વિરોધ કરી કોંગ્રેસ દ્વારા કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવા માટે મ્યુનિસિપલ કમિશનર સહિતનાને રજૂઆત કરવામાં આવી છે.

કોંગ્રેસ દ્વારા રજૂઆત કરી જણાવેલ કે, રાજકોટના મુખ્ય રસ્તાઓમાં નો એક યાજ્ઞિક રોડ પર હાલ સર્વેશ્વર ચોક પાસે નાલાનું કામ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યુ છે રાજકોટ મહાનગરપાલિકા અને કોન્ટ્રાક્ટરની આંતરિક ખટપટને યોગ્ય સંકલનના અભાવે હાલ વેપારીઓનો ખો નીકળી રહ્યો છે ૧૨ માસમાં પૂર્ણ કરવાનું હતું પરંતુ હાલ ૧૨ માસમાં કામ પૂર્ણ થાય તેમ જણાતું નથી. ચોમાસુ નજીક આવી જતા ભારે હાલાકી અને ચોમાસામા પાણીના જળ પ્રવાહમાં આ સમગ્ર વિસ્તાર જળબંબાકાર થવાની પુરી સંભાવના છે વેપારીઓને પણ રાજકોટ મહાનગરપાલિકાની ઢીલી નીતિ ને કારણે ભોગવવાનો વારો આવ્યો છે. અને કામ વિલંબ થતા ભારે આર્થિક નુકસાની વેઠવી પડે તેમ છે. યાજ્ઞિક રોડ પરના સર્વેશ્વર ચોકના વોકળા પરના નાલાનું કામ ૪:૫૦ કરોડ માં કોન્ટ્રાક્ટરને અપાયું હોય ત્યારે આ કામ જૂન જુલાઈમાં પૂર્ણ ન થાય તો જળ હોનારતની ભિતી રહે.

આમેય યાજ્ઞિક રોડ પર નજીવા વરસાદે ગોઠણભેર પાણી ભરાય છે ત્યારે હાલ ન્યુ જાગનાથ અને જાગનાથ સહિતના વિસ્તારોમાં ડી.આઇ. પાઈપલાઈનનું કામ પણ ચાલુ હોય આડેધડ થતા ખોદકામના પગલે ખાડાઓનું સામ્રાજય જોવા મળી રહ્યું છે તો આ ખાડાઓમાં સિનિયર સીટીઝન અને આમ પ્રજા ને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે ખોદકામ બાદ પાઈપલાઈન નું કામ પૂર્ણ થયેલ તે ખાડા પર તાત્કાલિક મેટલિંગ કામ કરવું અત્યંત જરૂરી છે. જાગનાથમાં વોકળાની આસપાસની ઈમારતોમાં ફલેટમાં તેમજ યાજ્ઞિક રોડ પરના વેપારીઓની દુકાનોમાં પાણી ઘુસી જવાનો ભય રહે છે. આથી અગાઉની રજૂઆત અને આજની રજૂઆતના પગલે આપ દ્વારા થયેલ કાર્યવાહીની લેખીતમાં જાણ કરવા અનુરોધ કર્યો છે.

# લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે ઘરગથ્થુ કાચી કેરી અથવા અન્ય કોઈપણ "અથાણાં" બનાવવાની સ્પર્ધાનું આયોજન

સમય મિરર । રાજકોટ

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તથા ગુજકોસ્ટ પુરસ્કૃત શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે આગામી તાઃ ૧૭-૫-૨૦૨૫ ને શનિવારના રોજ બપોરે ૩:૩૦ થી ૫:૩૦ દરમિયાન "ઘરગથ્થુ કાચી કેરી અથવા અન્ય કોઈ પણ અથાણાં" બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે . આ સ્પર્ધામાં સ્પર્ધક અથાણાં ઘરેથી બનાવીને લાવવાના રહેશે તે ઉપરાંત અથાણાં કઇ રીતે બનાવ્યા અને કેવી રીતે આખા વર્ષ દરમિયાન સાચવી શકાય તેની જાણકારી આપવાની રહેશે. નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ અથાણાંની પસંદગી કરીને ઈનામ આપવામાં આવશે. દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા તાઃ ૧૬-૫-૨૦૨૫ સુધીમાં સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્રના ફોન નં : ૨૪૪૯૯૪૦ અથવા મો. ૯૯૭૮૮૨૫૮૨૯ ઉપર રજીસ્ટ્રેશન કરાવવું.




## સૈન્યની મદદ માટે સેવાકાર્ય : દાતાઓ જોડાયા

# માધાપર ચોકડી ખાતે સ્વામિનારાયણ મંદિર દ્વારા મહા રક્તદાન કેમ્પ યોજાયો

સમય મિરર । રાજકોટ



વિશ્વમાં ચાલી રહેલી તંગદિલી અને ભારત-પાકિસ્તાન વચ્ચેની તણાવભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, માધાપર ચોકડી પાસે, રાજકોટના આંગણે SMVS સંસ્થા દ્વારા રાષ્ટ્રીય સેવાભાવના અંતર્ગત તારીખ ૧૧/૦૫/૨૦૨૫ અને રવિવાર ના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જે કેમ્પમાં હરિભક્તો સહિત અન્ય લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો...

SMVS સંસ્થા હંમેશાની જેમ આ વખતે પણ દેશની જરૂરિયાતે પડકારરૂપ પળે નિસ્વાર્થ રીતે આગળ આવી છે..

સાથે સાથે દેશની સેવા અને જનહિત માટે સરકારી તંત્રને સહયોગરૂપ બનવાના આશયથી તંત્ર ને મદદરૂપ બની રહેવા સંસ્થા દ્વારા જરૂર પડ્યે ફૂડ પેકેટ કે અન્ય સામાજિક સેવા માટે કાર્યકરો ની સેવા કરવા પણ સંસ્થા તંત્રની સાથે હમેશા ઊભા રહેવાની તૈયારી સંસ્થા દ્વારા બતાવવામાં આવી છે.

## અમદાવાદીઓ મન મૂકીને માણશે ગીર, કચ્છ, વલસાડ સહિતની સુપ્રસિદ્ધ રસાયણમુક્ત કેરીની જ્યાફત

# અમદાવાદના વસ્ત્રાપુર હાટમાં યોજાશે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ આજે કરાવશે શુભારંભ

- એક મહિના સુધી ૮૫ સ્ટોલ ખાતેથી ખેડૂતો કરશે કેરીનું સીધું વેચાણ
- વર્ષ ૨૦૨૩ના કેસર કેરી મહોત્સવ દરમિયાન એક જ મહિનામાં રેકોર્ડબ્રેક ૨.૭૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીનું વેચાણ થયું

સમય મિરર । રાજકોટ

અમદાવાદ અને ગાંધીનગરના નગરજનો ઉનાળાના બળબળતા તાપ વચ્ચે રસાયણમુક્ત મીઠી કેરીની જ્યાફત હવે ઘર આંગણે જ માણી શકશે. ગુજરાતમાં રસાયણમુક્ત કેરી પકવતા ખેડૂતો કેરીનું વેચાણ સીધું શહેરીજનોને કરીને પોષણક્ષમ ભાવ મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે યોજાનાર આ કેરી મહોત્સવનો કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ આજે તા. ૧૪ મે, ૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે. આ પ્રસંગે કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ તેમજ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા



પણ ઉપસ્થિત રહેશે. આ કેસર કેરી મહોત્સવ આગામી તા. ૧૩ જૂન એટલે કે, એક મહિના સુધી ચાલશે.

કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં ઉભા કરાયેલા આશરે ૮૫ જેટલા સ્ટોલ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે.

આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતા ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે.

કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર કેસર કેરી મહોત્સવ જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઇ રહી છે. ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઇ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહિત કરવા માટે આવા વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં યોજાયેલા કેસર કેરી મહોત્સવમાં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રેકોર્ડબ્રેક ૨.૭૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીની ખરીદી કરી હતી.

# રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ૧૭ મેના રોજ યોજાશે

સમય મિરર । રાજકોટ

ગુજરાત સરકારની સૂચના મુજબ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. જે મુજબ રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની મે માસની બેઠક તા. ૧૭ મે, ૨૦૨૫ના રોજ શનિવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** ગુ. હા. સ. ચા. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના દિનેશચંદ્ર ઝવેરલાલ ત્રિવેદી ઉ.વ. ૮૩, તે સ્વ.ઝવેરલાલ કુલશંકર ત્રિવેદી તથા સ્વ.જયાબેન ઝવેરલાલ ત્રિવેદીના જયેષ્ઠ પુત્ર, પ્રતિભાબેનના પતિ, શીતલ કલ્પેશકુમાર ત્રિવેદી અને વિશાલ ત્રિવેદીના પિતાજી, રાજુભાઈ, સ્વ.રજનીકાંતભાઈ, દેવેન્દ્રભાઈ (ભોલાભાઈ), સ્વ.વિજયભાઈ તથા હંસાબેન શુક્લ અને સ્વ.ગીતાબેન ભટ્ટના મોટાભાઈ તથા ચંદ્રકાંતભાઈ અને મહેન્દ્રભાઈના ભત્રીજા, નરહરિપ્રસાદ ત્રિવેદીના ભાણેજ થાય. સદગત તે સ્વ. મોહનલાલ હરિલાલ ઉપાધ્યાયના જમાઈ, મહેન્દ્રભાઈ મોહનલાલ ઉપાધ્યાય, મૃદુલાબેન ત્રિવેદી, કોકિલાબેન ત્રિવેદી, અને સ્વ.બિપીનભાઈ મૂળશંકર ઉપાધ્યાયના બનેવી થાય. સદગતનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તાઃ૧૫/૦૫/૨૦૨૫, ગુરુવારના રોજ બપોરે ૪:૦૦ થી ૪:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

# દેશનો પ્રથમ કિસ્સોઃ રાજકોટની ૧૩ વર્ષની સગીરાને ગર્ભપાતની મંજુરી આપતી હાઈકોર્ટ

**પિતરાઈ અને પાડોશી બંને સગીરોએ સગીરા પર દુષ્કર્મ આચરી ૩૩ સપ્તાહનો ગર્ભ રાખી દીધો'તો**

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ખાતે રહેતી એક ૧૩ વર્ષિય સગીરા પર પડોશી શખ્સે વારંવાર દુષ્કર્મ આચરતા સગીરા ગર્ભવતી બની હતી. પેટમાં દુખાવો ઉપડ્યા બાદ દવાખાને લઇ જતા સમગ્ર ઘટના સામે આવી હતી. ત્યાં સુધીમાં સગીરાના ગર્ભપાતની મુદ્દત પણ જઇ ચુકી હતી. મેડીક્લ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી બીલની જોગવાઇ મુજબ સામાન્ય રીતે ૨૪ સપ્તાહ સુધીના ગર્ભને ગર્ભપાતની મંજુરી આપવામાં આવતી હોય છે. પરંતુ આ કિસ્સામાં બાળકીની ઉંમર નાની હોય અને ૩૩ સપ્તાહનો સમય થઇ ચુક્યો હોય છતાં, હાઇકોર્ટે બાળકીના ગર્ભમાં રહેલા ભ્રુણને ગર્ભમાં જ ગર્ભપાતની મંજુરી આપવામાં આવી છે. કદાચ દેશનો આ પ્રથમ કિસ્સો હશે કે જેમાં આટલા સપ્તાહ બાદ ગર્ભપાતની અદાલતે મંજુરી આપી હશે.

રાજકોટની એક ૧૩ વર્ષીય સગીરા કે જે ખુદ તેના પાડોશી દ્વારા જ દુષ્કર્મનો ભોગ બની હતી અને ૩૩ સપ્તાહનો ગર્ભ ધરાવી રહી હતી, તેને ગર્ભપાત કરાવવા ગુજરાત હાઇકોર્ટે મંજૂરી આપી હતી. આ બાબતે હાઇકોર્ટે આદેશ કર્યો હતો કે પીડિતાના વાલીને ગર્ભપાતના જોખમો વિશે માહિતગાર કરીને આ પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઇએ પીડિતાના મેડિકલ રિપોર્ટને ધ્યાનમાં લઇ સગીરાના ગર્ભના ગર્ભપાત કરાવવાની



મંજૂરી આપી હતી. એટલે કે હાઇકોર્ટે પીડિતા અને તેના વાલીને ગર્ભના ગર્ભપાતના જોખમ સહિતના પાસાઓની તેઓ સમજી શકે તે ભાષામાં જાણકારી આપી તેઓની લેખિતમાં સહી મેળવ્યા બાદ ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવા હુકમ કર્યો હતો. રાજકોટની પીડીયુ જનરલ હોસ્પિટલના સિનિયર મોસ્ટ ગાયનેકોલોજીસ્ટ, સાયકોલોજીસ્ટ સહિતના નિષ્ણાત તબીબની ટીમને ગર્ભપાત દરમ્યાન હાજર રહેવા અને પીડિતાની ઉંમરને લઇ તેની ખાસ કાળજી લેવા અને ધ્યાન રાખવા પણ નિર્દેશ કર્યો હતો.

રાજકોટની ૧૩ વર્ષીય સગીરાના વાલીઓ તરફથી કરાયેલી રિટ અરજીમાં હાઇકોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, ૧૩ વર્ષીય સગીરાને ખુદ તેના પાડોશી આરોપીએ જ તેની કુમળી વય અને માનસિકતાનો ગેરલાભ ઉઠાવી તેને દુષ્કર્મનો ભોગ બનાવી હતી, જેના કારણે તે ગર્ભવતી બની હતી. જો કે, પીડિતાની માનસિક, સામાજિક અને શારીરિક સ્થિતિ અને સંજોગોને જોતાં તેણી બાળકને જન્મ આપવા ઇચ્છતી નથી અને ગર્ભપાત કરાવવા માંગે છે. હાઇકોર્ટે રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય જનરલ હોસ્પિટલને પીડિતાની મેડિકલ તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું હતું. જેના અનુસંધાનમાં સરકારપક્ષ તરફથી રિપોર્ટ રજૂ કરી જણાવાયું હતું કે, હાલ પીડિતાને ૩૩ સપ્તાહનો ગર્ભ રહેલો છે અને તેના ગર્ભપાતમાં હાઇરીસ્ક પણ રહેલું છે., તેણીને ૧.૯૯ કિલોનો ગર્ભ છે. પીડિતા એનીમીયા અને માઇલ્ડ ઇન્ટેલેક્ચુઅલ ડિસેબિલિટીથી પણ પીડિત હોવાનું સામે આવ્યું હતું. તેથી એનીમીયાના મૂલ્યાંકન અને તેની સુધારણા બાદ ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરી શકાય તેમ હોવાનું નિષ્ણાત ડોકટરોની પેનલે રિપોર્ટમાં સૂચિત કર્યુ હતું. જેને પગલે હાઇકોર્ટે સગીરાના ૩૩ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી હતી અને ઓપરેશન કે પ્રક્રિયા દરમ્યાન લોહીની વ્યવસ્થા રાખવા અને એક્સપર્ટ ડોકટરોને હાજર રહેવા ખાસ તાકીદ કરી હતી.

# સહેલીને ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં મહિલા આરોપીને એક વર્ષની સજા

## ૬૦ દિવસમાં દોઢ લાખ વળતર પેટે ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રહેતી મહિલાએ મિત્રતાના દાવે સહેલીને રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જેની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે મહિલાને કોર્ટે એક વર્ષની સજા અને ૬૦ દિવસમાં દોઢ લાખ વળતર પેટે ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા ફરીયાદી સુનિતાબેન ઠાકુરે આરોપી શારદાબેન રમેશભાઈ ઘાવરીને મિત્રતાના દાવે રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના વગર વ્યાજે આપ્યા હતા. ત્યારબાદ સુનિતાબેન ઠાકુરે હાથ ઉછીની આપેલી રકમની માંગણી કરતા શારદાબેન ઘાવરીએ રૂ.૧.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક વગર વસુલાતે પરત ફર્યો હતો. જેથી ફરીયાદીએ પોતાના એડવોકેટ મારફત આરોપીને પાઠવેલી લીગલ નોટીસ બજી જતા છતાં પણ ચેક મુજબની રકમ નહિ ચૂકવતા ફરિયાદીએ રાજકોટ કોટમાં નેગોશીયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષની



એડવોકેટ

રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે આરોપી શારદાબેન ઘવરીને એક વર્ષની સજા અને ૬૦ દિવસમાં દોઢ લાખ વળતર પેટે ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

આ કેસમાં ફરીયાદી સુનિતાબેન ઠાકુર વતી એડવોકેટ નિલમ પી. સોની અને સુધા કે. ચોવટીયા રોકાયા હતા.

# ફાઈનાન્સ પેઢીને ચુકવણી માટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં ધારકને પોણા બે વર્ષની જેલ

## વાહનો ખરીદવા લીધેલી લોનની ચુકવણી માટે આપેલો ચેક પરત ફર્યો'તો

**સમય મિરર રાજકોટ**

મહેન્દ્ર એન્ડ મહેન્દ્રા ફાઇનાન્સ લિમિટેડમાંથી લોન પર ચાર કોમર્શિયલ વાહનો ખરીદ કર્યા હતા તે લોનનો હપ્તો ચૂકવવા આપેલા એક કરોડનો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરવાના ગુનામાં અદાલતે તાલાલા સ્થિત લોન ધારકને એક વર્ષ અને નવ માસની સજા તેમજ ચેક મુજબનું વળતર બે માસમાં ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ તાલાળા ખાતે રહેતા વિરેન્દ્ર જેસાભાઇ ચંદેરા નામના યુવાને રાજકોટ સ્થિત મહેન્દ્રા ફાઇનાન્સ લિમિટેડ ની બ્રાન્ચમાંથી કોમર્શિયલના ચાર વાહનો પર લોન લીધી હતી. જે લોનના ચડત હપ્તા ચૂકવવા આપેલા એક કરોડનો



એડવોકેટ

ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ લોનધારક ધીરેન્દ્ર ચંદેરાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં એક મુજબની રકમ કંપનીમાં જમા ન કરાવતા અંતે કંપનીના જવાબદાર અધિકારી ચંદ્રજીતસિંહ ગોહિલ દ્વારા લોનધારક ધીરેન્દ્ર ચંદેરા વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે કેસ ચાલી જતા કોર્ટે બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને એક વર્ષ અને ૯ મહિનાની સજા તથા ચેક મુજબ એક લાખ રૂપિયા વળતર પેટે ૬૦ દિવસમાં ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

રાજકોટનાં દફતરી લો ચેબર્સના ધારાશાસ્ત્રી નેહાબેન ભાવિન દફતરી, પથીકભાઈ દફતરી, ભાવિન દફતરી, નુપુરબેન દફતરી, યુવરાજસિંહ જાડેજા, સંજયસિંહ જાડેજા, પરેશ કુકાવા નીશાબેન સુદા અને શીવાંગી મજીઠીયા રોકાયા હતા.

**યુવાન, પ્રૌઢા અને વૃદ્ધ બેભાન હાલતમાં ઢળી પડ્યા બાદ હોશમાં જ ન આવ્યા**

# રાજકોટમાં વધુ ત્રણ માનવ જિંદગીને ભરખી જતો હૃદયરોગનો હુમલો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં હૃદય રોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ ત્રણ લોકોના હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યા છે. જેમાં સહકાર મેઈન રોડ ઉપર યુવાન જીવરાજ પાર્કમાં પ્રૌઢા અને ગાયત્રીનગરમાં વૃદ્ધનું મોત નિપજ્યું છે.

આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ સહકાર મેઈન રોડ ઉપર નંદા હોલ પાસે રહેતા કિશોરભાઈ મોહનભાઈ ચૌહાણ ઉ.વ.૪૦ને હૃદય રોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. મૃતક યુવકને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં જીવરાજપાર્કમાં આવેલ લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતા જ્યોતિબેન છતુભાઈ ચૌહાણ ઉ.વ.૫૫ને મધરાત્રે માટે સિવિલસ્પિટલ ખાતે ખસેડાય હતાં. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ત્રીજા બનાવમાં ગોંડલમાં આવેલા ગાયત્રીનગરમાં રહેતા જીતેન્દ્રભાઈ અરજણભાઈ ગોંડલિયા ઉ.વ.૬૦ રાજકોટ એસટી બસ સ્ટેશન બહાર નીકળતાની સાથે જ આવેલો હૃદયરોગનો હુમલો જીવલેણ નીવડ્યો હતો. વૃદ્ધના મોતની પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મુંબઈની પેઢીના માલિકને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

## બાકીમાં લીધેલા માલ સામાનની રકમ ચૂકવવા હુકમ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરની જાણીતી બિઝનેસ પેઢી મોટો મલ્ટીપેક નામની ભાગીદારી પેઢી પાસેથી બાકીમાં લીધેલા માલ સામાનની રકમ ચૂકવવા આપેલો ચેક વગર વસુલાતે પરત ફરવાના કેસમાં કોર્ટે મુંબઈની પેઢીના માલિક વિરલ સંઘવીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ લોધિકાના મેટોડા સ્થિત મોટો મલ્ટી પેક નામની ભાગીદારી પેઢી પાસેથી મુંબઈ સ્થિત વિરલ એન્ટરપ્રાઇઝ દ્વારા બાકીમાં સ્ટ્રેચ ફિલ્મ ખરીદી હતી જેની નીકળતી લેણી રકમ ચૂકવવા આપેલો રૂ.૩ લાખનો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય



એડવોકેટ

જોગવાઈ મુજબ સમય મર્યાદામાં ચેક મુજબની રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી કંપનીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને પ્રસ્થાપિત થયેલા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઈ એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એ.પી.ડેર ફરીયાદીનો કેસ પુરવાર માની વિરલ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર વિરલ સંઘવીને ૧ વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૩,૦૦,૦૦૦/- નું વળતર ચુકવવાનો હુકમ કરેલો અને જો વળતરની રકમ દિન ૬૦ માં ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવેલો છે.

આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ કિશન એમ. પટેલ, જયદીપસિંહ બી. રાઠોડ, જયેશ પી. નાગદેવ, પાર્થરાજસિંહ એમ. જાડેજા, હર્ષવર્ધનસિંહ વી. જાડેજા અને આદમશા જી. શાહમદાર રોકાયા હતા.

# રાજકોટમાં પિતાના ઠપકાથી માઠું લાગતા ધો.૧૨ના વિદ્યાર્થીનો ઝેરી પાઉડર પી આપઘાત

## ત્રંબા પાસે ગુરુકુળમાં અભ્યાસ કરતો સગીર વેકેશનમાં ઘરે આવ્યા બાદ પગલું ભર્યું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ પર ભગીરથ ગ્રેનટો પાસે રંગમહેલ એપાર્ટમેન્ટમા રહેતા અને ત્રંબા પાસે ગુરુકુળમાં ધો.૧૨નો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાન ઘરે ઝેરી પાવડર પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. આ ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ મથકના સ્ટાફે કાગળો કરી કારણ જાણવા તજવીજ શરૂ કરી છે.



વધુ વિગતો મુજબ કાલાવડ રોડ પર કટારીયા ચોકડી નજીક ભગીરથ ગ્રેનટો પાસે રંગમહેલ એપાર્ટમેન્ટમાં રહેતા મથન જગદીશભાઇ કયાડા નામના ૧૭ વર્ષના તરુણે પોતાના ઘરે ઘઉંના નાખવાના ઝેરી પાવડર પી જતા તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ફરજ પરના તબીબે મંથનને મૃત જાહેર કર્યો હતો. પુત્રના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. મંથન ત્રંબા પાસે આવેલા ગુરુકુળમાં રહી ધો.૧૨માં અભ્યાસ કરતો હતો. તાજેતરમાં જ ધો.૧૧ની પરીક્ષા આપ્યા બાદ પાસ થયો હતો. અને હાલ વેકેશન હોય જેથી ઘરે આવ્યો હતો. પોલીસ પાસેથી જાણવા મળ્યુ કે, તેના પિતા કોલસાના વેપારી છે અને તેમને હૃદયની બિમારી હોય જેથી નવસારી સારવાર માટે ગયા હતા. ત્યાંથી પરત ફર્યા ત્યારે પુત્રએ આ પગલુ ભરી લીધુ હતુ. પરિવારજનોએ જણાવ્યુ કે, મંથન તામસી સ્વભાવનો અને વાત વાતમાં ગુસ્સે થઈ જતો હતો. તેમના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો છે.

**ઓરિસ્સાથી ગાંજો લાવી પડકી બનાવી વેંચાણ કરતા શખ્સ પાસેથી ૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત**

# રાજકોટના કુવાડવા ગામ પાસેથી ૨.૪૨૧ કિલોગ્રામ ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના માર્કેટિંગ યાર્ડ પાસે સાગર સોસાયટીમાં રહેતો શખ્સ અમદાવાદ તરફથી ગાંજો લઇ આવવાનો છે તેવી માહિતી બાદ એસઓજીનો કાફલો કુવાડવા નજીક વોચમાં ગોઠવાઇ ગયો હતો. ત્યારે આ શખ્સ અગાઉથી કોઇ વાહનમાં ઉતરી ઇન્ડિયન ઓઇલ પંપની બાજુમાં શિવ શક્તિ હોટલની સામે ઉભો હોય ત્યાંથી તે શખ્સને ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો.

જાણવા મળતી વિગત મુજબ, માર્કેટિંગ યાર્ડ પાસે સાગર નગર વિસ્તારમાં રહેતો શખ્સ અવાર નવાર માદક પદાર્થની ખેપ મારતો હોય તેવી માહિતી મળતી હતી. આ ઉપરાંત તે શખ્સ હાલ માદક પદાર્થ લેવા માટે ગયો હોય તેવી પણ બાતમી મળી હતી. જેથી પોલીસ કાફલાએ તે સાગર નગર વિસ્તારમાં રહેતા દિપક ઉર્ફે શિવમ રણજીતભાઇ અગ્રાવત પર નજર રાખી હતી. ત્યારે આ શખ્સ કુવાડવા ગામ નજીક હોવાની બાતમી મળતા પીઆઇ એસ.એમ.જાડેજા અને એન. વી.હરીયાણીની સુચનાથી પીએસઆઇ ધ્રાંગુ સ્ટાફના હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતનો કાફલો કુવાડવા પાસે ધસી ગયો હતો. ત્યાં જઇ તપાસ કરતા ઇન્ડિયન ઓઇલ પેટ્રોલપંપની બાજુમાં શિવ



શક્તિ હોટલની સામે દિપક ઉર્ફે શિવમ ઉભો જોવા મળતા તેની પાસે ધસી જઇ કાળા કલરનો થેલો ચકાસતા અંદરથી ૨.૪૨૧ કીલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા આ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી.

એસઓજીની ટીમ દ્વારા પુછપરછ કરાતા જાણવા મળ્યું હતુ કે, દિપક ઉર્ફે શિવમ ગાંજાનો જથ્થો ઓરિસ્સાથી લાવી નાની નાની પડકીઓ બનાવી વેંચાણ કરતો હતો. આ ઉપરાંત ઓરિસ્સાથી ગાંજો લઇ ટ્રેનમાં અમદાવાદ આવતો હતો અને ત્યાંથી ખાનગી વાહનમાં રાજકોટ આવતો હતો. રાજકોટ પહોંચે તે પહેલા તે ઉતરી જતો હતો. આ ઉપરાંત અગાઉ વાહન ચોરીમાં પણ આ શખ્સ ઝડપાઇ ચુક્યો છે. આથી, એસઓજી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ન્યુ દિલ્હીની કંપનીના પ્રોપરાઈટરને ચેક રિટર્ન કેસમાં રાજકોટ કોર્ટનું તેડું

## ફાયર સેફટી ઈકિવપમેન્ટની ખરીદી પેટે આપેલો ૮.૮૨ લાખનો ચેક પરત ફરતા ફરિયાદ નોંધાઈ'તી

**સમય મિરર | રાજકોટ**

ન્યુ દિલ્હી સ્થિત શાહ ફાયર સેફટીના નામથી પ્રોપરાઈટરને રૂા. ૮.૮૨ લાખના ચેક રિટર્ન કેસમાં રાજકોટની કોર્ટે સમન્સ ઇસ્યુ કર્યું છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટના લોઠડા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં પ્રિતેશભાઈ જયસુખભાઈ બાબરીયા 'અરમોર સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.' ના નામથી ડાયરેકટર દરજજે ફાયર સેફટી ઈકવીપમેન્ટની વસ્તુઓ બનાવવાનો ધંધો કરે છે. જયારે આરોપી સંદીપકુમાર શાહ ન્યુ દિલ્હી ખાતે શાહ ફાયર સેફટીના નામથી પ્રોપરાઈટર દરરજે ધંધો કરતા હોય ફરીયાદી પાસેથી



એડવોકેટ

સંદીપકુમાર શાહે ફાયર સેફટી ઈકવીપમેન્ટની ખરીદી કરી હતી. જેની બાકી રહેતી રકમ રૂા.૮,૮૨,૫૨૨ ચુકવવા માટે બે ચેક આપ્યા હતા. જે બંન્ને ચેક બિન ચુકતે પરત ફર્યા હતા. જે અંગે નોટીસ પાઠવી હોવા છતા રકમ ન ચુકવતા પ્રિતેશભાઈ બાબરીયાએ તેમના વકીલ મારફત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલી જેમાં શાહ ફાયર સેફટીના નામથી દિલ્હી મુકામે ધંધો કરતા સંદીપકુમાર શાહને રાજકોટની સ્પેશીયલ નેગો શીયેબલ કોર્ટે હાજર થવા સમન્સ ઈસ્યુ કરવામાં આવ્યું છે.

આ કેસમાં ફરીયાદી વતી વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ અને ચાર્મી કે. પંડયા રોકાયા હતા.

# હત્યાની કોશિષના કેસમાં આજીવન સજા પામેલા કુખ્યાત ભરત કુંગશીયાને જામીન મુક્ત કરતી હાઈકોર્ટ

## સેશન્સ કોર્ટના સજાના હુકમ સામે કરેલી અપીલ દરમિયાન જામીન અરજી પણ કરી'તી

**સમય મિરર | રાજકોટ**

શહેરના પોપટપરા વિસ્તારના ખેડૂત ઉપર ખૂની હુમલો કરવાના ગુનામાં સેશન્સ કોર્ટે આરોપી બે ભાઈને આજીવન કેદની સજાના હુકમ સામે કરેલી અપીલના કામે ભરત કુગસિયાને હાઈકોર્ટે જામીન પર મુકત કરતો હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે ફરિયાદી કલ્પેશ તેના કાકાના મિત્ર પ્રવિણભાઈની જમીનનો ભરતે કરેલા સોદામાં સાક્ષી હતો. તે જમીન સંબંધે તકરાર થઇ હતી. આ તકરાર વખતે કલ્પેશ હાજર હોવાથી તકરારનો દ્વેષભાવ રાખી તેના જામનગરથી મોરબી જતા રસ્તા પર આવેલા સેન્ટીંગના ડેલામાં ઘૂસી જઇ આરોપીઓએ તેની ઉપર હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી. જેમા ભરત કુગસિયાને અને તેના ભાઈ ભાવેશ કુગસિયા, જગદીશ દેવાયતભાઈ કુગશીયા, મહાવીર ચંદુભા જાડેજા, જેન્તી વાઘજીભાઈ જંજુવાડીયા અને ધર્મેશ બકુલભાઈ જંજુવાડીયા સહિત છ આરોપીઓ સામે હત્યાની કોશિષનો ગુનો દાખલ થયો હતો. આ કેસ ચાલી



એડવોકેટ

જતાં રાજકોટ કોર્ટે આરોપી ભરત કુગશીયા અને તેના ભાઈ ભાવેશ કુગશીયાને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને રૂા.૨.૫૦ લાખનો દંડ તેમજ ચાર આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કર્યો હતો. આરોપીઓ પૈકી ભરત રઘુભાઈ કુગશીયા ધ્વારા હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી જામીન પર છુટવા માટે અરજી કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલી જતા રજુઆત કરવામાં આવેલ કે આરોપીએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું ચાર્જશીટ જોતા જણાય આવતું નથી કે તેવો કોઈ પુરાવો પણ મળી આવેલ નથી તેમજ આઈ.પી.સી. કલમ ૩૦૭ ના કોઈ તત્વો પુરાવા જોતા જણાય આવતા નથી. ફરીયાદીને જે ઈજાઓ હતી તે ફેકચરની ઈજાઓ હતી જે ધારીયા જેવાઆ બંને કેસમાં આરોપી વિરુધ્ધ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરી શકેલ નથી. ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા. ઉપરોકત બચાવ પક્ષની દલીલો, અને કાયદાકીય આધારો અને સેસન્સ અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને જુબાનીઓ ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી ભરત કુગશીયાને બંને કેસમાં રૂા.૧૦ હજારના અપીલ ચાલતા દરમ્યાન જામીન ઉપર મુકત કરવામાં આવ્યો છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિરાટભાઈ પોપટ તથા રાજકોટના ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી અને સાગરસિંહ પરમાર રોકાયા હતા.

# રાજકોટમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી કારખાનેદારનો આપઘાતનો પ્રયાસ

**એક વ્યાજખોરને ૨૦ લાખના ૮૦ લાખ અને બીજાને ૫ લાખના ૧૦ લાખ ચુકવ્યા છતાં પઠાણી ઉઘરાણીથી ઝેર પીધું**

## બેન્કમાંથી ૧.૨૫ કરોડની લોન લઈ બન્ને વ્યાજખોરોને રુપિયા ચૂકવ્યા છતાં ત્રાસ યથાવત રહેતા પગલું ભર્યું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના શહેરના કોઠારીયા ગામમાં રામજી મંદિર પાસે રહેતા અને લોઠડા ગામે તિરૂપતિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જય ગાત્રાળ ટેકનોકાસ્ટ નામનું કારખાનું ધરાવતાં સુરેશભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી (ઉ.વ.૫૫)એ બે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઘઉંમાં નાંખવાના ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે મામલે આજી ડેમ પોલીસે ખોખડદડ ગામે રહેતાં રામાભાઈ ભરવાડ અને મનિષ રંગાણી વિરૂધ્ધ ગુનો નોંધી બંનેની ધરપકડની તજવીજ શરૂ કરી છે. કારખાનેદાર સુરેશભાઈએ પોલીસને વધુમાં જણાવ્યું હતું કે તેના કારખાના પાસે રામાભાઈની ચાની દુકાન હોવાથી મિત્રતા હતી. તેને ધંધા માટે અને પુત્રીની સગાઈ, લગ્ન માટે રૂા.૨૦ લાખની જરૂર પડતાં રામાભાઈ પાસેથી ૧૦ ટકા વ્યાજે રકમ લીધી હતી. જેનું દર મહિને રૂા.૨ લાખ વ્યાજ ચુકવતા હતા. ત્રણેક વર્ષમાં વ્યાજ અને પેનલ્ટી મળી રૂા.૮૦ લાખ ચુકવી દીધા હતા. આમ છતાં હજુ



રૂા.૧૫.૫૦ લાખની માગણી કરતા હતા.

તેનું વ્યાજ ભરવા માટે મનિષ પાસેથી રૂા.૫ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા હતા. તેને પણ દર મહિને રૂા.૫૦ હજાર વ્યાજ ચુકવતા હતા. બે વર્ષમાં રૂા.૧૦ લાખ ચુકવી આપ્યા છે. આમ છતાં હજૂ રૂા. ૫ લાખની ઉઘરાણી કરે છે. બંને આરોપીઓને વ્યાજ ચુકવવા માટે ૯ બેંકોમાંથી રૂા.૧.૨૫ કરોડની લોન લીધી હતી. છેલ્લા ચારેક માસથી કારખાનું બરાબર નહીં ચાલતાં વ્યાજ ચુકવી શક્યા ન હતા. જેને કારણે બંને આરોપીઓ અવાર-નવાર રૂબરૂ અને ફોનમાં પઠાણી ઉઘરાણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. ત્રણેક માસ પહેલાં બંને આરોપીઓ તેના કારખાને આવ્યા હતા અને અમારે અત્યારે જ વ્યાજ અને મુડી જોઈએ છે. તેમ કહી ગાળો ભાંડી, તેને સમાજમાં બદનામ કરવાની અને દિકરાનું સગપણ નહીં થવા દેવાનું કહ્યું હતું. એટલું જ નહીં તેના ટેબલના ખાનામાંથી તેની પત્નીના નામે પેઢી હોવાથી તેની સહીવાળા બે કોરા ચેક લઈ ગયા હતા. જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા આખરે કંટાળીને ગઈ તા.૩નાં રોજ ઘરે ઘઉંમાં નાખવાના ટીકડા પી લીધા હતા. જેથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ગઈકાલે ભાનમાં આવ્યા બાદ બંને આરોપીઓ વિરૂધ્ધ આજી ડેમ પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ગુનો દાખલ કરી બન્ને વ્યાજખોર શખ્સોની ધરપકડની તજવીજ શરૂ કરી છે.

TRP કાંડના સૂત્રધાર સસ્પેન્ડેડ પૂર્વ TPO

# સાગઠિયાની ૨૧ કરોડની સંપત્તિ ઈડીની ટાંચમાં : સ્પે.કોર્ટમાં આપી અરજી

## કેસ દિલ્હી ખાતે ચાલવાપાત્ર હોવાથી મિલકત ટ્રાન્સફર કરવા અંગે કોઇ આદેશ નહીં આપવા ઈડીએ કરી અરજી : તા.૨૬ના રોજ સુનાવણી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ૨૭ માનવ જીંદગી જેમાં ભડથું થઈ હતી તે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં મુખ્ય સુત્રધારની ભુમિકામાં રહેલા મનપાના સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠિયાની બેનામી સંપતિની તપાસમાં ૨૧ કરોડની મિલકત અને સોના-ચાંદીના દાગીના રોકડ સહિતની અપ્રમાણસર સંપતિ હોવાનું બહાર આવતો એસીબી દ્વારા એસીબી કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા બાદ આ તપાસમાં ઈડીએ ઝુંકાવ્યું હતું. તેની તપાસ બાદ મનસુખ સાગઠિયાના પરિવારને ૨૧ કરોડની મિલ્કત ટાંચમાં લેવાની નોટિસ ફટકારવામાં આવી હતી.આજે આ મિલકત ટાંચમાં લીધા બાદ આ કેસ હવે દિલ્હી ખાતે ચાલવાપાત્ર હોય જેથી ટાંચમાં લેવાયેલી મિલક્ત ટ્રાન્સફર અંગે અદાલત દ્વારા કોઈ કાર્યવાહી ન કરવા સ્પે.કોર્ટમાં અરજી કરવામાં આવી છે. જે અરજી પરની આગામી સુનવણી રાજકોટની સ્પેશ્યલ કોર્ટે તા.૨૬મેના રોજ રાખી છે.

આ કેસની હકિક્ત એવા પ્રકારની છે કે, ટી. આર.પી. ગેમ ઝોન અગ્નિકાડ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ ઓફીસર મનસુખભાઈ ધનજીભાઈ સાગઠીયાની વરવી ભુમિકા જણાઈ આવતા તેઓ સામે એક સાથે ૩ ફોજદારી કેસો નોંધાયેલા હતા, જેમાં ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ એક કેસ અને ભારતીય દંડ સહિતા હેઠળ બે કેસો છે. આ કેસોની તપાસ દરમ્યાન જણાયેલ હતુ કે ટી.પી.ઓ. મનસુખભાઈ સાગઠીયાએ ૨૮ કરોડની પ્રમાણસર મિલ્કતો ધારણ કરેલ છે જે તેઓએ પોતાના પત્નિ અને પુત્રના નામે વસાવેલ હતી તથા એક સ્થાવર મિલ્કતમા તેમના પુત્ર કેયુરએ અલ્પેશ રણછોડભાઈ ચાવડા નામના વ્યકિત સાથે સહમાલીકી રાખેલ હતી. આ કેસની જાણ એ.સી.બી.એ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને કરેલ જેથી ઈ.ડી. એ તપાસ હાથ ધરી નિષ્કર્ષ કરેલ કે ટી.પી.ઓ. મનસુખ સાગઠીયાએ પોતાના નામે તથા તેમના પત્નિ ભાવનાબેન સાગઠીયા અને પુત્ર કેયુર સાગઠીયા તથા અલ્કેશ રણછોડભાઈ ચાવડા નામના વ્યકિતઓના નામે મિલ્કતો વસાવેલ છે જેમાં સ્થાવર મિલ્કતો, જમીનો, કિંમતી ઝવેરાતો તથા જુદી જુદી બેકોની ફીકસ ડીપોઝીટનો સમાવેશ થાય છે.

ઈ.ડી.ની તપાસ દરમ્યાન આ મિલ્કતોની કિમત રૂા.૨૧,૬૧,૫૯, ૧૨૯/-થાય છે. આ મિલ્કતો પી.એમ.એલ.એ. એકટ હેઠળ કલંકીત ગણી તેને કલમ-૫ હેઠળ ઈ.ડી. એ જપ્ત કરેલ છે. હાલનો કેસ રાજકોટ એ.સી.બી.એ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ દાખલ કરી આરોપીની મિલ્કત કોર્ટ કસ્ટડીમા સોપેલ હતી. આ રીતે આ મિલ્કતો કોર્ટની કસ્ટડીમા હોવાથી ઈ.ડી. આ અરજી કરી અદાલતને જણાવેલ છે કે, પી.એમ.એલ. એકટની કલમ-૮ હેઠળ હાલનો કેસ દિલ્હી ખાતે એડજયુડીકેટીંગ ઓથોરીટી સમક્ષ ચાલવાપાત્ર હોય આ મિલ્કતો અંગે ટ્રાન્સફર અંગેનો કોઈ હુકમ ન કરવા અરજ કરેલ છ. આ મુજબની અરજી અંગે ખાસ અદાલતે મનસુખ સાગઠીયા તથા પ્રોસીકયુશન બનેને તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ હાજર રહેવા નોટીસ કરેલ હતી જેમા પ્રોસીકયુશન તરફે તપાસનીશ અમલદાર લાલીવાલ અને સ્પે.પી.પી. એસ.કે. વોરા હાજર રહેલા હતા પરંતુ મનસુખ સાગઠીયા વતી અદાલત સમક્ષ કોઈ હાજર થયેલ ન હતુ. આ અંગેની આગળની કાર્યવાહી માટે અદાલતે આ કેસની કાર્યવાહી તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ રાખેલ છે. આ કેસમા સ્પે. પી. પી. તરીકે જિલ્લા સરકારી વકીલ સજયભાઈ કે. વોરા રોકાયેલ છે.

# રાજકોટમાં બદઈરાદે ઘરમાં ઘુસેલા પડોશી શખ્સે મહિલા નર્સની કરી હત્યા

## મકાનની પાછળ રહેતા શખ્સે મધ્યરાત્રીએ ધાબા પરથી મહિલાના ઘરમાં ઘુસી બદકામનો પ્રયાસ કરતા બંને વચ્ચે ઝપાઝપી બાદ ખૂની ખેલ ખેલાયો

**સમય મિરર | રાજકોટ**

યુનિવર્સિટી રોડ પર એફએસએલ કચેરીની પાછળ ઋષિકેશ પાર્ક-રમાં આવેલા સુરેશભાઇ ગોઢાણીયાની માલિકીના બે માળના મકાનમાં નીચેના માળે નિલમબેન અને તેમના પતિ પિયુષભાઇ દલસાણીયા રહે છે અને ઉપરના માળે મુળ અમદાવાદના દસ્કોઇ તાબેના કુહા ગામના વતની ચૌલાબેન પટેલ રહે છે. રાત્રે ચૌલાબેન પટેલની તેના જ ઘરમાં હત્યા થઇ ગયાની જાણ ૧૦૮ મારફત થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ. એન. પટેલ, ડીસીપી જગદીશ બાંગરવા સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. સ્થળ પર યુનિવર્સિટી પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલે રવાના કર્યો હતો.

પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યુ હતું કે હત્યાનો ભોગ બનેલા મહિલા રાજકોટ કેન્સર હોસ્પિટલમાં કીમોથેરાપી વિભાગમાં નર્સ તરીકે નોકરી કરતાં હતાં. તેમની બદલી ચાર મહિના પહેલા જ અમદાવાદ સિવિલથી રાજકોટ થઇ હતી. અહિ તે ભાડેથી એકલા જ રહેતાં હતાં. હત્યાનો આરોપી પડોશમાં જ રહેતો કાનજી ભીમાભાઇ વાંજાને પડોશીઓએ પુરીને રાખ્યો હોઇ પોલીસે સકંજામાં લઇ તેની પુછતાછ કરતાં તેણે એવુ રટણ કર્યુ હતું કે રાતે મને બોલાવવામાં આવતાં હું ગયો હતો અને માથાકુટ થયા બાદ મારા પર હુમલો થતાં મેં વળતો પ્રહાર કર્યો હતો. જો કે તેની આ વાત પોલીસને ગળે ઉતરતી ન હોઇ વિશેષ પુછતાછ થઇ રહી છે.

હત્યાનો ભોગ બનેલા ચૌલાબેન પટેલ એક ભાઇથી નાના અને અપરિણીત હતાં. પચ્ચીસ વર્ષથી અમદાવાદ સિવિલમાં નર્સ તરીકે ફરજ બજાવતાં હતાં અને ગત ફેબ્રુઆરીમાં જ રાજકોટ બદલી થતાં હાલ રાજકોટ કેન્સર હોસ્પિટલમાં ફરજ બજાવતાં હતાં. આગામી મહિને ફરી તેની બદલી અમદાવાદ થવાની હોવાનું તેઓ પડોશીને કહેતાં હતાં. હત્યાના બનાવની જાણ થતાં દસ્કોઇ કુહા ગામેથી હત્યાનો ભોગ બનનાર ચૌલાબેનના મોટા ભાઇ શીવાંગભાઇ ત્રિભોવનદાસ પટેલ સહિતના સગા સંબંધીઓ રાજકોટ દોડી આવ્યા હતાં. પોલીસે તેમના ભાઇની ફરિયાદ પરથી ગુનો નોંધવા તજવીજ આદરી હતી. આ બનાવે ઋષીકેશ પાર્ક અને શહેરભરમાં ચકચાર જગાવી દીધી છે.

પોલીસ દ્વારા જે મકાનમાં ઘટના બની તે મકાનની નીચેના ભાગે રહેતા નિલમબેન પિયુષભાઇ દલસાણીયાની પુછપરછ કરાતા તેણે પોલીસને જણાવ્યું હતું કે રાતે લગભગ પોણા બાર આસપાસ અમે દરવાજો બંધ કરી સુવાની તૈયારી કરતાં હતાં અને એ.સી. ચાલુ કર્યુ ત્યાં જ ઉપરના માળેથી અવાજ આવવા માંડયો હતો. કોઇ પગ પછાડતું હોય તેવુ લાગતું હતુ. મેં મારા પતિને કહેતાં તેણે તપાસ કરવા અને ઉપર રહેતાં માસીને કંઇક તકલીફ હશે તેમ કહેતાં અમે બહાર નીકળ્યા હતાં અને તપાસ કરતાં જ અમારા પાછળના મકાનમાં રહેતો કાનજી વાંજા બહાર આવ્યો હતો, તેના હાથ-પગમાંથી લોહી નીકળતાં હોઇ તેને જોઇ પહેલા તો અમે ચોંકી ગયા હતાં. બાદમાં તેને અહિ શું કરે છે? પુછતાં તેણે-આમણે મને બોલાવ્યો હતો તેવું કહ્યું હતું. એ જ વખતે ચૌલાબેન પણ બહાર આવ્યા હતાં અને 'આ મને મારી નાંખશે, મારી નાંખશે' એવી બૂમો પાડી હતી. આ વખતે બીજા પડોશીઓ પણ જાગીને ભેગા થઇ ગયા હતાં. અમે ચૌલાબેન પાસે ગયા હતાં અને તેને પાણી આપતાં તેણે પાણી ગળે નહિ ઉતરે, આણે મારુ ગળુ દબાવ્યું છે તેમ કહ્યું હતું અને બેશુધ્ધ જેવા થઇ ગયા હતાં. તુરંત જ કોઇએ ૧૦૮ બોલાવતાં તેના ડોક્ટરે ચૌલાબેનને મૃત જાહેર કર્યા હતાં. આ વખતે કાનજીએ ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો પણ પડોશીઓએ તેને પકડીને પુરી દીધો હતો. બાદમાં પોલીસ આવી ગઇ હતી.

પોલીસે વધુમાં જણાવ્યું હતુ કે, આરોપી કાનજી ભીમાભાઇ વાંજા ૩૪ વર્ષનો છે અને છુટક કામ કરે છે. તેની પત્નિ નાના મવા રોડ પર ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. કાનજીને સંતાનમાં બે પુત્ર ૧૧ અને ૯ વર્ષના છે. તેની પત્નિએ પોતાને આ ઘટના બાબતે કોઇ જાણકારી નહિ હોવાનું રટણ કર્યુ હતું. કાનજી એકતરફી પ્રેમમાં પાગલ થઇ રાતે બદઇરાદે નર્સના ઘરમાં ઘુસી ગયાની શક્યતા છે. પોલીસે તેની વિશેષ પુછપરછ હાથ ધરી છે.

# રાજકોટમાં શિવાજી સેના આયોજિત સમુહલગ્નમાં કન્યાઓને બોગસ દાગીના પધરાવી દેવાયા

## સુરેન્દ્રનગરના નવદંપતીએ સોની પાસે તપાસ કરાવતા ભાંડો ફુટ્યોઃ આયોજકો વિરુદ્ધ પોલીસમાં અરજી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વસતા નબળા પરિવારોની દીકરીઓ માટે સમાજસેવકો અને દાતાઓ દ્વારા દર વર્ષે નિઃશુલ્ક સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. તેના થકી ગરીબ પરિવારનો આર્થિક ભાર હળવો થઈ જાય છે. પરંતુ હમણાંને હમણાં સામે આવેલી છેતરપિંડીની ઘટનાઓથી હવે ગરીબ પરિવારો પણ સમુહ લગ્નમાં તેમના સંતાનોના લગ્ન કરવા માટે વિચાર કર્યા બાદ પગલું ઉઠાવી રહ્યા છે. તાજેતરમાં રાજકોટ ખાતે સમુહ લગ્નનું આયોજન કરી વર કન્યાને રઝળતા મુકી આયોજકો પોબારા ભણી ગયા હતા. જે વર-કન્યાના લગ્ન પોલીસે કરાવ્યા હતા. ત્યારે આજે સમુહ લગ્નમાં છેતર્યા અંગેની વધુ એક ઘટના સામે આવી છે. થોડા સમય પૂર્વે ૨૭ એપ્રિલના રોજ સર્વજ્ઞાતિય સમુહ લગ્નનું આયોજન થયું હતું. તેમાં તમામ કન્યાઓને સોનાના દાગીના કરિયાવરમાં ભેટ આપવામાં આવ્યા હતા. ત્યારે સુરેન્દ્રનગર રહેતા દંપતિએ તપાસ કરાવતા તમામ દાગીના મેટલના હોવાનું સામે આવતા તેઓ અચરજમાં મુકાઈ ગયા હતા. આયોજકોને પાઠ ભણાવવા માટે દંપતી દ્વારા સુરેન્દ્રનગર પોલીસમાં અરજી પણ આપવામાં આવી છે. ત્યારે હાલ આ મુદ્દો રાજકોટમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

રાજકોટમાં ૨૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ શિવાજી સેના દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્ન યોજવામાં આવ્યા હતા. ત્યારે આ સમુહ લગ્નના આયોજકો સામે વિવાદ સામે આવ્યો છે. શિવાજી સેના દ્વારા આયોજીત સમૂહલગ્નમાં ૫૫૫ નવવધૂઓ જોડાઇ હતી. જે તમામ કન્યાઓને દાતાઓ તરફથી ભેટ સ્વરૂપે સોનાના દાગીના આપવામાં આવ્યા હતા. જો કે, આ દાગીના અસલી નહીં, પરંતુ નકલી હોવાનું બહાર આવતા અનેક પરિવારોમાં રોષની લાગણી ફેલાઈ છે. એટલું જ નહીં શિવાજી સેના સામે છેતરપિંડીની અરજી પણ પોલીસમાં આપવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે સમૂહલગ્નમાં ભાગ લેનારા સુરેન્દ્રનગરના એક પરિવાર દ્વારા સોનાના દાગીનાની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારે તે નકલી હોવાનું જાણવા મળ્યું હતું. આ ખુલાસાથી પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો અને તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી આયોજકો સામે કાર્યવાહી કરવાની માગ કરી છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

### કરિયાવરમાં માત્ર સોનાની ચુક અપાઇ હતી અને તમામ દાગીના દાતાઓ તરફથી અપાતા હોય છેઃ પ્રમુખ વિક્રમ સોરાણી


શિવ સેના આયોજીત સમુહ લગ્નમાં ૫૫૫ દિકરીઓ જોડાઇ હતી. તે તમામ દીકરીઓને પાંચથી છ જેટલા સોનાના દાગીના આપવામાં આવ્યા હતા. ત્યારે આ તમામ દાગીના મેટલના હોવાનું સામે આવતા સુરેન્દ્રનગ-રમાં શીવાજી સેનાના આયોજક વિરુદ્ધ પોલીસમાં અરજી આપવામાં આવી છે. ત્યારે સર્વજ્ઞાતિ સમુહલગ્નના આયોજક અને શિવાજી સેનાના પ્રમુખ વિક્રમ સોરાણીએ જણાવ્યું હતું કે, સમૂહલગ્નમાં સોનાની માત્ર એક 'ચૂક' (નાની બુટ્ટી) જ આપવામાં આવી હતી અને અન્ય કોઈ વસ્તુ સોનાની નહોતી. લગ્નમાં જે લોકો આશીર્વાદ આપવા માટે આવતા હોય છે, તેઓ વર અને કન્યાને પોતાની રીતે ભેટ-સોગાદો આપતા હોય છે. આ સંજોગોમાં જો કોઈને નકલી દાગીના મળ્યા હોય તો તે દાતા દ્વારા આપવામાં આવ્યો હોઈ શકે છે. તેમ છતાં, તેમણે ખાતરી આપી કે જો કોઈ પીડિત પરિવાર તેમની સાથે સંપર્ક કરશે તો તેઓ સોનાની 'ચૂંક' બદલી આપવા માટે તૈયાર છે.

## સરકારી જમીન પર બાંધકામ ખડકી દેવાયું'તું : પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી

# ધારીના પાકિસ્તાની કનેક્શન ધરાવતા મૌલાનાના ગેરકાયદે મદ્રેસા પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

**સમય મિરર | અમરેલી**

અમરેલી જિલ્લાના ધારી ખાતે હિમખડીપરા વિસ્તારમાં આવેલ મદ્રેસામાં કાર્યરત મોલાનાની આડીઅવડી શંકાસ્પદ પ્રવૃતિઓના આધારે તાજેતરમાં અમરેલી એસઓજીએ દરોડો પાડી મોલાનાને અટક કર્યા હતાં. તપાસ દરમિયાન મોલાનાના પાકિસ્તાન કનેક્શન ખુલ્યા હતાં. મોબાઈલમાંથી વાંધાજનક ચેટ પણ મળી આવી હતી. જેથી મોલાનાને અમદાવાદ એટીએસના હવાલે કરાયો હતો. ત્યારે આજે સરકારી જમીન પર ખડકેલા મદ્રેસા ઉપર પોલીસ બંદોબસ્ત સાથે તંત્રનું બુલ્ડોઝર ફરી વળ્યું હતું. હાલ તંત્ર દ્વારા હજુ પણ તપાસ ચાલી રહી છે.



અમરેલીનાં ધારીમાં હીમખડીપરામાં ગેરકાયદે મદરેસા પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. આરોપી મૌલાના મોહમદ ફઝલ શેખ રહેતો હતો તે મદ્રેસા પર બુલડોઝર ચાલ્યું છે. થોડા દિવસ પહેલા પોલીસે મૌલાનાની ધરપકડ કરી હતી. મૌલાનાના મોબાઈલમાં વાંધાજનક ચેટ મળી આવી હતી. વોટ્સએપમાં પાકિસ્તાનના કેટલાક ગ્રુપ મળી આવ્યા હતા, મૌલાનાની શંકાસ્પદ હિલચાલને લઈ સઘન તપાસ કરાઈ હતી. અમરેલી SP અને કલેકટરની ટીમો દ્વારા અલગ અલગ દિશામાં તપાસ કરવામાં આવી હતી. મફત ફાળવેલા પ્લોટમાં મદ્રેસા ઉભી કરવામાં આવી હતી જે અગાઉ સરકારે લાભાર્થીઓને મફત ફ્લેટ ફાળવ્યા હતા. સરકારી જમીન પર ગેરકાયદે મદ્રેસા ઉભું કરી દેવાયું હતું. ત્યારે આજ રોજ તંત્ર દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાશે. ડિમોલિશનને લઈ ધારી શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું છે. ડિમોલિશન સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે. થોડી જ વારમાં ગેરકાયદેસર મદરેસા પર બુલડોઝ ફેરવી ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા છે.

મૌલાના મોહમદફઝલ અબ્દુલઅજીજ શેખના મૂળ રહેઠાણ અંગે કોઈ પુરાવા મળ્યા નથી. પરંતુ તેના મોબાઈલમાંથી ''પાકિસ્તાન'' અને ''અફઘાનિસ્તાન''ના સોશિયલ મીડિયા ગૃપ મળી આવ્યા છે. એસઓજી ની ટીમ દ્વારા મૌલાનાનો મોબાઈલ કબ્જે લઈ તપાસ શરૂ કરવામાં આવી છે. અમરેલીની મદ્રેસામાંથી ઝડપાયેલ શંકાસ્પદ મૌલાનાની પૂછપરછ દરમિયાન તે અમદાવાદ શહેરના જુહાપુરાનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તે કેટલા સમયથી ત્યાં રહેતો હતો. અત્યાર સુધી અહીં કોણ કોણ આવતું હતું. પાકિસ્તાનમાં તેના કોની કોની સાથે સંપર્ક હતા? તે સમગ્ર બાબતોની હાલ તપાસ કરવામાં આવી હતી.

# વડોદરાના લાપત્તા યુવકની કાલોલની કેનાલમાંથી હત્યા કરાયેલી લાશ મળી : મિત્રએ જ મોત નિપજાવ્યું

## પ્રેમ સંબંધમાં આડે આવતા મિત્રનું કટરથી ગળું કાપી હત્યા કરી'તી

**સમય મિરર | વડોદરા**

વડોદરાના દરજીપુરા વિસ્તારમાં રહેતા અને ત્યાંની આરટીઓ કચેરીમાં નંબર પ્લેટ બનાવી લગાવવાનો કોન્ટ્રાક્ટ ધરાવતો યુવાન પાંચેક દિવસથી લાપતા બન્યો હતો. જેની ત્રણેક દિવસ પૂર્વે કાલોલ કનેટિયાની કેનાલમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. જેથી તપાસ દરમિયાન પોલીસે તેના જ મિત્રની ધરપકડ કરી પુછપરછ કરતા તેણે આ હત્યાની કબુલાત આપી હતી. જેનાથી ગર્ભવતી પત્ની અને માતાએ ભારે આક્રંદ સાથે મિત્ર પર ફિટકાર વરસાવ્યો હતો.

વડોદરા શહેરના દરજીપુરાના આરટીઓની નંબર પ્લેટ લગાવવાના કોન્ટ્રાક્ટર દીપેન પટેલની ગુમ થયા બાદ પાંચમાં દિવસે ૭૦ કિમી દૂર કાલોલ કનેટિયાની નર્મદા કેનાલમાંથી લાશ મળી હતી. દીપેનની તેના મિત્રએ જ પ્રેમ સંબંધમાં આડે આવતાં કટરથી ગળું કાપી હત્યા કર્યાનો ૧૨મેના રોજ ઘટસ્ફોટ થયો હતો.



દિપેન પટેલ
મૃતક



હાર્દિક પ્રજાપતિ
હત્યાનો આરોપી

આ ઘરનો આધાર ગુમાવતા માતા અને પત્ની આક્રંદ કરી રહ્યા છે અને નાનકડી દીકરી પિતાને યાદ કર્યા કરે છે, જ્યારે પિતાએ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. દિપેનની પત્ની સોનલબેને કહ્યું કે, હું ગર્ભવતી છું, મારું જે સંતાન આવશે એ કોને પિતા કહેશે. આ ઘટના બાદ આજે પોલીસે આરોપીને સાથે રાખીને ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. બીજી તરફ પત્રકારોની ટીમ મૃતક દિપેનના ઘરે પહોંચી હતી, જ્યાં મૃતકના માતા-પિતા, ગર્ભવતી પત્ની અને સાડા ચાર વર્ષની બાળકી હાજર હતી. પરિવારે હત્યારાને ફાંસીની સજા આપવાની માંગ કરી અને સાથે સાથે હત્યામાં અન્ય ત્રણથી ચાર લોકો સંડોવાયેલા હોવાના આક્ષેપ કરી તેની સામે પણ કાર્યવાહીની માગ કરી છે.

હત્યાના ૩ દિવસ પહેલા જ દિપન પટેલે તેના હાથ ઉપર સાડા ચાર વર્ષની દીકરી વિહાના પગનું ટેટ્ટુ ચિતરાવ્યું હતું. જેમાં દીકરીની જન્મ તારીખ અને નામ પણ લખ્યું હતું. દિપેનની પત્ની પણ ગર્ભવતી છે અને તેમને સાતમો મહિનો ચાલી રહ્યો છે. પરિવારમાં નવા બાળકનું આગમન થવાનું હોવાથી પરિવાર ખૂબ ખુશ હતો, પરંતુ પાડોશમાં રહેતા હાર્દિક પ્રજાપતિએ દિપેનની હત્યા કરી નાખતા પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો છે અને હાર્દિક સામે કડક કાર્યવાહીની માગ કહી રહ્યો છે.

# અમદાવાદમાં પાલતુ શ્વાને મહિલા પર હુમલો કરી ૪ માસની બાળકીને ફાડી ખાધી

## હાથીજણ સર્કલ પાસે યુવતીના હાથમાંથી છટકેલા શ્વાને કાળો કેર વર્તાવ્યો

**સમય મિરર | અમદાવાદ**

શહેરમાં રખડુ શ્વાનની સાથે હવે પાલતુ શ્વાન પણ હુમલા કરતા થઈ ગયા છે. ત્યારે અમદાવાદના હાથીજણ સર્કલ પાસે રાધે રેસીડેન્સી વિસ્તારમાં એક યુવતી તેનું રોટવિલર પાલતુ શ્વાન લઈને નિકળીહતી. જેનો બેલ્ટ હાથમાંથી છટકી જતાં નજીકમાં બાળકીને લઈને જતી મહિલા પર હુમલો કર્યો હતો. જેથી તેના હાથમાં રહેલી બાળકી નીચે પડતા રોટવીલર શ્વાને બાળકીને ફાળી ખાધી હતી. માંડ માંડ તેના સકંજામાંથી બાળકીને લઈ હોસ્પિટલે પહોંચ્યા હતા પરંતુ ડોક્ટરે બાળકીને મૃત જાહેર કરતા ભારે સનસનાટી મચી જવા પામી હતી.



અમદાવાદ શહેરના હાથીજણ સર્કલ પાસે આવેલી રાધે રેસિડેન્સીમાં પાલતું રોટવીલર શ્વાને ૪ મહિનાની બાળકી અને તેની સાથે રહેલા તેના માસી પર હુમલો કરી દેતા બાળકીનું મોત નિપજ્યું છે.

ભૂતકાળમાં આ શ્વાને અન્ય લોકોને પણ નિશાન બનાવ્યા હોવાનું અને સોસાયટીએ આ બાબતે વાંધો રજૂ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે. ચાર મહિનાની બાળકીના મોત બાદ તેના પરિવારજનો વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન પહોંચ્યા છે અને શ્વાનના માલિક સામે કડક પગલાં લેવાની માગ કરી રહ્યા છે. બાળકી પર જે શ્વાને હુમલો કર્યો હતો તે શ્વાનનું AMCમાં રજિસ્ટ્રેશન પર કરાવાયું ન હોવાનું સામે આવ્યું છે. AMCનો CNCD વિભાગ શ્વાનનો કબજો લઈ વેલનેસ સેન્ટરમાં રાખશે અને હેલ્થ રિપોર્ટ કરશે.

રાતના સમયે વિપુલ ડાભીની ચાર મહિના અને ૧૭ દિવસની ઋષિકા નામની બાળકીને લઈને માસી આંટો મારવા નીકળી હતી. આ દરમિયાન ફ્લેટમાં રહેતી યુવતી તેની સાથે પાલતું રોટવીલર બ્રિડનું શ્વાન લઈને નીચે આવી હતી. આ દરમિયાન રોટવીલર હાથમાંથી છટકી ગયું અને બાળકી તથા તેના માસી પર હુમલો કર્યો હતો. એમાં બાળકી તેના માસીના હાથમાંથી છટકીને નીચે પડી ત્યારે રોટવીલરે બાળકીને ફાડી ખાધું હતું. આ અંગે સોસાયટીના રહીશોમાં પણ રોષ જોવા મળ્યો છે. આ મામલે વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવશે.

## આગામી સાત દિવસમાં ૪થી ૫ ડિગ્રી તાપમાન વધી જશે

# રાજ્યમાં ગરમીના વધારા સાથે વધુ બે દિવસ માવઠાંની આગાહી

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાતમાં હજુ ચોમાસુ જૂન માસમાં બેસવાનું છે. હજુ તો વરસાદી સિસ્ટમ પણ સક્રિય થયેલ નથી. તે પૂર્વે ગુજરાતમાં માવઠારૂપી વરસાદ વરસી જતાં ચો તરફ પાણીપાણીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હવે સિસ્ટમ વિખેરાતા ફરી ગરમીનો માહોલ જોવા મળશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. સાથે એવું પણ જણાવ્યું છે કે, હજુ બે દિવસ માવઠારૂપી વરસાદ વરસી શકે છે.

હાલ મે મહિનો ચાલી રહ્યો છે પરંતુ, રાજ્યમાં છેલ્લા એક અઠવાડિયાથી માવઠાંને કારણે તાપમાનમાં ઘટાડો થતા ચોમાસા જેવો માહોલ જામ્યો છે. હવામાન વિભાગે હજી પણ આજે અને આવતીકાલે બે દિવસ રાજ્યના અલગ- અલગ વિસ્તારમાં માવઠાની આગાહી કરી છે. સાથે આગામી સાત દિવસ દરમિયાન તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો વધારો થવાની પણ આગાહી કરી છે. આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, દાદરા નગર હવેલીના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં એટલે કે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં પણ આગાહી કરવામાં આવી છે.

# CBSC ધો. ૧૦-૧૨ બોર્ડનું પરિણામ જાહેર : છોકરીઓ મોખરે

## ધો. ૧૦નું ૯૩.૬૬ ટકા અને ધો. ૧૨નું ૮૮.૩૯ ટકા પરિણામ

**સમય મિરર | રાજકોટ**

ગત ફેબ્રુઆરી માસમાં લેવામાં આવેલી ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાના તાજેતરમાં પરિણામ જાહેર થયા બાદ આજે સીબીએસસી બોર્ડ દ્વારા ધો. ૧૦-૧૨ના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. આ કેન્દ્ર લેવલના બોર્ડમાં સૌથી વધુ દીકરીઓએ બાજી મારી છે.





સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ધોરણ ૧૨ પછી, ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ પણ જાહેર કર્યું છે. આ વખતે ધોરણ ૧૦નું પરિણામ ૯૩.૬૬ ટકા આવ્યું છે. ગયા વર્ષે પરિણામ ૯૩.૬૦ ટકા હતું. એટલે કે આ વખતે ૧૦નું પરિણામ ૦.૦૬% વધુ આવ્યું છે. જો આપણે પ્રદેશવાર CBSE ધોરણ ૧૦ના પરિણામો પર નજર કરીએ તો, ત્રિવેન્દ્રમે બાજી મારી છે. ત્રિવેન્દ્રમમાં ૯૯.૭૯ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ પછી, વિજયવાડાનું પરિણામ ૯૯.૭૯ ટકા આવ્યું છે. ૧૦મા ધોરણની પરીક્ષાઓ ૧૫ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન યોજાઈ હતી. આ વર્ષે લગભગ ૪૪ લાખ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, એટલે કે CBSEએ ધો.૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે. ધો.૧૨માં ૮૮.૩૯% વિદ્યાર્થીઓ પાસ થયા છે. વિદ્યાર્થીઓ બોર્ડની ઓફિશિયલ વેબસાઈટ cbse.gov.in પર જઈને તમારું પરિણામ જોઈ શકે છે.

ધો.૧૨માં ગયા વર્ષની સરખામણીમાં પાસિંગ ટકાવારી ૦.૪૧% વધી છે. છોકરીઓએ છોકરાઓ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. છોકરીઓની પાસ થવાની ટકાવારી ૯૧%થી વધુ હતી, જે છોકરાઓ કરતાં ૫.૯૪% વધુ છે. ધોરણ ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૪ એપ્રિલ દરમિયાન લેવામાં આવી હતી. ૧૭.૮૮ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કુલ ૪૨ લાખ વિદ્યાર્થીએ ધોરણ ૧૦ અને ૧૨ બંનેની પરીક્ષા આપી હતી. પરિણામ જાહેર થયા પછી વિદ્યાર્થીઓ તેમની માર્કશીટ ઓનલાઈન જોઈ શકે છે, પરંતુ આ ફક્ત ટેમ્પરરી છે. વિદ્યાર્થીઓએ તેમની મૂળ માર્કશીટ તેમની સ્કૂલમાંથી મેળવવાની રહેશે.